પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
અબતક ®
સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૫-૮-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૪૭
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

સફળતાના રસ્તે તડકો
જ કામ લાગે છે...
છાયડો મળશે તો અટકી જશો...

મૌસમી ડોલર મોટા ચણા




### શ્રાવણ અડધો વીતી ગયો છતાં મેઘો મન મુકીને મંડાતો નથી

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની ૨૬ ટકા ઘટઃ પાક-પાણીનું ચિત્ર ધુંધળું

## ઓગસ્ટમાં ચાર ઈંચથી પણ ઓછો વરસાદ, હજી એક અઠવાડિયુ સાર્વત્રિક વરસાદની કોઈ જ સંભાવના નથી

**અબતક, રાજકોટ**

અલનીનોની વ્યાપક અસર ગુજરાતમાં જોવા મળી રહી છે. રાજ્યમાં જૂલાઈ માસમાં ૨૨ ઈંચથી પણ વધુ વરસાદ વરસ્યો હતો. ઓગસ્ટ માસમાં આજ સુધીમાં ચાર ઈંચ પણ વરસાદ પડ્યો નથી. અંતિમ અઠવાડિયુ પણ કોરુ જશે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે હાલ રાજ્યમાં સાર્વત્રિક કે ભારે વરસાદ આવે તેવી એક પણ સિસ્ટમ સક્રિય નથી માત્ર હળવાથી મધ્યમ ઝાપટા પડશે રાજ્યમાં હાલ ૪ ટકા વરસાદની ઘટ છે જો કે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૬ ટકા જેટલી વરસાદની ઘટ છે. મોટા ભાગના જળાશયો ખાલી છે. શ્રાવણ માસ અડધો વિતી જવા છતાં મેઘરાજા મન મુકીને મંડાતા નથી. વરસાદ ખેંચાવાના કારણે તમામ પ્રખારની ખાદ્ય સામગ્રીના ભાવમાં અકલ્પનીય વધારો આવી ગયો છે. પાક અને પાણીનું ચિત્ર ધુંધળુ દેખાઈ રહ્યું છે. દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે. જો ભાદરવો ભરપુર નહી રહે તો પાણીનો પોકાર સર્જાશે.

રાજ્યમાં ચોમાસાના આરંભથી અલનીનો અસર કરી રહ્યો છે. જૂન માસમાં માત્ર સવા ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જૂલાઈ માસ સારો રહ્યો હતો જૂલાઈમાં ૫૫૨.૫૭ મીમી પાણી પડ્યુ હતું. ઓગસ્ટમાં અલનીનો વધુ મજબુત બન્યો હતો. ઓગસ્ટના ૨૪ દિવસમાં રાજ્યમાં માત્ર ૯૫.૮૦ મીમી વરસાદ વરસ્યો હતો. હાલ રાજ્યમાં વરસાદની ૪ ટકા ઘટ પ્રવર્તી રહી છે. જેની સામે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૬ ટકા વરસાદની ઘટ જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં વાવણી નિષ્ફળ ગઈ છે. રાજ્યના ૩ તાલુકાઓમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો નથી. જ્યારે ૭ તાલુકામાં પાંચ ઈંચ સુધી વરસાદ પડ્યો છે. સ્થિતિ ખુબ જ ચિંતાજનક બની રહી છે. વરસાદ ખેંચાવાના કારણે જીવન જરૂરિયાતની વસ્તુના ભાવ જેટ ગતિએ વધી રહ્યા છે. હવે ભાદરવો ભરપુર નહી રહે તો રાજ્યમાં પાણીનો પોકાર પણ સર્જાશે.

## વરસાદ ખેંચાતા તમામ ચીજ વસ્તુના ભાવમાં વધારો ભાદરવો ભરપુર નહીં રહે તો પાણીનો પણ પોકાર સર્જાશે

### ૨.૪૭ લાખ હેક્ટરમાં ખરીફ પાકનું વાવેતર ઘટ્યું

રાજ્યમાં વાવણીની સીઝન પૂર્ણ થવા આવી હોવા છતાં છેવટ સુધી વરસાદની અનિશ્ચિતતાના કારણે ખરીફ પાકનું વાવેતર ગત વર્ષની સરખામણીમાં ૨.૪૭ લાખ હેક્ટર વિસ્તાર જેટલું વાવેતર હાલની સ્થિતિએ ઓછું થવા પામ્યું છે. તો કેટલાક જિલ્લામાં જ્યાં ખૂબ ઓછો વરસાદ થયો છે ત્યાં ડાંગર, મગફળી અને કપાસનું વાવેતર વરસાદના અભાવે બળી રહ્યું છે. નજીકના દિવસોમાં સાર્વત્રિક વરસાદની કોઈ આગાહી નહીં હોવાથી ખેડૂતોમાં ચિંતાની સ્થિતિ છે. કૃષિ વિભાગના ૨૪ ઓગસ્ટના આંકડા મુજબ, ચાલુ વર્ષે ૭૮.૫૫ લાખ હેક્ટર વાવેતર થવા પામ્યું છે, જે ૨૦૨૫માં આ સમયગાળામાં ૮૧.૦૨ લાખ વાવેતર હતું. જે ૨,૪૭,૬૮૦ હેક્ટર સરખામણીમાં ઓછું દર્શાવે છે. તો છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતર ૮૫.૩૦ લાખની સરખામણીમાં ૬.૭૫ લાખ હેક્ટર વિસ્તારમાં ઓછું વાવેતર છે. હાલ કુલ ૯૨.૦૮ લાખ હેક્ટર વિસ્તારમાં રાજ્યમાં વાવેતર છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી સહિત ઉત્તર ગુજરાતના કેટલાક તાલુકામાં વાવેતર બળી જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. તેમાં પહેલા ડાંગર અને તે પછી મગફળી, કપાસના વાવેતરને વધુ અસર થવાની ભીતિ (અનુ. આઠમા પાને)

| ક્યાં ઝોનમાં કેટલો વરસાદ | |
|---|---|
| કચ્છ | ૨૯.૨૯ % |
| સૌરાષ્ટ્ર | ૫૬ % |
| ઉત્તર ગુજરાત | ૫૬.૨૩ % |
| પૂર્વ-મધ્ય ગુજરાત | ૭૪.૮૮ % |
| દક્ષિણ ગુજરાત | ૧૦૩.૩૧ % |
| રાજ્યમાં સરેરાશ વરસાદ | ૭૫.૨૧ % |


# ફક્ત એક દશકામાં ૫ કરોડ એકર જમીન નવસાધ્ય થઈ

## ગુજરાતમાં પણ ૪૨ લાખ એકર ખરાબ જમીનને પૂનઃ સ્થાપિત કરાઈઃ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા મોંગોલિયામાં યુએન કોન્ફરન્સમાં જાહેર કરાઈ વિગતો

**અબતક, નવી દિલ્હી**

ભારતે ૨૦૧૧ થી ૨૦૨૦ ના સમયગાળા દરમિયાન લગભગ ૨૨ મિલિયન હેક્ટર એટલે કે અંદાજે ૫ કરોડ એકર ખરાબ અને જંગલવિહોણી જમીન પુનઃસ્થાપિત કરી છે. ૨૦૩૦ સુધીમાં ૨૬ મિલિયન હેક્ટર જમીન પુનઃસ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે આ એક મોટી ઉપલબ્ધિ છે. સોમવારે મોંગોલિયાના ઉલાનબાતરમાં યુએન કોન્ફરન્સના ૧૭મા સત્રને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ માહિતી આપી હતી.

રોજગારી અને આર્થિક વિકાસ તેમણે જણાવ્યું હતું કે આ પુનઃસ્થાપનના પ્રયાસોથી ૨૦૧૧-૨૦ દરમિયાન આશરે ૧.૨ અબજ માનવ-દિવસની રોજગારી ઊભી થઈ છે. આ આંકડા દર્શાવે છે કે જમીન સુધારણાથી પર્યાવરણીય અને સામાજિક-આર્થિક બંને પરિણામો મળી શકે છે, જેનાથી રોજગારીનું સર્જન થાય છે અને ગ્રામીણ આજીવિકાને ટેકો મળે છે.



રાજ્યોનું પ્રદર્શનઃ ગુજરાતમાં ૧.૭ મિલિયન હેક્ટર એટલે કે ૪૨ લાખ એકર જમીન સુધરી ભારતના જમીન પુનઃસ્થાપનના બીજા પ્રોગ્રેસ રિપોર્ટ અનુસાર, ૨૦૧૧-૨૦૨૦ વચ્ચે તેલંગાણાએ સૌથી વધુ ૪.૨ મિલિયન હેક્ટર ખરાબ જમીન સુધારી છે. ત્યારબાદ મધ્યપ્રદેશ (૩.૮ મિલિયન હેક્ટર), ઓડિશા (૨.૬ મિલિયન હેક્ટર), ગુજરાત (૧.૭ મિલિયન હેક્ટર) અને આંધ્રપ્રદેશ (૧.૬ મિલિયન હેક્ટર) નો નંબર આવે છે. આ સુધારણા વનીકરણ, જળ સંસાધન વ્યવસ્થાપન, ટકાઉ ખેતી પદ્ધતિઓ અને મેન્ગ્રોવ પુનઃસ્થાપન દ્વારા કરવામાં આવી છે.

દેશની ૨૯.૮% જમીન હજુ પણ ખરાબ સ્થિતિમાં 'ઈન્ડિયાઝ ડેઝર્ટિફિકેશન એન્ડ લેન્ડ ડિગ્રેડેશન એટલાસ' દર્શાવે છે કે દેશના ભૌગોલિક વિસ્તારની લગભગ ૨૯.૮% (૯૭.૮ મિલિયન હેક્ટર) જમીન બંજર અથવા ખરાબ સ્થિતિમાં છે. આ ખરાબ જમીનનો ૮૨% હિસ્સો માત્ર નવ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલો છે, જેમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને તેલંગાણાનો સમાવેશ થાય છે.

નાણાકીય સહાય પર ભાર મંત્રીએ 'સોવરિન ગ્રીન બોન્ડ્સ' અને 'ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ' જેવી નાણાકીય વ્યવસ્થાઓ પર પ્રકાશ પાડ્યો હતો જે સરકારી અને ખાનગી સંસ્થાઓને ખરાબ જમીનના પુનઃસ્થાપન માટે ભંડોળ પૂરું પાડે છે. જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘરેલુ સંસાધનો પૂરતા નથી અને જમીન પુનઃસ્થાપન તથા દુષ્કાળ સામે લડવા માટે પર્યાપ્ત અને સતત આંતરરાષ્ટ્રીય નાણાકીય સહાયની જરૂર છે.

# ખાંડ પછી ગોળનું "ગળપણ" પણ મોંઘુ!!

## બજારમાં પુરવઠો ઘટ્યો છે અને આગામી વર્ષે શેરડીના ઉત્પાદનમાં ઘટાડો થવાની પણ સંભાવના છે

**અબતક, રાજકોટ**

ચા-નાસ્તાથી લઈને રસોડાની મીઠાઈઓ સુધી દરેક જગ્યાએ સ્વાદ વધારતો ગોળ હવે પોતે જ મોંઘોદાટ બન્યો છે.રસોડામાં ગળપણ લાવતી મુખ્ય ચીજવસ્તુઓમાં ગણાતો ગોળ હવે સામાન્ય લોકોના બજેટમાં કડવાશ ફેલાવી રહ્યો છે.છેલ્લા પખવાડિયામાં જ ગોળના ભાવમાં ૨૫% થી ૩૦% સુધીનો તોતિંગ વધારો નોંધાયો છે.

મહારાષ્ટ્રમાં ભેળસેળયુક્ત ગોળ બનાવતા એકમો સામે સરકારી તંત્ર દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવતાં છેલ્લા ત્રણ મહિનામાં બજારમાં ગોળનો પુરવઠો ઘટી ગયો છે. ગોળના ભાવ હંમેશા ખાંડના ભાવની સાથે ચાલે છે, અને હાલ ખાંડના ભાવ પણ ઊંચા છે. બજારમાં પુરવઠો ઘટ્યો છે અને આગામી વર્ષે શેરડીના ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. ઓક્ટોબરમાં જ્યારે નવો ગોળ બજારમાં આવશે ત્યાં સુધી ભાવ ઊંચા અને મજબૂત રહેવાની શકયતા છે, એટલું જ નહીં પરંતુ ૨૦૨૭ સુધી આ મોંઘવારી યથાવત રહી શકે છે.



દિવાળી અને અન્ય તહેવારો નજીક છે ત્યારે ગોળનો વપરાશ વધતો હોય છે, જેથી ગોળમાંથી બનતી ચીકી, લવાજમ અને અન્ય મીઠાઈઓની કિંમતમાં મોટો વધારો થશે. ખાસ કરીને તહેવારોની મોસમ બારણે દસ્તક દઈ રહી છે ત્યારે આ મોંઘવારી સામાન્ય માનવીના રસોડાનું બજેટ ગરબડાવી રહી છે.

### મોંઘવારી વચ્ચે અનાજના ભંડાર છલકાયા

# ઘઉં નિકાસની છૂટ અપાઈ, મિલરોને બખ્ખા

## ૪ વર્ષ બાદ કેન્દ્ર સરકારે છુટ જાહેર કરી, સ્થાનિક બજારમાં ભાવ ઘટતા ખેડૂતોના હિતમાં લેવાયો નિર્ણય, આગામી રવી સીઝનમાં ફાયદો થવાની આશા

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે ઘઉં અને તેની બનાવટોની નિકાસ પર લાગેલો પ્રતિબંધ ૪ વર્ષ બાદ હટાવી લીધો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા જારી કરાયેલા જાહેરનામા મુજબ, ઘઉં, લોટ, મેંદો અને રવો/સૂજી વગેરેને પ્રતિબંધિત શ્રેણીમાંથી મુક્ત શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે.

મે ૨૦૨૨ માં હીટ વેવના કારણે પાકને થયેલા નુકસાન અને સ્થાનિક બજારમાં ભાવ વધારાને નિયંત્રિત કરવા માટે સરકારે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ફૂડ સેક્રેટરી સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે હાલમાં સ્થાનિક બજારમાં ઘઉંના ભાવ નીચા છે, તેથી નિકાસને મંજૂરી આપવાથી બજારભાવ વધશે અને ખેડૂતોને આગામી રવી સીઝનમાં સારા વાવેતર માટે પ્રોત્સાહન મળશે.

આ વર્ષની શરૂઆતમાં, સરકારે આંશિક રીતે ૫૦ લાખ ટન ઘઉં અને ૧૦ લાખ ટન ઘઉંની બનાવટોની નિકાસને મંજૂરી આપી હતી. અગાઉ લાયસન્સ દ્વારા નિકાસ થતી હતી જે પ્રક્રિયા હવે સરળ બનાવવામાં આવી છે. મંજૂર કરાયેલા ૬૦ લાખ ટનમાંથી અત્યાર સુધીમાં ૨.૫ લાખ ટનની નિકાસ થઈ ચૂકી છે.

ગ્રાહકો પર આ નિર્ણયની અસર અંગે વાત કરતા સંજીવ ચોપરાએ ખાતરી આપી હતી કે દેશમાં માંગને પહોંચી વળવા અને ભાવને નિયંત્રણમાં રાખવા માટે ઘઉંનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. સરકારી એજન્સી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસે હાલમાં ૪૯ મિલિયન ટન ઘઉંનો બફર સ્ટોક છે. વર્ષ ૨૦૨૫-૨૬ ના પાક (અનુ. આઠમા પાને)

# બેંકના લોકરની વસ્તુની નુકશાનીમાં વળતર કેટલું?

## લોકરમાં કરોડોની કિંમતનો સામાન હોય તો પણ બેંકની વળતરની જવાબદારી મર્યાદિત

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે ગ્રાહકો સોનું, કિંમતી ઘરેણાં કે અગત્યના દસ્તાવેજો સુરક્ષિત રાખવા માટે બેંક લોકર પર પૂરો ભરોસો મૂકતા હોય છે. પરંતુ મોટાભાગના ગ્રાહકો એ બાબતથી અજાણ હોય છે કે લોકરની અંદર તમે શું મુકેલું છે તેનો બેંક પાસે કોઈ હિસાબ કે રેકોર્ડ હોતો નથી. તાજેતરમાં ફાઈનાન્શિયલ એજ્યુકેટર અને સેબી-રજિસ્ટર્ડ વિશ્લેષક મોસમ નાગપાલે આરબીઆઈના લોકર સંબંધી નિયમો અને બેંકની મર્યાદિત જવાબદારી અંગે વિગતવાર માહિતી આપી છે.

આરબીઆઈના સુધારેલા નિયમો અનુસાર, જો બેંકની બેદરકારી, આગ, ચોરી, ઘરફોડી, ધાડ કે બિલ્ડિંગ ધરાશાયી થવા જેવી ઘટનાઓને કારણે લોકરના સામાનને નુકસાન થાય, તો બેંકની જવાબદારી માત્ર લોકરના વાર્ષિક ભાડાના ૧૦૦ ગણા સુધી જ મર્યાદિત રહેશે. ઉદાહરણ તરીકે, જો તમારા લોકરનું વર્ષનું ભાડું ₹૨,૦૦૦ હોય, તો ચોરીના કિસ્સામાં બેંક તમને વધુમાં વધુ ₹૨ લાખ (૨,૦૦૦ સ ૧૦૦)નું જ વળતર આપશે. તમારા લોકરમાં ₹૨૦ લાખનું સોનું હોય કે ₹૧ કરોડના મિલકતના કાગળો હોય, બેંકની જવાબદારી સામાનની વાસ્તવિક કિંમત પર નહીં પરંતુ માત્ર તેના વાર્ષિક ભાડા પર જ નક્કી થાય છે.

આ ઉપરાંત, આરબીઆઈ એ સ્પષ્ટ કરે છે કે બેંક ખાતા કે એફડીની (અનુ. આઠમા પાને)

# તહેવારો નજીક આવતા સોનાની અવિરત તેજી જવેલર્સને "ઝાંખપ" લાવી દેશે?

## સોનાનો ભાવ રૂ.૧.૭૦ લાખની ઐતિહાસિક સપાટીએ પહોંચતા નવરાત્રી અને દિવાળી પૂર્વે ખરીદદારોના બજેટ ખોરવાયા

**અબતક, અમદાવાદ**

આગામી તહેવારો અને લગ્નસરાની સિઝન પૂર્વે સોનાના ભાવમાં આવેલી રેકોર્ડબ્રેક તેજીએ જ્વેલર્સ અને ગ્રાહકો બંનેની ચિંતા વધારી દીધી છે. અમદાવાદના સ્થાનિક બજારમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામે ₹૧.૭૦ લાખની ઐતિહાસિક સપાટીએ પહોંચી જતાં તહેવારોની રોનક વચ્ચે બુલિયન માર્કેટમાં મંદીનો માહોલ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. સામાન્ય રીતે નવરાત્રી, દશેરા અને દિવાળી પૂર્વે સોનાના દાગીનાની ધૂમ ખરીદી નીકળતી હોય છે, પરંતુ આ વખતે આકાશને આંબી ગયેલા ભાવોને કારણે ગ્રાહકો ખરીદીથી અંતર જાળવી રહ્યા છે.

વૈશ્વિક અનિશ્ચિતતા અને બોન્ડ યીલ્ડ બન્યા કારણ

બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, યુએસ ટ્રેઝરીના નિર્ણયોને પગલે બોન્ડ યીલ્ડમાં ઘટાડો થતાં સોના તરફ રોકાણકારોનું આકર્ષણ વધ્યું છે. આ ઉપરાંત, અમેરિકા-ઈરાન વચ્ચે વધેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માગ વધતાં વૈશ્વિક સ્તરે ભાવ ઉછળ્યા છે, જેની સીધી અસર સ્થાનિક બજાર પર પડી રહી છે.

ગ્રાહકોનું બજેટ ખોરવાયું, ખરીદીની પદ્ધતિ બદલાઈ

ઊંચા ભાવોના કારણે મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ગ્રાહકો હવે ૨૨ કેરેટના પરંપરાગત ઘરેણાં ખરીદવાને બદલે ૯ કેરેટ અને ૧૪ કેરેટ તેમજ ચાંદીની જ્વેલરી તરફ વળી રહ્યા છે.રોકડમાં નવી ખરીદી કરવાને બદલે ઘરમાં પડેલું જૂનું સોનું આપીને લાઈટવેઈટ જ્વેલરી ખરીદવાનો ટ્રેન્ડ વધ્યો છે.ગ્રાહકો ખરીદી તદ્દન ટાળવાને બદલે નિશ્ચિત બજેટ મુજબ વજન ઘટાડીને ખરીદી કરી રહ્યા છે.



તહેવારો નજીક આવી રહ્યા હોવા છતાં શોરૂમ્સમાં પૂછપરછ સિવાય વાસ્તવિક ઉપાડ ઓછો રહેતાં જ્વેલર્સ માટે આ તેજી લાભદાયી રહેવાને બદલે વેપારમાં ઝાંખપ લાવી દેશે તેવી શક્યતાઓ પ્રબળ બની છે.

### અમેરિકાની યુનિવર્સિટીમાં ભારતીયોનો "ક્રેઝ" ઘટ્યો

# ટ્રમ્પની વિદેશી વિદ્યાર્થીઓ ઉપરની ટ્રેપ અમેરિકાને "મોંઘી" પડી રહી છે

## કડક વિઝા નિયમો અને અનિશ્ચિતતાના પગલે ભારતીય અરજીઓમાં ૧૫ ટકાનો મોટો ઘટાડોઃ અમેરિકી અર્થતંત્રને અબજો ડોલરનું નુકસાન થવાની ભીતિ

**અબતક, રાજકોટ**

અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું સપનું જોતા ભારતીય વિદ્યાર્થીઓના ઉત્સાહમાં મોટો ઓટ આવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાગુ કરવામાં આવેલી કડક ઈમિગ્રેશન અને વિઝા નીતિઓ હવે ખુદ અમેરિકા માટે જ આર્થિક બોજ સાબિત થઈ રહી છે. ૧,૧૦૦થી વધુ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા 'કોમન એપ'ના તાજેતરના રિપોર્ટ મુજબ, અમેરિકન કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ભારતીય વિદ્યાર્થીઓની અરજીઓમાં ૧૫ ટકા નો મોટો કડાકો નોંધાયો છે.

અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓને અંકુશમાં રાખવા માટે લવાયેલા નવા નિયમો મુખ્ય અવરોધ બન્યા છે પરંપરાગત "ડ્યુરેશન ઓફ સ્ટેટસ" નિયમ સમાપ્ત કરી વિદ્યાર્થી વિઝા પર રોકાણ મહત્તમ ૪ વર્ષ સુધી સીમિત કરવાની જોગવાઈ કરાઈ છે. અભ્યાસ બાદ ત્યાં કામ કરવાની તક આપતા 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ' પ્રોગ્રામ માટે ૧,૦૦,૦૦૦ ડોલર જેવી તોતિંગ ફી વસૂલવાની વિચારણાથી ભારતીય વિદ્યાર્થીઓમાં અનિશ્ચિતતા અને ભય ફેલાયો છે. (અનુ. આઠમા પાને)

# ભારતીય સેટેલાઈટ કોમ્યુનિકેશનની હરીફાઈમાં સ્ટારલિંક બાદ સિંગાપોરની કંપનીને રસ જાગ્યો

## સિંગાપોર ટેલિકોમ્યુનિકેશનએ ભારતમાં સેટેલાઈટ સેવાઓ શરૂ કરવા કેન્દ્ર સરકાર પાસે એફડીઆઈની મંજૂરી માંગી

**અબતક, નવી દિલ્હી**

ભારતના ઝડપથી વિકસતા અને અપાર સંભાવનાઓ ધરાવતા સેટેલાઈટ કોમ્યુનિકેશન માર્કેટમાં વૈશ્વિક દિગ્ગજો વચ્ચે સ્પર્ધા તેજ બની રહી છે. એલોન મસ્કની સ્ટારલિંક બાદ હવે સિંગાપોરની અગ્રણી ટેલિકોમ કંપની સિંગટેલ ભારતીય સેટેલાઈટ સ્પેસમાં પ્રવેશવા માટે સક્રિય બની છે.

સિંગાપોર સરકારી રોકાણ ફર્મ ટેમાસેક હોલ્ડિંગ્સની બહુમતી માલિકી ધરાવતી સિંગટેલે ભારતમાં સેટેલાઈટ સંચાર સેવાઓ શરૂ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મંજૂરી માંગી છે.

સિંગટેલ પોતાની સંપૂર્ણ માલિકીની પેટાકંપની સિંગાપોર ટેલિકોમ ઈન્ડિયા મારફતે સરકારી અને ખાનગી એન્ટરપ્રાઈઝિસને લક્ષ્ય બનાવીને આ સેવાઓ આપશે. ભારતમાં બે દાયકાથી કાર્યરત હોવા છતાં, સેટેલાઈટ સેક્ટરમાં પ્રવેશ કરવા માટે કંપનીને નવા એફડીઆઈ ક્લિયરન્સની જરૂરિયાત છે.સિંગટેલ વૈશ્વિક સ્તરે આશરે ૩૬ થી ૩૮ જીઓ-સ્ટેશનરી સેટેલાઈટ્સના નેટવર્ક તેમજ એલોન મસ્કના સ્ટારલિંક જેવા અગ્રણી પ્લેયર્સ સાથે ભાગીદારી કરીને ભારતમાં હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પૂરી પાડવાનું આયોજન ધરાવે છે.

સિંગટેલ ભારતના બીજા સૌથી મોટા ટેલિકોમ ઓપરેટર ભારતી એરટેલમાં ૨૬.૮૫ ટકા જેટલો પ્રત્યક્ષ અને પરોક્ષ હિસ્સો ધરાવે છે.

ભારતીય સેટકોમ સેક્ટરમાં એલોન મસ્કની સ્ટારલિંક , જેફ બેઝોસની એમેઝોન લિયો , રિલાયન્સ જિયો અને ભારતી ગ્રૂપ સમર્થિત યુટેલ્સટ ઓનવેબ (અનુ. આઠમા પાને)

### કુદરતી બાયો-મેગ્નેટિક એનર્જી બૂસ્ટર

# રૂદ્રાક્ષ અને શિવજી: આસ્થા, આધ્યાત્મિકતા અને પરંપરાનું પવિત્ર જોડાણ

## રૂદ્રાક્ષ એકથી ચૌદ મુખી સુધી જોવા મળે છે, જેના સંસ્કૃત ભાષામાં અનેક નામ જોવા મળે છે તેના ચાર વર્ણનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે, જેમાં સફેદ, પીળા, લાલ અને કાળા રંગોમાં જોવા મળે છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦


રૂદ્રાક્ષ હિંદુ ધર્મમાં ભગવાન શિવ સાથે ગાઢ રીતે જોડાયેલું પવિત્ર બીજ માનવામાં આવે છે. 'રૂદ્રાક્ષ' નો અર્થ 'રુદ્ર એટલે શિવના અશ્રુ' એવો ધાર્મિક અર્થ થાય છે અને પરંપરા મુજબ તે શિવજીના આંસુઓમાંથી ઉત્પન્ન થયું હોવાનું માનવામાં આવે છે. રૂદ્રાક્ષના દાણા પર દેખાતી કુદરતી રેખાઓને 'મુખી' કહેવામાં આવે છે અને તેના આધારે એકમુખીથી લઈને અનેકમુખી રૂદ્રાક્ષના પ્રકારો ઓળખાય છે; તેમાં પાંચમુખી રૂદ્રાક્ષ સૌથી સામાન્ય છે. ધાર્મિક માન્યતા મુજબ વિવિધ મુખી

રૂદ્રાક્ષનું શિવના વિવિધ સ્વરૂપો તથા આધ્યાત્મિક ગુણો સાથે પ્રતીકાત્મક જોડાણ છે. રૂદ્રાક્ષની માળા જપ, ધ્યાન અને પૂજામાં ઉપયોગમાં લેવાય છે, રૂદ્રાક્ષ માત્ર ધાર્મિક આસ્થા અને શિવભક્તિનું પ્રતીક જ નહીં, પરંતુ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં સદીઓથી જળવાયેલું એક રસપ્રદ કુદરતી વારસો પણ છે.

શિવજીની આરાધના અને રૂદ્રાક્ષને અનેરો સંબંધ છે. શિવપુરાણ મુજબ ભોળાનાથ જ્યારે તપ કરતા હતા, ત્યારે તેમની આંખ ઉઘડીને તેમાંથી અશ્રુબિંદુ નીકળીને પૃથ્વી પર પડતા ત્યાં વૃક્ષ ઉત્પન થયું તે રૂદ્રાક્ષનું વૃક્ષ કહેવાય છે. પંચમુખી રૂદ્રાક્ષનું મહત્વ વધારે છે. રૂદ્રાક્ષ શિવ સ્વરૂપ હોવાથી શિવજીના ભક્તોને તુરંત ફળ આપે છે. તેની પૂજા-વિધી અભિષેક કરીને તેને ધારણ કરવો જોઈએ. રૂદ્રાક્ષને શ્રાવણ માસમાં ધારણ કરવો સૌથી શ્રેષ્ઠ છે. આપણાં શાસ્ત્રોમાં પણ તેના ચાર વર્ણનો ઉલ્લેખ જોવા મળે છે. તે એક પ્રકારનું બીજ છે. તેના ઝાડ મોટા થાય છે. રૂદ્રાક્ષના ફળમાંના બી ને રૂદ્રાક્ષ કહેવાય છે. તે સફેદ, લાલ, કાળા અને પીળા રંગમાં જોવા મળે છે. આપણાં દેશમાં બંગાળ, આસામ, કોંકણ અને નેપાળમાં તેના વૃક્ષો જોવા મળે છે.

રૂદ્રાક્ષ એકથી ચૌદ મુખી સુધી તો ૧૫ થી ૨૧ મુખીના પણ જોવા મળે છે, સંસ્કૃત ભાષામાં તેના અનેક નામો જોવા મળે છે. તેના પાન સાત-આઠ આંગળ લાંબાને કિનારીએ થોડા જાડા જોવા મળે છે. નવા પાનમાં રૂવાટી હોય છે જે પાછળથી ખરી જાય છે. તેના ફળમાં પાંચ ખાના હોય છે, દરેક ખાનામાં એક નાનું બીજ હોય છે. જેવી રીતે પુરૂષોમાં વિષ્ણુ, ગ્રહોમાં સૂર્ય, નદીઓમાં ગંગા, મુનિઓમાં કશ્યપ, દેવીઓમાં ગૌરી શ્રેષ્ઠ છે. તેવી જ રીતે માળાઓમાં રૂદ્રાક્ષની માળા શ્રેષ્ઠ છે.

ભગવાન શિવજીની આરાધનામાં તેનું વિશેષ મહત્વ છે. શિવપુરાણમાં ભગવાન શિવજીએ કાર્તિકેયને કહ્યું હતું કે મારા અશ્રુજળમાંથી રૂદ્રાક્ષનાં ૩૮ પ્રકારના વૃક્ષો થયા, તેમાં સૂર્યરૂપ નેત્રમાંથી બાર પિંગળા રંગના, ચંદ્ર નેત્રમાંથી સોળ ધોળા રંગના અને અગ્નિરૂપમાંથી દસ કૃષ્ણ રંગના રૂદ્રાક્ષ થયા હતાં. આયુર્વેદ શાસ્ત્રોના અર્થ મુજબ તે ઉષ્ણ તથા રૂચિકાર છે. જે ઔષધ તરીકે પણ વપરાય છે. રૂદ્રાક્ષ, વાયુ, કફ, માથાની પીડા, ભૂત બાધા અને ગૃહ બાધા નાશ



કરે છે એમ લોકવાયકા છે.

શિવ પુરાણ અનુસાર સ્ત્રીઓ અને કોઈપણ જાતિ-જ્ઞાતિના વ્યક્તિ રૂદ્રાક્ષ કે તેની માળા ધારણ કરી શકે છે. આખો શ્રાવણ માસ અને અમાવસ્યાના દિવસે રૂદ્રાક્ષ ધારણ કરવાથી ભક્તોને ઈષ્ટ સિધ્ધી પ્રાપ્ત થાય છે. બધા દેવોને જીતી લેનાર ત્રિપુર નામના દૈત્યનો સંહાર કરવા બધા દેવોએ મહાદેવને પ્રાર્થના કરી ત્યારે ભોળાનાથે અઘોર નામના મહાશસ્ત્રનું ચિંતન કરીને ઘોર તપ કર્યું હતું. રૂદ્રાક્ષ આશરે ૧ મી.મી. થી ૩૫ મી.મી. સુધીના જોવા મળે છે. પંચમુખી રૂદ્રાક્ષ તન-મનની શાંતિ સાથે આધ્યાત્મિક ઉંચાઈનો અનુભવ કરાવે છે. નવ મુખી રૂદ્રાક્ષ ભૈરવ સ્વરૂપ અને દેવી સ્વરૂપ મનાય છે. તે અતિ લાભકારી છે.

રૂદ્રાક્ષ શબ્દની સંધી છૂટી પાડો તો રૂદ્ર + અક્ષી થાય, જેનો અર્થ રૂદ્ર એટલે ભગવાન શિવ અને અક્ષી એટલે આંખ. ભગવાન શિવના આંસુ પૃથ્વી પર પડ્યાને વૃક્ષો બન્યા જેનું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહત્વ વધારે છે. રૂદ્રાક્ષનું વર્ણન શિવમહાપુરાણ, લિંગ પૂરાણ, પદ્મપૂરાણ, ઉડિસ તંત્ર જેવા અન્ય ગ્રંથોમાં જોવા મળે છે. શિવ એક સર્વશક્તિ માન હોવાથી બધા દેવોમાં મહાન છે, તેથી જ તેને દેવોના દેવ 'મહાદેવ' કહેવાય છે. તે જન્મથી મૃત્યુ સુધીના ચક્રને અંકુશ કરે છે, તો ભાષા, કલા, નૃત્ય, સંગીત, યોગ, આયુર્વેદ અને ઔષધિ તેમજ વનસ્પતિ શાસ્ત્રના જનક છે, માટે રૂદ્રાક્ષના જનક પણ મહાદેવ જ છે. તેના ચૂર્ણથી ઘણા બધા રોગોમાં મેડિકલ સાયન્સને સારા પરિણામો મળ્યા છે. રૂદ્રાક્ષમાં હકારાત્મક એનર્જી સાથે વિદ્યુતશક્તિ હોય છે. જે મન, શરીરને પોઝીટીવીટી આપે છે. રૂદ્રાક્ષ પહેરતા પહેલા તેના મુખ વિશે જાણવું જરૂરી છે. માન્યતા મુજબ રૂદ્રાક્ષ દરેક પ્રકારના અમંગલથી બચાવે છે. તેની ખાસીયતમાં એમાં એક અલગ પ્રકારનું સ્પંદન જોવા મળે છે. જે તમારી ઉર્જા માટે સુરક્ષા કવચ બનાવી દે છે, જેનાથી બહારની ઉર્જા તમને પરેશાન કરતી નથી. હિમાલયની પર્વત માળામાં ચોક્કસ ઉંચાઈએ તેના વૃક્ષો ઉગે છે. જો કે તેના બહુ ઓછા બચ્યા છે. જેમાં નેપાળ, બર્મા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા સાથે દક્ષિણ ભારતના પશ્ચિમ ઘાટના કેટલાક ભાગોમાં તેના વૃક્ષો જોવા મળે છે.

રૂદ્રાક્ષની માળા બધા બીજને પરોવીને ૧૦૮ વત્તા એક એટલે કુલ ૧૦૯ ની માળા બને છે. જેમાં ૧૦૮નો વધારાનો મણકો એ બિંદુ કહેવાય છે. દરેક માળામાં બિંદુ હોવું જોઈએ. જે ઉર્જાશકિત સાથે જોડાયેલું છે. સ્નાન કરતી વખતે તેના ઉપરથી પડતું પાણી સમગ્ર શરીરને લાભકર્તા હોય છે. રેશમી કે સુતરાવ દોરામાં માળા બનાવવા ને દર છ માસે દોરો બદલી નાખવો. રૂદ્રાક્ષની માળા પહેરવાના અનંત ફાયદાઓ છે. પંચમુખી રૂદ્રાક્ષની માળા કલ્યાણ, આરોગ્ય અને મુક્તિ માટે છે. બી.પી.ના દર્દીઓને ઘણી રાહત આપે છે. આજકાલ તો રૂદ્રાક્ષ જેવા દેખાતાની માળાઓ બજારમાં ધૂમ વેચાઈ રહી છે. જે કશો જ ફાયદા કરતું નથી. લોકો ડુપ્લીકેટ રૂદ્રાક્ષનો ધંધો કરવા લાગ્યા છે. અસલ રૂદ્રાક્ષનો જ આગ્રહ રાખવો હિતાવહ છે. રૂદ્રાક્ષની અસલ કે નકલીની પહચાન કરવી મુશ્કેલ છે.

### તેમાં રહેલા બાયો-મેગ્નેટિક ગુણો શરીરના ચેતાતંત્રને શાંત રાખવામાં અને એકાગ્રતામાં કરે છે વધારો

કુદરતનું ઈલેક્ટ્રોમેગ્નેટિક કવચ સમા રુદ્રાક્ષ પાછળના વિજ્ઞાનમાં તે ફક્ત ધાર્મિક કે આધ્યાત્મિક પ્રતીક નથી, પણ વૈજ્ઞાનિક રીતે પણ અનન્ય ગુણધર્મો ધરાવે છે. વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ 'એલિઓકાર્પસ ગેનિટરસ' નામના વૃક્ષના આ બીજમાં વિશિષ્ટ ઈલેક્ટ્રોમેગ્નેટિક શક્તિ હોય છે. વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે રુદ્રાક્ષ 'ડાઈ-ઈલેક્ટ્રિક' ગુણધર્મ ધરાવે છે, જે શરીરમાં વધારાની વિદ્યુત ઉર્જાને સંગ્રહિત કરી તેને સંતુલિત કરવામાં મદદ કરે છે. જ્યારે તે ત્વચાના સંપર્કમાં આવે છે, ત્યારે તે હૃદયના ધબકારા અને રક્તસંચારને નિયંત્રિત કરવામાં મદદરૂપ બને છે, જેનાથી તણાવ, ચિંતા અને બ્લડ પ્રેશરમાં ઘટાડો થાય છે. આ ઉપરાંત, તેમાં રહેલા બાયો-મેગ્નેટિક ગુણો શરીરના ચેતાતંત્રને શાંત રાખવામાં અને એકાગ્રતા વધારવામાં મદદ કરે છે.

**રૂદ્રાક્ષનું બીજ સો વર્ષ સુધી સડતું નથી: શિવ પુરાણમાં સ્ત્રીઓને પણ રુદ્રાક્ષની માળા ધારણ કરવાની સંમતિ દર્શાવેલ છે : તે પહેરવાથી બ્લડપ્રેશર અને ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે: જેવી રીતે પુરૂષોમાં વિષ્ણુ, ગ્રહોમાં સૂર્ય, નદીઓમાં ગંગા, મુનિઓમાં કશ્યપ, દેવીઓમાં ગૌરી શ્રેષ્ઠ છે. તેવી જ રીતે માળાઓમાં રૂદ્રાક્ષની માળા શ્રેષ્ઠ છે**

# ગોંડલ દાઊદી વ્હોરા સમાજ દ્વારા ઈદે મિલાદુન્નબી નિમિતે ભવ્ય જુલુસ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ખાતે ઈસ્લામ ના પયગમ્બર સાહેબ રસુલલ્લાહ સાહેબ ના જન્મદિવસ ની ઉજવણી રૂપે દાઊદી વ્હોરા સમાજ દ્વરા ગોંડલ ના રાજમાર્ગો પર અમીલસાહેબ શેખ અબ્બાસભાઈ નજમી સાહેબ ની આગેવાનીમાં ભવ્ય ઝૂલુસ નીકળ્યું હતું. આ ઝૂલુસ નાં આયોજન માં અંજુમને જમાત કમિટી એ જહેમત ઉઠવેલ હતી રાજ માર્ગો પર ઝૂલુસ દરિમિયાન કડિયા લાઈન માં ચા- બિસ્કિટ નું અને ટાઉન હોલ ની સામે કેક અને સરબત નું આયોજન કરવામાં આવેલ હતું.




# જસદણમાં સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા કાલે ઈદે મિલાદની કરાશે ઉજવણી

### મુસ્લિમ બિરાદરો પોતાના ધંધા રોજગાર બંધ રાખી જુલુસમાં જોડાશે

**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

જેમના નામનું ઉચ્ચારણ થતાં જ બેડો પાર થઈ જાય એવાં માનવતાવાદી અને ઈસ્લામ ધર્મના અંતિમ મહાન પયગંબર સાહેબ હઝરત મોહમ્મદ મુસ્તફા સાહેબના આવતીકાલે બુધવારે જન્મદિન ઈદે મિલાદની ઉજવણી અવસરે જસદણ સુન્ની મુસ્લિમ સમાજમાં ખુશાલીના ઘોડાપુર ઉમટ્યાં છે આ જન્મોત્સવને વધાવવા માટે જસદણના તમામ મુસ્લિમ વિસ્તારોના લતે લતે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરની તમામ સુન્ની મસ્જિદોમાં બિરાદરો રાતભર બંદગી કરી હ.મોહંમદ સાહેબને અદબની સાથે ગર્વભેર યાદ કરશે છેલ્લાં ૧૨ દિવસથી તેમની શાનમાં વાએઝ યોજાય રહી છે તેની પૂર્ણાહુતિ થશે બુધવારે સવારે જસદણમાં એક ભવ્ય ઝુલુસ યોજાશે જેઓ જુમ્મા મસ્જિદથી નીકળી શહેરના રાજમાર્ગો પર ફરશે જેમાં તાલુકાભરના સુન્ની મુસ્લિમ બિરાદરો જોડાય હઝરત મોહમ્મદ સાહેબને યાદ કરશે.

# પાંડવોના ઈતિહાસ સાથે સંકળાયેલુ ગોંડલ ભીમનાથ મંદિર

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

શિવ ભક્તોની જ્યાં બારેમાસ ભીડ જામેલી હોય તેવા ગોંડલની ગોંડલી નદી કિનારે અને રાજવી પરિવારના નવલખા બંગલા પાસે આવેલ ભીમનાથ મહાદેવ મંદિર સાથે શ્રી કૃષ્ણ અને પાંડવોનો સમય પણ સંઘરાયેલ છે, ઘમસાણગીરી બાપુની ૧૭ મી પેઢી અને વર્તમાન મંદિરની પૂજા અર્ચન કરતા જયપાલગીરી સુખદેવગીરી ગૌસ્વામીએ જણાવ્યું હતું કે ગોંડલી નદીનું નામ પહેલા ગૌકર્ણિ નદી હતું અને ગોંડલ નુ નામ ગૌકર્ણ હતું. બાદમાં સમય જતા ગૌમંડળ અને ગોંડલ થયું છે. શ્રી કૃષ્ણ અને પાંડવ કાળમાં ભીમે મહાદેવજીની પૂજા કર્યા પછીજ ભોજન કરવાનો સંકલ્પ કર્યો હતો. ગોકુલ, મથુરા થી દ્વારકા જતી વેળાએ શ્રી કૃષ્ણ અને પાંડવોએ ગૌકર્ણિ નદીના કિનારે રાતવાસો કર્યો હતો. અને સવારે ભીમ નો સંકલ્પ પૂરો કરવા શ્રી કૃષ્ણ દ્વારા શિવલીંગની સ્થાપના કરવામાં આવી હતી અને ભીમ દ્વારા પૂજા કરતા ભીમનાથ મહાદેવ મંદિર નામ પડ્યું હતું. બાદમાં હજારો વર્ષો વીત્યા બાદ ઘમાસાણગીરી બાપુને સ્વપનમાં આ જગ્યા આવતા ફરી પૂજા અર્ચન શરુ થાય હતા. આ મંદિર પાસે રામભારતી બાપુની સમાધિ પણ આવેલ છે. જેઓએ રાજવી પરિવારના રાજમાતાને પોતાનું આયુષ્ય આપી જીવંત સમાધિ લીધી હતી તે સમયનું લખાણ આજે પણ તકતી માં જોવા મળી રહ્યું છે.

# રણજીતગઢ હરિકૃષ્ણધામમાં પવિત્ર શ્રાવણમાં ભક્તિસભર ધાર્મિક મહોત્સવ

### ૧૦૮ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન, રક્ષાબંધન પર્વ ઉજવણી, મહામંત્રમાળા મહાયાગ અને પંચદિનાત્મક 'સારસિદ્ધિ' કથામૃતનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ: સૌરાષ્ટ્રના ધર્મજગતમાં આસ્થાના પ્રતીક સમા રણજીતગઢ સ્થિત હરિકૃષ્ણ ધામમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભક્તિસભર ધાર્મિક મહોત્સવનો પ્રારંભ થયો છે. શ્રી નરનારાયણદેવ ગાદી સંલગ્ન મૂળીધામ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રી હરિકૃષ્ણ ધામમાં આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભાવી આચાર્ય લાલજી મહારાજ તેમજ સમગ્ર ધર્મકુળની આજ્ઞા અને આશીર્વાદથી વિવિધ કાર્યક્રમોનો ૨૧મી ઓગસ્ટથી આસ્થાભેર પ્રારંભ કરાયો છે. પ્રથમ તબક્કામાં તા. ૨૧ થી ૨૮ ઓગસ્ટ, શ્રાવણ સુદ ૯ થી ૧૫ દરમિયાન દરરોજ સવારે ૬:૧૫ થી સાંજે ૭:૧૫ વાગ્યા સુધી ૧૦૮ કલાકની 'સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન'નો ધર્મલાભ હરિભક્તો લઈ રહ્યા છે. ત્યારબાદ તા. ૨૮/૮ (શ્રાવણ સુદ ૧૫) ના રોજ સવારે ૭ થી ૮ વાગ્યા સુધી 'રક્ષાબંધન પર્વ'ની ઉજવણી થશે. બીજા તબક્કામાં તા. ૨૯/૮ થી ૨/૯ (શ્રાવણ વદ ૧ થી ૬) સુધી બે મુખ્ય કાર્યક્રમો યોજાશે. જેમાં દરરોજ સવારે ૭:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન 'મહામંત્રમાળા મહાયાગ' અને દરરોજ સાંજે ૪:૧૫ થી ૭:૧૫ વાગ્યા સુધી પંચદિનાત્મક 'સારસિદ્ધિ' કથામૃતનું રસપાન કરાવવામાં આવશે. આ પ્રસંગે શ્રીહરિજી, ધર્મકુળ તથા સંતોને રાજી કરવા તમામ હરિભક્તોને સહપરિવાર પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગોંડલમાં જન્માષ્ટમીના લોકમેળામાં નિયમોનું ચુસ્ત પાલન કરાવવા કોંગ્રેસ ઉગ્ર માગ

### કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલા દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પાઠવાયું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માં આગામી જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે યોજાનારા લોકમેળા માં સુરક્ષાના તમામ નીતિ-નિયમો નું યોગ્ય અને ચુસ્ત પાલન થાય તે બાબતે ગોંડલ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઘનશ્યામસિંહ ઝાલા દ્વારા પ્રાંત અધિકારી ને પાઠવવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સંગ્રામજી સ્કૂલના ગ્રાઉન્ડમાં નગરપાલિકા સંચાલિત લોકમેળો તથા વછેરાના વાડામાં ખાનગી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાબતે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા 'ગુજરાત એમ્બ્યુઝમેન્ટ રાઈડ્ઝ અને ગેમિંગ ઝોન એક્ટિવિટી સેફ્ટી રૂલ ૨૦૨૪' ના તમામ નીતિ-નિયમોનું આયોજકો તથા સંચાલકો દ્વારા ફરજિયાત પાલન કરાવવામાં આવે તે અતિ મહત્વ નું છે. તમામ જરૂરી લાયસન્સ અને સેફ્ટી રૂલ્સની પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના જો કોઈ ક્ષતિ કે ગફલત જણાય તો આવા લોકમેળાને મંજૂરી આપવામાં ન આવે તેવી માંગ કરવામાં આવી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૮-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફાટી ને)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૮-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૬-૮-૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ તેરશ
**નક્ષત્ર** શ્રવણ
**યોગ** સૌભાગ્ય **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૨૯ **સુર્યાસ્ત:** ૭.૦૯
**ચંદ્ર રાશી** મકર
**રાશિ અક્ષર** ખ.જ.
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા**
લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા**
ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૮ | |
| | | | | ૨ | | ૧ | ૬ | ૫ |
| ૩ | | | | ૯ | ૮ | | | ૪ |
| | | | ૨ | | | | | |
| | ૭ | ૪ | | | | | ૧ | |
| ૮ | | ૧ | | | ૪ | | ૫ | |
| | ૫ | ૭ | | | | | | |
| | | | | | | | | |
| | | ૨ | | ૮ | ૧ | | | ૩ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૩ | ૭ | ૨ | ૮ | ૧ | ૪ | ૯ | ૬ | ૫ |
| ૫ | ૬ | ૧ | ૯ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૮ | ૬ | ૨ | ૭ | ૩ |
| ૮ | ૨ | ૭ | ૩ | ૪ | ૧ | ૫ | ૯ | ૬ |
| ૬ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૪ | ૮ | ૧ |
| ૨ | ૧ | ૯ | ૬ | ૩ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૩ | ૧ | ૯ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ | ૮ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૬.૮.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ તેરસ, શ્રવણ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : વિચારોનું આદાન પ્રદાન કરી શકો,મનોમંથન કરી શકો,કાર્ય માટે નવી યોજના બનાવી શકો.

**વૃષભ (બ,વ,ઉ)** : તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો .

**મિથુન (ક,છ,ઘ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.

**કર્ક (ડ,હ)** : સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, શુભ દિન.

**સિંહ (મ,ટ)** : તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.

**કન્યા (પ,ઠ,ણ)** : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને આગળ સારું રહે,વિદેશ બાબત વિચારી શકો,મધ્યમ દિવસ.

**તુલા (ર,ત)** : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો, લાભ દાયકદિવસ.

**વૃશ્ચિક (ન,ય)** : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદથી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો,તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.


**મકર (ખ,જ)** : તમારી જાતને સમજવાની તક મળે, એકાંતથી લાભ થાય, મનોમંથન કરવું જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ)** : વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.

**મીન (દ,ચ,ઝ,થ)** : મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

# મોજે દરિયા... જન્માષ્ટમીનો લોકમેળો એટલે "વિરાસતથી વિકાસ"

## લોકમેળાની તૈયારી અંગે વિસ્તૃત માહિતી આપતા જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશઃ ઈમરજન્સીને પહોંચી વળવા મેળામાં સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ બનાવશેઃ એ.આઈ. બેઝ્ડ સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી સતત નિરીક્ષણ કરાશે






**અબતક, રાજકોટ**
રાજકોટમાં પરંપરાગત રીતે યોજાતા જન્માષ્ટમીના લોકમેળાનું આ વર્ષે 'વિરાસતથી વિકાસ લોકમેળો- ૨૦૨૬' નામકરણ કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે કલેક્ટર કચેરી ખાતે મીડિયાને માહિતી આપી હતી.

પત્રકારોને સંબોધતા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના લોકપ્રિય અને અતિ વિખ્યાત જન્માષ્ટમીના લોકમેળાનું આ વર્ષે પણ ભવ્ય અને સુરક્ષિત આયોજન કરવા માટેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણતાના આરે છે. રેસકોર્સ મેદાન ખાતે આગામી તારીખ ૨ થી ૬ સપ્ટેમ્બર (રાંધણ છઠ્ઠથી દશમ) દરમિયાન આ લોકમેળો યોજાશે.

તેમણે કહ્યું હતું કે, લોકમેળાના નામકરણ માટે રાજકોટવાસીઓ પાસેથી સૂચનો મંગાવાયા હતા. આશરે ૪૫૦૦ અરજીઓમાંથી ૧૦૦ નામો શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા અને આ વર્ષે 'વિરાસતથી વિકાસ લોકમેળો-૨૦૨૬' નામ રાખવામાં આવ્યું છે. રાજકોટના નાગરિક અજય રતિભાઈ કુકડિયા દ્વારા આ નામ સૂચવવામાં આવ્યું છે.

મેળાના આયોજન અને વિવિધ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપતા જણાવાયું છે કે, પ્લોટ અને સ્ટોલની ફાળવણી, ડ્રો તેમજ હરાજીની તમામ પ્રક્રિયાઓ પારદર્શક રીતે પૂર્ણ કરી દેવામાં આવી છે. યાંત્રિક રાઈડ્સ (કેટેગરી ઈ, એફ, જી, એચ)ના ૩૪ પ્લોટ, આઈસક્રીમ (કેટેગરી એક્સ)ના ૧૭ પ્લોટ, ખાણી-પીણીના મોટા પ્લોટ (કેટેગરી એ) તેમજ કોર્નર પ્લોટ (કેટેગરી બી૧)ના પ્લોટની ફાળવણી અને અલોટમેન્ટ લેટર આપી દેવાયા છે. અત્યાર સુધીમાં પ્લોટ અને સ્ટોલની હરાજી પેટે લોકમેળા સમિતિને રૂ. ૩૬૪ લાખની આવક થઈ છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેળાના સ્થળે પ્લોટિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. વિવિધ વિભાગોના કંટ્રોલ રૂમ, ડોમ અને મંડપો બનાવવાની તથા પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ કનેક્શન આપવાની કામગીરી પ્રગતિમાં છે. યાંત્રિક રાઈડ્સ માટે સુરક્ષા ચકાસણી, લાયસન્સ અને ઈન્સ્પેક્શન સમિતિ દ્વારા રાઈડ સેફ્ટીના તમામ પાસાંઓની ચકાસણી કરીને જ મંજૂરી આપવામાં આવશે.

સુરક્ષા, મોનિટરિંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે કલેક્ટરશ્રીએ મહત્વની વિગતો આપી હતી. લોકમેળામાં આવતા લાખો દર્શનાર્થીઓની સુરક્ષા માટે ટેન્ડર પ્રક્રિયાઓ (સિક્યુરિટી, ડ્રોન, વિડીયોગ્રાફી, સિવિલ અને મંડપ કામગીરી) પૂર્ણ કરી દેવાઈ છે.આકસ્મિક આપત્તિના બચાવરૂપે રૂ. ૧૦ કરોડનો પબ્લિક લાયબિલિટી વીમો અને રૂ. ૨ કરોડનો ઈવેન્ટ કેન્સિલેશન વીમો લેવામાં આવ્યો છે.ઈમરજન્સી

(અનુ. આઠમા પાને)

**૨થી ૬ સપ્ટેમ્બર દરમિયાન રેસકોર્સ ખાતે ભવ્ય આયોજન; તમામ તૈયારીઓ આખરી તબક્કામાંઃ મેળામાં આકસ્મિક આપત્તિના બચાવરૂપે રૂ. ૧૦ કરોડનો પબ્લિક લાયબિલિટી વીમો અને રૂ. ૨ કરોડનો ઈવેન્ટ કેન્સિલેશન વીમો લેવામાં આવ્યો**

### ૨૦૦૭થી અત્યાર સુધીમાં લોકમેળાને અપાયેલા નામ

| વર્ષ | લોકમેળાનુ નામ |
|---|---|
| ૨૦૦૭ | રંગીલો લોકમેળો |
| ૨૦૦૮ | રમઝટ લોકમેળો |
| ૨૦૦૯ | નવરંગ લોકમેળો |
| ૨૦૧૦ | સ્વર્ણિમ લોકમેળો |
| ૨૦૧૧ | સાંસ્કૃતિક લોકમેળો |
| ૨૦૧૨ | વિવેકાનંદ લોકમેળો |
| ૨૦૧૩ | સાંસ્કૃતિક લોકમેળો |
| ૨૦૧૪ | જમાવટ લોકમેળો |
| ૨૦૧૫ | ગોરસ લોકમેળો |
| ૨૦૧૬ | મારો રંગીલો મેળો |
| ૨૦૧૭ | વાયબ્રન્ટ લોકમેળો |
| ૨૦૧૮ | ગોરસ લોકમેળો |
| ૨૦૧૯ | મલ્હાર લોકમેળો |
| ૨૦૨૨ | આઝાદીનો અમૃત લોકમેળો |
| ૨૦૨૩ | રસરંગ લોકમેળો |
| ૨૦૨૪ | ધરોહર લોકમેળો |
| ૨૦૨૫ | શોર્યનો સિંદૂર મેળો |

### મેળામાં પાંચ દિવસ દરમિયાન વિવિધ ક્રાયક્રમો

મેળામાં દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન સ્થાનિક ૪૦ જેટલા કલાકારો (ગાયકો, લોકસાહિત્યકારો/ડાયરાના કલાકારો અને નૃત્ય વૃંદો)ને પોતાની પ્રસ્તુતિ માટે સ્ટેજ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

૧. ૨ સપ્ટેમ્બરઃ ગોપાલ ભરવાડ (તથા નેવી બેન્ડ દ્વારા ભવ્ય પ્રસ્તુતિ)
૨. ૩ સપ્ટેમ્બરઃ રાજભા ગઢવી
૩. ૪ સપ્ટેમ્બરઃ સાંત્વની ત્રિવેદી
૪. ૫ સપ્ટેમ્બરઃ ઉદય ધાંધલ
૫. ૬ સપ્ટેમ્બરઃ સાગર કાચા તથા દિવ્યેશ જેઠવાની જોડી

### ઐતિહાસિક વિરાસતને જાળવીને વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધવાનો દ્રઢ સંકલ્પ

સૌરાષ્ટ્રનું હૃદય એટલે રાજકોટ! અને રાજકોટની ઓળખ એટલે સાતમ-આઠમનો 'લોકમેળો'. રંગીલા રાજકોટવાસીઓ માટે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સામાન્ય તહેવાર નથી, પણ કાનુડાના જન્મને વધાવવાનો લોકમહોત્સવ છે. જન્માષ્ટમી નિમિત્તે રાજકોટમાં વર્ષોથી યોજાતો લોકમેળો આપણી ભાતીગળ લોકસંસ્કૃતિ, મોજ-મસ્તી અને આસ્થાનું પ્રતીક છે.આ નામકરણની પરંપરાને આગળ ધપાવતાં વર્ષ ૨૦૨૬માં લોકમેળાનું નામ 'વિરાસતથી વિકાસ - ૨૦૨૬' રાખવામાં આવ્યું છે. આ નામ આપણી સમૃદ્ધ લોકસંસ્કૃતિ અને ઐતિહાસિક વિરાસતને જાળવીને આધુનિકતા તથા વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધવાનો દ્રઢ સંકલ્પ દર્શાવે છે. ત્યારે આ લોકમેળો નાગરિકોમાં પોતાની સાંસ્કૃતિક ઓળખ પ્રત્યે ગૌરવની ભાવના ઉજાગર કરશે અને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડશે. તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી આવતા લાખો સહેલાણીઓ માટે આ મેળો આપણી પ્રાચીન પરંપરા અને આધુનિક પ્રગતિના સુંદર સમન્વયનું જીવંત ઉદાહરણ બની રહેશે.

---

જયતુ સંસ્કૃતમ્, જયતુ ભારતમ્!

# નવી પેઢી સંસ્કૃત-સંસ્કૃતિના જતન માટે વધુ સચેત બની રહી છેઃ કલેક્ટર ડો.ઓમ પ્રકાશ

**સંસ્કૃતમય બની ગરવી નગરી રાજકોટઃ 'સંસ્કૃત ગૌરવ યાત્રા' અને 'સંસ્કૃત સપ્તાહ'નો ઉત્સાહભેર પ્રારંભ**

**જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્ય ડો.દર્શિતા શાહની પ્રેરક ઉપસ્થિતિમાં સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ**





તસવીરઃ વિજય મકવાણા



**અબતક, રાજકોટ**
ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરની પ્રેરણાથી તેમજ રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે 'સંસ્કૃત ગૌરવ યાત્રા-૨૦૨૬' યોજાઈ હતી.

આ અવસરે જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે આ યાત્રાના આયોજન અંગે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આ પ્રકારના કાર્યક્રમો થકી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિને ઉજવવાનો સંકલ્પ કર્યો છે તે ખૂબ જ પ્રશંસનીય છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્તમાન અને આવનારી પેઢી આપણી સંસ્કૃતિ, વારસા અને સંસ્કૃત ભાષાનું રક્ષણ કરવા માટે વધુ જાગૃત અને સચેત બનશે.

વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી સુંદર કૃતિઓ અને સમગ્ર આયોજનને તેમણે બિરદાવીને ઉપસ્થિત સૌને 'સંસ્કૃત ગૌરવ યાત્રા'ની શુભકામનાઓ પાઠવી હતી.યાત્રાનો પ્રારંભ રૈયા રોડ સ્થિત ન્યુ એરા સ્કૂલથી થયો હતો, જે રૈયા રોડ અને રેસકોર્સથી જિલ્લા પંચાયત ચોક સુધી પહોંચી હતી. સંસ્કૃત ભાષાના સમૃદ્ધ વારસા અને ગૌરવને ઉજાગર કરતા યુગ અનેક ભાષા એક, સાયન્સ ઈન સંસ્કૃત, સંસ્કૃત એવમ વિજ્ઞાન, પ્રાચીન સંસ્કૃત ગ્રંથો સહિતના વિષયો આવરતા ૧૦ નયનરમ્ય ટેબ્લો યાત્રાનું આકર્ષણ બન્યા હતા. સમગ્ર રૂટ પર વિદ્યાર્થીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર, સંસ્કૃત ગીતો, સુભાષિતો અને સંસ્કૃત ગરબાની મનોહર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંસ્કૃત સુક્તિઓ અને પ્રેરણાદાયી સંદેશાઓ ધરાવતા બેનર્સ સાથે યાત્રા સંસ્કૃતમય બની હતી.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, તથા ઋષિકુમારો દ્વારા યજુર્વેદના મંત્રોનું ગાન કરવામાં આવ્યું હતું. શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ન્યુ એરા સ્કૂલ ખાતે સંસ્કૃત વસ્તુ પ્રદર્શિની અને ગ્રંથ પ્રદર્શિની જિલ્લા કલેકટરશ્રી

(અનુ. આઠમા પાને)

### 'વિરાસત ભી, વિકાસ ભી'ના મંત્ર સાથે સંસ્કૃત ભાષાનું ગૌરવ વધારીએઃ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધતા ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, સંસ્કૃત એ આપણું મૂળ છે. જે વૃક્ષના મૂળ મજબૂત હોય તે જ વૃક્ષ મજબૂત બને છે, તેમ સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિને આત્મસાત કરીને જ આપણે આપણા વારસાનું જતન કરી શકીએ છીએ. તેમણે પોતાના વિદ્યાર્થીકાળનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, તેમણે ધોરણ ૧૦માં કોમ્પ્યુટરના વિકલ્પમાં સંસ્કૃત વિષય પસંદ કર્યો હતો અને ધારાસભ્ય તરીકેના શપથ પણ સંસ્કૃત ભાષામાં લીધા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિરાસત ભી, વિકાસ ભી'ના દ્રષ્ટિકોણ અંગે તેમણે ઉમેર્યું હતું કે, એ.આઈ.અને કોમ્પ્યુટરના યુગમાં પણ સંસ્કૃત અત્યંત ઉપયોગી ભાષા છે. સંસ્કૃત માત્ર ધાર્મિક પૂજા-પાઠ પૂરતી મર્યાદિત ન રહેતા વ્યવહારમાં પણ અપનાવાય તે આ યાત્રાનો મુખ્ય હેતુ છે.

---

# ૫૦૦ નવા અત્યાધુનિક '૧૧૨- જનરક્ષક' વાહનોનું ફ્લેગ ઓફ કરાવતા હર્ષ સંઘવી

**સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક કુલ ૧,૦૦૦ 'જનરક્ષક' વાહનો ઈમરજન્સી રિસ્પોન્સ માટે તૈનાત**

**નવા વાહનો અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ટૂંક સમયમાં રિસ્પોન્સ ટાઈમ ૮ મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક**






**અબતક, રાજકોટ**
રાજ્યના નાગરિકોને ઝડપી અને અસરકારક ઈમરજન્સી સેવા પૂરી પાડવાના હેતુથી ગુજરાત પોલીસના કાફલામાં વધુ ૫૦૦ અત્યાધુનિક '૧૧૨-જનરક્ષક' વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજે નવા સચિવાલય ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ નવા વાહનોનું ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવા ૫૦૦ વાહનોના ઉમેરા સાથે હવે સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક કુલ ૧,૦૦૦ 'જનરક્ષક' વાહનો ઈમરજન્સી રિસ્પોન્સ માટે તૈનાત રહેશે.

આધુનિક ૧૫૦ બેઠકો ધરાવતા કોલ સેન્ટર, સીએડી સિસ્ટમ અને કોલર લોકેશન ટેક્નોલોજીના ઉપયોગથી રાજ્યનો સરેરાશ પોલીસ રિસ્પોન્સ ટાઈમ ઘટીને માત્ર ૧૦ મિનિટ ૪૯ સેકન્ડ થયો છે. નવા વાહનો અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી આ રિસ્પોન્સ ટાઈમને ૮ મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી જેવી એપ્સમાં પણ ૧૧૨ પેનિક બટનનું ઈન્ટિગ્રેશન કરવામાં આવ્યું છે.

ફ્લેગ ઓફ પ્રસંગે રાજ્ય મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષાની દિશામાં દેશનું અગ્રણી રાજ્ય રહ્યું છે. ગુજરાત પોલીસ હંમેશા જનતાની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. ૧૧૨ -ઈમરજન્સી સેવા દ્વારા સહાય વધુ ઝડપી અને અસરકારક બનશે. હવે કોઈપણ નાગરિક ૧૧૨ નંબર પર ડાયલ કરે ત્યારે શક્ય તેટલા ઓછા સમયમાં પોલીસ સહાય પહોંચે તે દિશામાં આ સેવા વધુ સક્ષમ બનશે.

જનરક્ષક પ્રોજેક્ટના અમલીકરણના માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં ૧૧.૦૪ લાખથી વધુ ઈમરજન્સી કોલમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે, જ્યારે ૬.૭૪ લાખથી વધુ પોલીસ ઈમરજન્સી બનાવોમાં તાત્કાલિક સેવા આપવામાં આવી છે.

૫૦૦ નવા અત્યાધુનિક જનરક્ષક વાહનોના સમાવેશથી ગુજરાતની ૧૧૨ ઈમરજન્સી સેવા વધુ ઝડપી, ટેક્નોલોજી આધારિત અને નાગરિકકેન્દ્રિત બનશે.

આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અરુણકુમાર સોલંકી, સીઆઈડી ક્રાઈમ ડીજીપી ડો.કે.એલ.એન રાવ, લૉ એન્ડ ઓર્ડર ડીજીપી રાજકુમાર પાંડિયન, પોલીસ ટ્રેનિંગ ડીજીપી નિરજા ગોટરૂ, અગ્ર સચિવ નિપુણા તોરવણે, પી એન્ડ એમ એડીજીપી ખુરશીદ અહેમદ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યાજખોરો સામે જીલ્લા પોલીસનો પ્રચંડ પ્રહાર: ૬૨ ગુના દાખલ, ૧૨૫ જેલ ભેગા

## સામાન્ય નાગરિકોને વ્યાજના વિષચક્રમાંથી બહાર કાઢવા પોલીસની પરિણામલક્ષી કામગીરી, વ્યાજખોરોના ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા ચક્રો ગતિમાન

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં ગેરકાયદે વ્યાજની પ્રવૃત્તિ કરતા વ્યાજખોરો સામે કાર્યવાહી કરી વ્યાજના વિષચક્રમાં ફસાયેલા સામાન્ય નાગરિકોને મુક્ત કરાવવાના હેતુથી ગ્રામ્ય પોલીસ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે સુલતાનપુર પોલીસે વ્યાજખોર સામે કડક કાર્યવાહી કરી રૂ.૧ કરોડનો મુદ્દામાલ મૂળ માલિકને પરત અપાવ્યો હતો.





મળતી માહિતી મુજબ, નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જ, રાજકોટ નાઓના માર્ગદર્શન મુજબ રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર નાઓ દ્વારા વ્યાજ-વટાઉની પ્રવૃતિ શોધી કાઢી આવી ગેર-કાયદેસર પ્રવ્રુતિ સદંતર નાબુદ કરવા અને વ્યાજખોરોના ભોગ બનેલ સામાન્ય નાગરીકોને વ્યાજના વિષચક્ર માંથી બહાર કાઢવા અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે જે ગોંડલ વિભાગ, ગોંડલ ના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની પરીણામ લક્ષી કામગીરી કરવામાં આવેલ છે.ગોંડલ તાલુકાના મોવીયા ગામે રહેતા લલીત ઉર્ફે નિલેશ મોહનભાઈ ટારીયા નામના પશુપાલકે સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. , વાસાવડ ગામનો સોહિલ રફીકભાઈ સલાટ અને ઈરફાન રફીકભાઈ સલાટ એ નાણાધીરધારનું લાયસન્સ ન હોવા છતાં લલિતને રૂ. ૪૪,૦૦૦ માસિક ૩ ટકાના વ્યાજે આપ્યા હતા. લલિતે રૂ. ૨૦,૦૦૦ જેટલું વ્યાજ ચૂકવી દીધા છતાં, આર્થિક ભીંસના કારણે વ્યાજ આપવાનું બંધ કરતા બંને આરોપીઓએ ફરિયાદીને ફોન પર ધમકાવી, માર મારવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ ફરિયાદ બાદ બંને આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરી હતી. આરોપીના ઘરેથી ફરિયાદીના રૂ. ૧,૨૦,૨૫૦ ની કિંમતના સોના-ચાંદીના દાગીના કબજે કર્યા હતા. આ ગુનો દાખલ થયા બાદ અન્ય આશરે ૯૦ જેટલા ભોગ બનનાર લોકોએ સુલતાનપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને જણાવ્યું હતું કે આરોપીઓએ તેમના પણ સોના-ચાંદીના દાગીના તથા મહત્વના દસ્તાવેજો કબ્જામાં રાખ્યા છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી બન્ને વ્યાજખોરોએ સ્વખુશીથી ભોગ બનનારાઓના દાગીના અને દસ્તાવેજો પરત કરાવ્યા હતા. જેમાં સોનાના દાગીના ૧૮૦.૬૫ ગ્રામ કિંમત રૂ. ૨૭,૪૮,૪૫૦,ચાંદીના દાગીના ૧૯ કિલો ૭૨૪ ગ્રામ કિંમત રૂ. ૪૯,૩૧,૦૦૦, જમીન/મકાન/પ્લોટના દસ્તાવેજો અને આર.સી. બુક કિંમત રૂ. ૨૯,૦૦,૦૦૦,સહી કરેલા કોરા ચેક ૬ નંગ મળીને પોલીસે કુલ રૂ.૧,૦૫,૭૯,૪૫૦નો મુદ્દામાલ ભોગ બનનારાઓને પરત અપાવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી સોહિલ રફીકભાઈ સલાટ સામે અગાઉ વાહન અકસ્માત અને ધમકી આપવાના ૩ ગુના નોંધાઈ ચૂકયા છે. વ્યાજખોરો સામે જીલ્લા પોલીસનો આકરો પ્રહાર ૬૨ ગુના દાખલ કરી ૧૨૫ને જેલ ભેગા કર્યા.

### અસામાજિક પ્રવૃત્તિ અંગે કંટ્રોલ રૂમ સંપર્ક કરો

રાજકોટ ગ્રામ્ય પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે વ્યાજખોરી, અસામાજિક પ્રવૃત્તિ કે નશીલા પદાર્થો અંગેની કોઈ પણ માહિતી આપવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૭૪૩૩૯૧૧૧૦૦ અથવા સિનિયર પોલીસ અધિકારીઓનો નિઃસંકોચ સંપર્ક કરવો.

## નિર્લિપ્ત રાયના માર્ગદર્શન મુજબ વિજય સિંહ ગુર્જરની સૂચના વ્યાજ-વટાવની ગેરકાયદે પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા અસરકારક ઝુંબેશ

---

### ફ્યુચર યુથ લીડરશીપ બૂથ કેમ્પ સંપન્ન

# આજની યુવા પેઢી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે: મેયર ડૉ. નેહલ શુક્લ

## મહિલા સશક્તિકરણ, નેતૃત્વ શિક્ષણ, રોજગાર અંગે સમાન તકો અંગે માર્ગદર્શન પુરૂં પાડ્યું



**અબતક, રાજકોટ**

મેરા યુવા ભારત, રાજકોટ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત ફ્યુચર યુથ લીડરશિપ બૂથ કેમ્પ નો પ્રેમ મંદિર, નવજીવન ટ્રસ્ટ હોલ કાલાવાડ રોડ ખાતે ત્રણ દિવસીય તાલીમ શિબિરના પુર્ણાહુતી પ્રસંગે રાજકોટના મેયર ડો.નેહલભાઈ શુક્લા મુખ્ય અતિથિ તરીકે તેમજ રાજકોટ શહેર ભાજપના પૂર્વ મંત્રી અને ભાજપ અગ્રણી હરેશભાઈ કાનાણી, રાજકોટ ભાજપના પ્રેસ મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળ, ડો.નેહાબેન ચૌહાણ, સ્વરૂપ દેશભ્રતાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતાર દ્વારા મેયર તેમજ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મેયરએ ઉપસ્થિત યુવાનોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે મહિલા સશક્તિકરણ આજના સમયમાં સમાજની પ્રગતિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. મહિલાઓએ આત્મવિશ્વાસ સાથે દરેક ક્ષેત્રમાં આગળ આવવું જોઈએ. મહિલાઓને શિક્ષણ, રોજગાર અને નેતૃત્વની સમાન તકો મળે તે જરૂરી છે. સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાઓનો લાભ વધુમાં વધુ મહિલાઓ સુધી પહોંચે તે માટે યુવાનોની ભૂમિકા પણ મહત્વપૂર્ણ છે. આજની યુવા પેઢી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. યુવાનો મહિલાઓના સન્માન અને સમાનતાનો સંદેશ સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડે. બૂથ કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. સશક્ત મહિલા અને સશક્ત યુવા શક્તિના માધ્યમથી જ સશક્ત સમાજ અને વિકસિત ભારતનું નિર્માણ શક્ય બનશે.

આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતારએ મેયર સમક્ષ છેલ્લા બે દિવસ દરમિયાન યોજાયેલા વિવિધ કાર્યક્રમોની માહિતી રજૂ કરી હતી. તેમણે બૂથ કેમ્પમાં યુવાનો દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવેલી ભાગીદારી અંગે પણ માહિતી આપી હતી. સમાપન સમારોહ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પ્રતિભાગીઓને પુરસ્કાર આપી ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતે બૂથ કેમ્પમાં ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મેરા ભારત ટીમના જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતાર, રાજુભાઈ રાઠોડ, મંજીત શર્મા તથા અન્ય સહયોગીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. સાથે જ તાલીમમાં ભાગ લેનાર તમામ પ્રશિક્ષકો અને પ્રતિભાગીઓના સહકારથી ફ્યુચર યુથ લીડરશિપ બૂથ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

---

# શ્રાવણના પવિત્ર સોમવારે અંજલિબેન રૂપાણીએ રામનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી





**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસના સોમવારના શુભ અવસરે રાજકોટના સુપ્રસિદ્ધ રામનાથ મહાદેવ મંદિર ખાતે અંજલિબેન રૂપાણીએ ભગવાન ભોળાનાથના ભાવપૂર્વક દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. શ્રાવણ માસ દરમિયાન શિવભક્તિનું વિશેષ મહત્ત્વ હોય છે ત્યારે સોમવારના પાવન દિવસે રામનાથ મહાદેવના દર્શન કરી તેમણે ભગવાન શિવના આશીર્વાદ મેળવ્યા હતા.આ પ્રસંગે અંજલિબેન રૂપાણીએ ભગવાન રામનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી સૌના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. શ્રાવણ માસની પવિત્રતા અને સોમવારના ધાર્મિક માહાત્મ્ય વચ્ચે રામનાથ મહાદેવના દર્શનથી તેમણે આધ્યાત્મિક શાંતિ અને ધન્યતાની અનુભૂતિ કરી હતી.'ૐ નમઃ શિવાય'ના પવિત્ર ભાવ સાથે શ્રાવણ સોમવારે રામનાથ મહાદેવના દર્શનનો આ અવસર ભક્તિમય બન્યો હતો.

---

# કાશી વિશ્વનાથ મંદિરના જીર્ણોદ્ધારના ૧૦૦ વર્ષ નિમિત્તે ગુરૂવારે શતાબ્દી પાટોત્સવ અને મહાયજ્ઞનું આયોજન

## ધ્વજારોહણ, મહાયજ્ઞ અને મહાપ્રસાદ તેમજ રાત્રે સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

સદર વિસ્તારમાં ભીલવાડા શેરી નં. ૩ (ફૂલછાબ ચોક પાસે) આવેલ પૌરાણિક કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર'ના જીર્ણોદ્ધારને ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ગુરુવારે શતાબ્દી પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાસ્ત્રી રાજેશકુમાર ત્રિવેદીના મુખ્ય આચાર્યપદે સવારે ૭:૦૦ કલાકે સપ્તકુંડી મહાયજ્ઞ અને મહાપૂજાથી કાર્યક્રમનો પ્રારંભ થશે. ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે દિવ્ય અભિષેક અને ભવ્ય ધ્વજારોહણ વિધિ યોજાશે. બપોરે ૧:૦૦ કલાકે બીડું હોમવા સાથે મહાયજ્ઞની પૂર્ણાહુતિ થશે. સાંજે ૭:૦૦ કલાકે



મહાઆરતી બાદ સાંજે ૭:૩૦ કલાકે ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

મહોત્સવના રાત્રિના ભાગે ૮:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા દરમિયાન પારસભાઈ વાઘેલાના આયોજન હેઠળ ભજન-સંતવાણી યોજાશે, જેમાં જાણીતા કલાકાર પૂનમબેન ગોંડલીયા, પ્રકાશભાઈ પરમાર અને હરેશભાઈ વાઘેલા ભજનોની રમઝટ બોલાવશે, તેમજ વિમલભાઈ સોઢા અને તેમની ટીમ સંગીતનો સાથ આપશે. આ ધાર્મિક મહોત્સવનો લાભ લેવા કાશી વિશ્વનાથ ભીલ ધૂન મંડળ અને પારસ વાઘેલા, પ્રકાશ પરમાર, હરેશ વાઘેલા તથા વિમલભાઈ સોઢાની ટીમે ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ પાઠવ્યું છે.

---

# કણસાગરા કોલેજની લોન ટેનિસ ટીમે રનર્સ-અપ બની: કોલેજની ગૌરવતા વધારી

## આસ્થા દ્વિતિય અને ધ્રુવી ચોથા ક્રમે વિજેતા, બન્ને વેસ્ટઝોન ઈન્ટર યુનિ.માં સૌરાષ્ટ્ર યુનિ. પ્રતિનિધિત્વ કરશે

**અબતક, રાજકોટ**

કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટના યજમાનપદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ લોન ટેનિસ (બહેનો) સ્પર્ધા - ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૧૦ કોલેજોની કુલ ૨૫ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



સ્પર્ધામાં કણસાગરા કોલેજની ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. કણસાગરા કોલેજની ટીમે સ્પર્ધામાં રનર્સ-અપ (દ્વિતીય) સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ટીમની ખેલાડી આસ્થાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જ્યારે ધ્રુવીએ ચોથું સ્થાન મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી હતી.

આ બંને ખેલાડીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિને પગલે તેઓ હવે વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી લોન ટેનિસ સ્પર્ધા, મણિપાલ યુનિવર્સિટી, જયપુર ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. કણસાગરા કોલેજ માટે આ ગૌરવની બાબત છે કે તેની પ્રતિભાશાળી ખેલાડીઓ યુનિવર્સિટી કક્ષાએ આગળ વધીને વેસ્ટ ઝોન કક્ષાએ કોલેજ અને યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહી છે.

આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો. સ્નેહલ પલાણે બંને ખેલાડીઓને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. શારીરિક શિક્ષણ વિભાગના પ્રો. રાજેન્દ્ર સેજલીયાએ ખેલાડીઓની મહેનત અને રમત પ્રત્યેની પ્રતિબદ્ધતાને બિરદાવી હતી તથા વેસ્ટ ઝોન સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. , ભરત મોરી, ગણેશ ગાવીત,બજરંગ ગોંડલીયાએ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી તથા કોલેજ પરિવાર દ્વારા આસ્થા અને ધ્રુવીને તેમની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને તેઓ વેસ્ટ ઝોન કક્ષાએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કોલેજ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

---

# જય લિંબચ મહિલા મંડળ દ્વારા ગીત-ગમ્મત કાર્યક્રમ યોજાયો



**અબતક, રાજકોટ**

જય લિંબચ મહિલા મંડળ, દ્વારા વેસ્ટ ઝોન વિસ્તારની મહિલાઓ માટે શનિવારે એક વિશેષ ગીત-ગમ્મત કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળના પ્રમુખ અલ્કાબેન ધામેલીયાના માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોન કમિટીના મેમ્બર્સ ઉન્નતિબેન ચાવડા, આશાબેન વાઘેલા, અમીબેન જોટંગિયા અને દિપ્તીબેન સુરાણી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ઉપપ્રમુખ ભાવનાબેન કલોલા, મહામંત્રી દર્શનાબેન ભટ્ટી, ખજાનચી ધારાબેન બગથરીયા તેમજ સહ-મંત્રી નીલમબેન બગથરિયાનો મહત્વનો સહયોગ સાંપડ્યો હતો.

આ કાર્યક્રમમાં અંતાક્ષરી, પ્રશ્નમંચ અને ગરબા જેવી વિવિધ સ્પર્ધાઓ તથા પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું, જેમાં વિજેતાઓને વડીલ જગદીશભાઈ સુરાણી તથા ભરતભાઈ દુદકિયાની પ્રેરક હાજરીમાં ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમના ફોટોગ્રાફી, વિડિયો શૂટિંગ તેમજ પ્રચાર-પ્રસારની જવાબદારી રાજ ધામેલીયાએ સંભાળી હતી.

---

# 'આશિર્વાદ' લોટને દિલ્હી હાઈકોર્ટના 'આશિર્વાદ' એફએસએસએઆઈની કાર્યવાહી પર રોક

## ૧૦૦ ટકા 'આટા' ના દાવા સામે આઈટીસીના લાઈસન્સ રદ્દીકરણ અંગે આગામી સુનાવણી સુધી આખરી નિર્ણય ન લેવા કોર્ટનો આદેશ

**અબતક, રાજકોટ**

દેશની અગ્રણી એફએમસીજી કંપની આઈટીસી લિમિટેડની પ્રખ્યાત 'આશીર્વાદ શુદ્ધ ચક્કી આટા' પ્રોડક્ટ પર 'સો ટકા' શબ્દના વપરાશ સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા શરૂ કરાયેલી લાઈસન્સ રદ્દીકરણ સહિતની કડક કાર્યવાહી પર દિલ્હી હાઈકોર્ટે રોક લગાવી દીધી છે. દિલ્હી હાઈકોર્ટે નિયામક સંસ્થા એફએસએસએઆઈને આગામી આદેશ સુધી આઈટીસીના લાઈસન્સ અંગે કોઈ પણ આખરી નિર્ણય ન લેવા અને પોતાની કાર્યવાહી સ્થગિત રાખવા નિર્દેશ આપ્યો છે.



દિલ્હી હાઈકોર્ટના જજ સ્વર્ણા કાન્તા શર્માએ આઈટીસી કંપનીની અરજી પર એફએસએસએઆઈ અને અન્ય સામા પક્ષકારોને નોટિસ જારી કરીને જવાબ માગ્યો છે. આ મામલે આગામી વધુ સુનાવણી ૯ મી સપ્ટેમ્બરે હાથ ધરવામાં આવશે. બીજી તરફ, સંસ્થા એફએસએસએઆઈએ આ અરજીનો વિરોધ કરતા દલીલ કરી હતી કે હાઈકોર્ટ પાસે આ ચુકાદો આપવાનું સીધું ક્ષેત્રાધિકાર નથી, જેના પર અદાલતે બંને પક્ષોને આગામી સુનાવણી પહેલા પોતાના ક્ષેત્રાધિકાર અંગે એક ટૂંકી નોંધ રજૂ કરવા આદેશ આપ્યો છે. આઈટીસી કંપનીએ પોતાની અરજીમાં એફએસએસએઆઈની અગાઉની અઠાવીસમી મેની એડવાઈઝરીને મનસ્વી ગણાવીને પડકારી છે, જેમાં ખાદ્ય ઉત્પાદનોના લેબલ, પેકિંગ કે જાહેરાતોમાંથી 'સો ટકા' શબ્દનો ઉપયોગ દૂર કરવા જણાવાયું હતું. આ ઉપરાંત કંપનીએ ૧૦ મી ઓગસ્ટે મળેલી કારણ દર્શાવો નોટિસ અને ૧૩ મી ઓગસ્ટે મળેલી સુધારા નોટિસને પણ અદાલતમાં પડકારી છે. એફએસએસએઆઈએ સુધારા નોટિસમાં કંપનીને પોતાના લેબલ, જાહેરાતો અને વેબસાઈટ પરથી ચોક્કસ દાવાઓ હટાવીને ૧૫ દિવસમાં કમ્પ્લાયન્સ રિપોર્ટ રજૂ કરવા અને સ્પષ્ટતા માટે ત્રીસ દિવસનો સમય આપ્યો હતો.

કંપની તરફથી દલીલ કરવામાં આવી હતી કે ખાદ્ય વ્યવસાયકારો માત્ર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ અને તેના કાયદાકીય નિયમોથી બંધાયેલા છે, પરંતુ તેની બહાર જારી કરાયેલી કોઈ સામાન્ય એડવાઈઝરીથી બંધાયેલા નથી. આઈટીસીએ ઉમેર્યું કે લેબલિંગ અને ડિસ્પ્લે નિયમન, ૨૦૨૦ અને એડવર્ટાઈઝિંગ નિયમન, ૨૦૧૮ હેઠળ ખાદ્ય પ્રોડક્ટ્સ પર 'સો ટકા' શબ્દ લખવા પર કોઈ કાયદાકીય પ્રતિબંધ નથી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં એફએસએસએઆઈએ ભ્રામક જાહેરાતો બદલ દોઢસો જેટલી કંપનીઓને નોટિસો મોકલી છે, જેમાં એમવે ઈન્ડિયા, ઈમામી અને બોન બિસ્કિટ્સ જેવી કંપનીઓએ પણ પોતાના લેબલ પરથી આવા દાવા પરત ખેંચ્યા છે.

# લીંબડી નજીક માર્ગ અકસ્માતમાં વૃદ્ધનું મોત

## ગાંધીનગરથી ખાનગી કારમાં પરત ફરતી વેળાએ કટારિયા પાસે બસે ઠોકરે લેતા સર્જાયો અકસ્માતઃ વાડોલિયા પરિવારમાં અરેરાટી

## અકસ્માતને પગલે ઘવાયેલા ઈજાગ્રસ્તને આરટીઓના સ્ટાફ દ્વારા તાત્કાલીક વાહનની વ્યવસ્થા કરી સારવારમાં ખસેડી માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યુ

**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ પર આવેલા લીંબડી નજીક કટારિયા ગામ પાસે કાર અને બસ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રાજકોટના વૃદ્ધનું મોત નિપજ્યુ હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં ટક્નિશીયલ નરશીભાઈ વાડોલિયા ગાંધીનગરથી ખાનગી કારમાં પરત ફરી રહ્યા હતાં. ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો અને ગંભીર ઈજાને કારણે સારવાર મળે તે પૂર્વે જ દમ તોડી દીધો હતો. આ બનાવની જાણ પણસીણા પોલીસ મથકના સ્ટાફને થતાં દોડી જઈ કાગળો કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ લીંબડી હાઈવે પર આવેલા કટારિયા ગામ નજીક તા. ૨૪ ને સોમવારે બપોરના સુમારે બસે ખાનગી કારને ઠોકરે લેતા અકસ્માત સર્જાયો હતો. ત્યારે આરટીઓની ટીમ ફરજ દરમિયાન હતી. ત્યારે ઈન્સ્પેક્ટર એન.ડી. ઉપાધ્યાય અને એસબી વઘાસિયાએ માનવીય અભિગમ દર્શાવી ઈજાગ્રસ્તને પ્રાથમિક મદદ મળી રહે તે માટે સરકારી વાહનમાં તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે સુરેન્દ્રનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવની જાણ પાણસીણા પોલીસ મથકના સ્ટાફને થતાં કાફલો દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તની ઓળખમાં રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા ક્રિષ્ના બંગલામાં રહેતા નરસીભાઈ કાનજીભાઈ વાડોલિયા નામના ૭૯ વર્ષીય વૃદ્ધ હોવાની ઓળખ થઈ હતી. પોલીસે પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. ઘવાયેલા નરસીભાઈ વાડોલિયાને વધુ સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો હતો. પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી પરિવારજનોને મૃતદેહ સોંપ્યો હતો. પોલીસે પ્રાથમિક કાગળો કરી અકસ્માત સર્જનાર વાહનની શોધખોળ હાથ ધરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ પ્રાથમિક તપાસમાં મૃતક નરશીભાઈ વાડોલિયા પ્રીન્ટીંગ પ્રેસ મશીનના ટેક્નિશન તરીકે કામ કરતા હતાં. તેમજ તેમને ચાર સંતાન છે. નરશીભાઈના મોતથી વાડોલિયા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# માધવપુર (ઘેડ) નજીક રીક્ષા ઝાડ સાથે અથડાતા આધેડનું મોત

## સારવાર અર્થે પોરબંદર, જામનગર, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યોઃ પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે રહેતા આધેડ રીક્ષા લઈને ઓડદર ગામ તરફ જતી વેળાએ કોઈ કારણોસર રિક્ષા ઝાડ સાથે અથડાતા પ્રથમ સારવાર પોરબંદર બાદ જામનગર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમિયાન ગઈ કાલે આધેડનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ માધવપુર ખેર ભુદર રોડ પર રહેતા બાલુભાઈ એબાભાઈ ભરડા ઉંમર ૪૮ વર્ષીય આધેડ ૧૮ તારીખ ની સાંજે ૪:૦૦ વાગે આસપાસ ઓડદર ગામ તરફ રિક્ષા લઈને થતા હતા ત્યારે કોઈ કારણોસર રીક્ષા ઝાડ સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં ચાલક બાલુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા પ્રથમ પોરબંદર બાદ જામનગર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે તેમનું મોત નીપજતા ઘટના સ્થળે પોરબંદર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક બે ભાઈ એક બેન માં મોટા અને ત્રણ પુત્રી એક પુત્ર પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે અકસ્માતની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# રાજકોટ રેન્જ ટીમનો સપાટો, મકાનમાંથી ૪૬૬ બોટલ દારૂ: ૨૩ બિયર ટીન ઝડપાયા

## માંડલ હાઈવે પર રનરાઈડર રિસોર્ટ સામે બામણીયા કી તલાવડીમાં દરોડોઃ જીજે.૦૧કેઆર ૭૮૦૫ કાર સાથે મનોજ વાઘેલા પકડાયો, ભરત ઠાકોર ફરાર



**અબતક, રાજકોટ**

દશાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડી દારૂની બોટલ નંગ-૪૬૬ બીયર ટીન નંગ-૨૩ કિ.રૂ.૧,૪૩,૯૦૫ અને કાર મળી કુલ રૂ.૨,૪૩,૯૦૫/- ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડ્યો છે. સાતમ આઠમના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા મોટા પાયે સૌરાષ્ટ્રમાં વિદેશી દારૂ બુટલેગરો દ્વારા ઘુસાડવામાં આવી રહ્યા હોવાની રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયને ધ્યાને આવતા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રોહિબીશન તથા જુગારની પ્રવૃતિ કરનારા ઈસમોને શોધી કાઢી તેઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના કરેલ હોય જે અન્વયે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સપેક્ટર અપૂર્વ પટેલ, પોલીસ સબ ઈન્સપેક્ટર પી.એન.મોરી, બી.સી.મીયાત્રા અને સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફ દ્વારા આવા ઈસમોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ, હ્યુમનસોર્સ તથા ટેકનીકલ એનાલીસીસ કરી રહેલ હતા.દરમ્યાન સ્ટાફના ધર્મેન્દ્રસિહ વાઘેલા, યોગેન્દ્રસિહ ચુડાસમા, હિતેશભાઈ જોગરાણા, ફતેસંગ પરમાર, દિલીપસિહ સિધવ, અજયવીરસિહ ઝાલા તથા રાજુભાઈ પઢેરીયા નાઓએ મળેલ હકિકત આધારે માંડલ હાઈ-વે રનરાઈડર રીસોર્ટ સામે બામણીયા કી તલાવડી દશાડા ખાતેથી આરોપી મનોજભાઈ જગમલભાઈ વાઘેલાના રહેણાંક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૪૬૬ બીયર ટીન નંગ-૨૩ મળી જેની કુલ કિ.રૂ.૧,૪૩,૯૦૫/- તથા દારુની હેરા-ફેરી માટે ઉપયોગમાં લેવાતી કાર રજી.નં. GJ-01-KR-7805 ની મળી કુલ રૂ.૨,૪૩,૯૦૫/- નો મુદ્દામાલ કબજે કરી મનોજભાઈ જગમાલભાઈ વાઘેલાની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછમાં ભરતભાઈ ઠાકોર રહે.પાટડીયાવાસ ની સંડોવણી ખુલતા દશાડા બંન્ને વિરુધ્ધ દશાડા પો.સ્ટે. ખાતે કાયદેસરની કાર્યવાહી કરવા ફરીયાદ આપેલ છે.

# એન્જિનિયરિંગ પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી, મોબાઈલ હેક કરી ડેટા ડિલિટ કર્યોઃ ૨૦ તોલા સોનું પતિ લઈ ગયાનો આક્ષેપ

## પ્રેમલગ્ન બાદ ૧૦ વર્ષ સંસાર ઠીક ચાલ્યો, મામા સાથેના ધંધાની તકરાર બાદ ત્રાસ શરૂ થયોઃ ૫૦ લાખની માંગણી, ઘરને બીજું તાળું મારી દીધું, ભાડાના મકાનેથી પતિ ભાગી ગયો પતિ, અમેરિકા સ્થિત સાસુ-સસરા, નણંદ સહિત ૮ સામે ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરના ભાઈના ઘરે પુત્રી સાથે રિસામણે રહેલી એન્જિનિયરિંગ સુધી અભ્યાસ કરેલી પરિણીતાને પતિએ ઘરમાંથી કાઢી મૂકી મોબાઈલ હેક કરી ડેટા ડિલિટ કરી દેવાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.શહેરના સત્યસાંઈ હોસ્પિટલ પાછળ કાસા કોપર એપાર્ટમેન્ટમાં ભાઈના ઘરે રહેતી મયુરીબેન (ઉ.વ. ૪૦) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ રોનક રમેશભાઈ હાંસલીયા (રહે. રાજકોટ), અમેરિકામાં રહેતા સસરા રમેશભાઈ, સાસુ હંસાબેન, નણંદ કુંતીબેન મકવાણા તથા રાજકોટના અન્ય સાસરિયા ચંદ્રિકાબેન ભાલોડિયા, ચીમનભાઈ ભાલોડીયા, પ્રિતેશભાઈ ભાલોડીયા અને હરસુખભાઈ મકવાણાના નામ આપ્યા છે.

ફરિયાદી છેલ્લા દોઢ માસથી ભાઈ તપન વાજાના મકાનમાં રહે છે. ફરિયાદ મુજબ તેણે રોનક સાથે પ્રેમ સંબંધ બાદ જ્ઞાતિ અલગ હોવા છતાં તા. ૧૨-૧૦-૨૦૧૩ ના કોર્ટ મેરેજ અને તા. ૨૩-૨-૨૦૧૪ ના રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ ગુલાબ બિહાર સોસાયટીમાં રહેતા હતા અને ૧૦ વર્ષ સુધી સંસાર ઠીક ચાલ્યો હતો.ફરિયાદીના મામા અશોકભાઈ કાલાવડીયા અને તેનો પતિ સાથે ધંધો કરતા હતા. ધંધામાં ધ્યાન ન આપવા બાબતે મામાએ ફરિયાદીના પિતાને કહેતા પિતાએ રોનકને સમજાવતા ઝઘડા શરૂ થયા હતા. વર્ષ ૨૦૨૪ માં મે થી નવેમ્બર દરમિયાન અમેરિકાથી આવેલા સાસુ-સસરા સાથે રહેતા ત્યારે શારીરિક-માનસિક ત્રાસ અને મેણા-ટોણા મારતા હતા.ઓગસ્ટ ૨૦૨૫ માં સાસુ-સસરા ફરી રાજકોટ આવતા પુત્રને કહેવા લાગ્યા કે પત્નીને તેના પિતા પાસેથી ૫૦ લાખ લઈ આવવા કહે. લગ્ન સમયે પિતાએ આપેલું ૨૦ તોલા સોનું પણ પતિ લઈ ગયો હોવાનો આક્ષેપ છે. બાદમાં સાસુ-સસરાએ મકાન ખાલી કરાવી બીજું તાળું મારી દેતા દંપતી આદિત્ય હાઈટ, ગોપાલ ચોક ખાતે ભાડે રહેવા ગયું હતું. છ મહિના બાદ પતિ ઘર મૂકી જતો રહ્યો હતો.ગત તા. ૧૩-૮-૨૦૨૬ ના સાંજે ફરિયાદી દીકરીને લઈ ઘરે જતા પતિએ બંનેને કાઢી મૂકી માર માર્યો હતો, જે અંગે તાલુકા પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. પતિએ તેનો મોબાઈલ હેક કરી તમામ ડેટા ડિલિટ કરી નાખ્યા અને તેના તથા દીકરીના ડોક્યુમેન્ટ પચાવી પાડ્યા હોવાનો પણ આક્ષેપ છે. મહિલા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પરિચિત મહિલાના ફ્લેટના બારમાં માળેની મધરાત્રે પટકાતા નિમેષ ભંડેરીનું મોત

## પત્નીથી અલગ રહેતા યુવાનને લિવ-ઈન પાર્ટનર સાથે રહેતો હતો : અકસ્માતે પડી જતા ગંભીર ઈજા થતાં ૧૦૮એ મૃત જાહેર કર્યા


**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આત્મીય કોલેજની સામે નંદનવન સોસાયટી શેરી નં-૧માં રહેતા રાત્રીના યુનિવર્સીટી રોડ પર ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર આવેલા પામ યુનિવર્સીટી નામના હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેતી પરિચિત ત્યક્તા ફ્લેટે હતા ત્યારે મધ રાત્રીના અઢી વાગ્યે ફ્લેટના ૧૨માં માળે આવેલી બાલ્કનીમાંથી કૂદી જતા ગંભીર ઈજાઓ થઇ હતી તાત્કાલિક અર્થે સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં આધેડને તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોરી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો હાલ પોલીસે વધુ તપાસ કરી છે



આ અંગે મળતી માહિતી મુજબ કાલાવા રોડ પર આત્મીય કોલેજ પાસે આરએમસીના સ્વિમિંગ પુલની પાછળ આવેલી નંદનવન સોસાયટી શેરી નં-૧માં રહેતા નિમેષભાઈ પરબતભાઈ ભંડેરી ઉંમર ૪૨ વર્ષીય આધેડ ગઈ કાલે રાત્રીના યુનિવર્સીટી રોડ પર ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર આવેલા પામ યુનિવર્સીટી નામના હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેતી પરિચિત ત્યક્તા કાજલબેન સલોતના ફ્લેટે હતા ત્યારે મધ રાત્રીના અઢી વાગ્યે ફ્લેટના ૧૨માં માળે આવેલી બાલ્કનીમાંથી કૂદી જતા ગંભીર ઈજાઓ થઈ હતી ઘટનાને પગલે બિલ્ડિંગમાં સિક્યોરિટીએ બુમાબુમ કરતા ફ્લેટ... ધારક... સહિતના... ની ચ... આવ્યા હતા... અને કોઈએ... ૧૦૮ અને પોલીસને જાણ કરતા ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. તાત્કાલિક અર્થે સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં આધેડને તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે નિમેષભાઈના માતા-પિતા અને પત્ની હરિધવા માર્ગ ઉપર રહે છે અને બે સંતાન છે, પોતે છેલ્લા બે વર્ષથી પત્નીથી અલગ આશા નામની ત્યકતા સાથે લિવઈનમાં આત્મીય કોલેજની સામે આરએમસીના સ્વિમિંગ પુલની પાછળ આવેલી નંદનવન સોસાયટીમાં રહેતા હતા. ગઈકાલે બંને વચ્ચે ઝગડો થતા નિમેષભાઈ પામ યુનિવર્સમાં રહેતી આશાની સહેલી કાજલબેનના ઘરે ગયા હતા અને ત્યાં ઝગડા અંગેની વાત કરી તેણીને સમજાવવા કહ્યું હતું. દરમિયાન કાજલબેને તેને અહીં રોકાઈ જવા કહ્યું હતું. રાત્રીના કાજલબેનની પુત્રીએ જાગીને જોતા ફ્લેટની બારી ખુલી હતી અને નેટ પણ તૂટેલી હોવાથી રૂમમાં જોવા જતા નિમેષભાઈ જોવા મળ્યા ન હતા આથી બાલ્કનીમાંથી નીચે જોતા યુવક લોહી લુહાણ હાલતમાં પડ્યો હોવાનું જોવા મળતા દેકારો મચાવ્યો હતો. તેમજ બે વર્ષથી માતા પિતા થી અલગ રહેતો હોવાનું જાણવા મળ્યું છે આપઘાત કે અન્ય કોઈ કારણ જાણવા વધુ તપાસ યુનિવર્સીટી પોલીસ મથકના પીએસઆઈ ચાવડા ચલાવી રહ્યા છે.


**શ્રદ્ધાંજલી**



**સ્વ. કરણ**
**સંજયભાઈ મેઘાણી**
**સ્વ.તા.૨૧-૦૮-૨૬, શુક્રવાર**

સૂર્યનું સમી સાંજે અસ્ત થવું એ કુદરતનો ક્રમ છે, પરંતુ મધ્યાહને અસ્ત થવું એ વિધિની વક્રતા છે, તમારી અચાનક વિદાય અમારા માટે અસહ્ય બની છે. ઈશ્વર તારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
સંજયભાઈ ખૂંટ - હિતેશભાઈ ખૂંટ
મહેશભાઈ મેઘાણી - સાગરભાઈ ખૂંટ
નિમેષભાઈ આસોદરીયાના
જયશ્રી કૃષ્ણ



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**RUBs ની જોગવાઈ અને વિવિધ CTR, TRR અને TSR કામોના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૨૩ તારીખ : ૨૧-૦૮-૨૦૨૬**

**(I) કામનું નામઃ** LC નં. ૯૩, ૯૪, ૧૦૪, ૧૦૫, ૧૦૨, ૧૦૩, ૧૦૭ અને ૧૦૮ ખાતે RUBsની જોગવાઈ, કિ.મી. ૯૬૧/૭-૮, ૯૭૦/૦-૧, ૯૭૪/૮-૯, ૯૭૬/૪-૫, ૯૭૬/૫-૬, ૯૭૮/૫-૬ અને ૯૭૯/૭-૮ ખાતે વધારાના ઓપનીંગની જોગવાઈ અને વિવિધ CTR, TRR તથા TSR કામોના સંબંધમાં TRD કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૭૩,૮૩,૦૯૪.૨૩/- ફક્ત **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૪૭,૭૦૦.૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-123

અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ સ્થળો ખાતે ઈન્ટરલોકિંગ કામોના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૭R૩ તારીખ : ૨૧-૦૮-૨૦૨૬**

**(I) કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના અધિકારક્ષેત્ર હેઠળ LC ગેટ્સ નં. ૨૦૩, ૨૪૧ અને ૨૫૮ ખાતે તથા વાવણીયા (WWA), દહીંસરા (DAC), બરવાળા રોડ (BRL) અને ભક્તિનગર (BKNG) સ્ટેશનો ખાતે વિવિધ સ્થળોએ ઈન્ટરલોકિંગ કામના સંબંધમાં TRD કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૮૧,૦૨,૦૦૬.૬૨/- ફક્ત **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૬૨,૧૦૦.૦૦/- ફક્ત **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-124

અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**વિવિધ ઈલેક્ટ્રિકલ કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૭ અને ૨૮ (ઈએલ)**
**તારીખ : ૨૧-૦૮-૨૦૨૬**

**અનું. નં. ૧ : ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૨૭ (i) કામનું નામઃ** (A) રાજકોટ ડિવિઝન :- મકનસર-મોરબી વચ્ચે કિ.મી. ૨૬/૧-૨ ખાતે 'C' ક્લાસ LC ગેટ નં. ૨૮ ના ઈન્ટરલોકિંગ, (B) રાજકોટ ડિવિઝન :- LC ગેટ નં. ૨૭, ૩૦ અને ૩૩ (વિરમગામ-સુરેન્દ્રનગર) ખાતે જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી નવી LC ગેટ હટ સુધી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા અને ૪ નંગ LC ગેટ - ૨૬, ૩૦, ૩૧ અને ૩૨(વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શન) ખાતે ELB અને અન્ય ગેટ ઉપકરણના બદલીકરણ, (C) રાજકોટ ડિવિઝન :- LC ગેટ નં ૨૬૧, ૨૬૮, ૨૮૫ અને ૨૯૦ (રાજકોટ-ઓખા સેક્શન) ખાતે જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા, (D) LC ગેટ નં. ૩૪, ૫૨, ૬૪ અને ૭૦ ખાતે જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી નવી LC ગેટ હટ સુધી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા અને (E) રાજકોટ ડિવિઝન :- LC ગેટ નં ૨૭ અને ૩૩ (વાંકાનેર-નવલખી સેક્શન) - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૩૫,૧૮,૩૬૧/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૭૦,૪૦૦/- **અનું. નં. ૨ : ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૨૮ (i) કામનું નામઃ** (A) રાજકોટ ડિવિઝન :- લુણસરીયા-વાંકાનેર વચ્ચે કિ.મી. ૬૯૮/૧-૨ ખાતે LC નં. ૯૨ ને બદલે LHS ની જોગવાઈ, (B) રાજકોટ ડિવિઝન :- LC નં ૨૬ (કિ.મી. ૬૦૪/૦-૧), ૩૩ (કિ.મી. ૬૧૬/૮-૯), ૪૧ (કિ.મી. ૬૩૨/૩-૪), ૪૨ (૬૩૩/૯-૬૩૪/૦), ૪૯ (કિ.મી. ૬૪૦/૨-૩) ખાતે RUB/LHS ની જોગવાઈ, (C) રાજકોટ ડિવિઝન :- વિરમગામ-ઓખા :- કિ.મી. ૬૦૨/૯-૬૦૩/૦ ખાતે LC નં. ૨૫ ખાતે RUB/LHS ની જોગવાઈ, (D) રાજકોટ ડિવિઝન :- LC નં. ૬૧ (કિ.મી. ૬૫૭/૪-૫), ૬૫ (કિ.મી. ૬૬૩/૨-૩), ૬૬ (૬૬૪/૫-૬), ૮૦ (કિ.મી. ૬૮૭/૨-૩), ૮૧ (કિ.મી. ૬૮૮/૭-૮) ખાતે RUB/LHS ની જોગવાઈ, (E) રાજકોટ ડિવિઝન :- LC નં. ૯૩ (કિ.મી. ૬૯૯/૫-૬), ૯૪ (કિ.મી. ૭૦૦/૬-૭), ૧૦૪ (૭૧૯/૧-૨), ૧૧૫ (કિ.મી. ૭૩૩/૩-૪) ખાતે RUB/LHS ની જોગવાઈ, (F) રાજકોટ ડિવિઝન :- LC નં. ૧૧૩, કિ.મી. ૭૨૭/૪-૫ ખાતે RUB/LHS ની જોગવાઈ અને (G) રાજકોટ ડિવિઝન :- 'C' ક્લાસ LC ગેટ્સ (i) ભાટેલ-ભોપલ્કા સેક્શનના કિ.મી. ૯૧૧/૯-૯૧-૨૧૦ ખાતે LC-૨૫૮, (ii) ખંભાળીયા સેક્શનના કિ.મી. ૮૯૨/૪-૫ ખાતે LC ગેટ-૨૪૧ અને (iii) જામનગર-લાખાબાવળ સેક્શનના કિ.મી. ૮૩૩/૬-૭ ખાતે LC ગેટ-૨૦૩ના LC - ઇન્ટરલોકિંગના સંબંધમાં ઇલેક્ટ્રિકલ કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૪૩,૩૫,૬૫૫/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૮૬,૭૦૦/- **બંને ટેન્ડરો માટેઃ- (iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૧૪-૦૯-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-125

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



જા.નં.: તા.:

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદમાં ઉમા ટાઉનશીપ ના હેડવર્કસ પર સેન્ટ્રીફ્યુગલ પંપ લગાવવાનું કામ | ૧૮૭૫/- | ૩૪,૮૨૭/-/- | ૩૪.૮૨ /- લાખ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૮/૦૯/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે | | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા. ૧૧/૯/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાકે | | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www. https://tender.nprocure.com/ વેબસાઇટ ઉપર તા:૨૫/૦૮/૨૦૨૬ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર (પ્રોજેક્ટ)
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૭૩૮/૨૬/૨૭



**અધિસૂચના**

**મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની**
**મુસદ્દારૂપ વિકાસ યોજના – ૨૦૪૭**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની**
**કલમ ૧૩(૧) હેઠળ તેમજ**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ ના નિયમ-૫**

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૨૫ ના નોટીફીકેશન નં. KV-07- of 2025-UDUHD/COC/e-file/18/2024/5932/P section થી મોરબી નગરપાલીકા માંથી મોરબી મહાનગરપાલીકામાં પરિવર્તન થતા ઉકત જાહેરનામાંથી મોરબી મહાનગરપાલિકામાં મોરબી અને તેને લાગુ ૯-ગ્રામ પંચાયતો (સકતશનાળા, રવાપર, લીલાપર, અમરેલી, નાનીવાવડી, ભડીયાદ(જવાહર), ત્રાજપર(માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઇન્દિરાનગર) તથા માધાપર/વજેપર (ઓ.જી.) નો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તાઃ ૨૩/૦૬/૨૦૨૫ના નોટીફિકેશન નં.: GH/V/209 of 2025/UDUHD/MSM/e-file/18/2025/ 0143/L થી તા.૦૧/૦૧/૨૦૨૫ના નોટીફિકેશનમાં સમાવિષ્ટ ગામો અને વાંકાનેર નગરપાલીકા તથા રેવન્યુ વિસ્તારનો સમાવેશ કરી મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની પુનઃરચના કરેલ છે.

મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની તાઃ ૧૯/૦૮/૨૦૨૬ થી મળેલ ચોથી બોર્ડ બેઠકના ઠરાવ નં: ૨ થી મળેલ બહાલી અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯ હેઠળ તાઃ ૧૯/૦૮/૨૦૨૬ના પત્રથી રાજ્ય સરકારશ્રીને મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ માટે આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરી સાદર કરેલ છે. તેથી હવે, સદરહુ અધિનિયમની કલમ-૧૩ ની પેટા કલમ (૧) અનુસાર મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ, આથી નોટિસ આપે છે કે, ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં વિકાસ પ્લાનના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ૨(બે) મહિનાની મુદત સુધીમાં તેના સંબંધમાં કોઇપણ વ્યક્તિને આ મુસદ્દારૂપ વિકાસ યોજનાનાની દરખાસ્તને લગતા જે વાંધા અથવા સૂચનો રજુ કરવા હોય તો લેખિત રીતે ચાર નકલમાં આધાર-પુરાવા સહ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળને મોકલી આપવાના રહેશે અને તેની ગુણવત્તાને ધ્યાને લઈ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

**અનુસૂચિ**

૧. મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ

પાર્ટ-૧: (Existing Conditions, Studies & Analysis) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો હયાત ઉપયોગ અને તે બાબતમાં કરેલ સર્વેની વિગતો જે ધ્યાને લેવાયેલ છે.

પાર્ટ-૨: (અ) (Planning Proposals & Recommendations) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો સૂચિત ઉપયોગ અને તે બાબતની દરખાસ્ત દર્શાવતા નકશા અને અહેવાલ. (સુચિત જમીન વપરાશ)

(બ) મુસદારૂપ વિકાસ યોજનાની મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ ઉપર મુકેલી કોઈ જવાબદારીને જે વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તેનું નિવેદન.

(ક) સીજીડીસીઆરમાં મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની મુસદારૂપ વિકાસ યોજનાને અનુરૂપ સુચિત જોગવાઇઓ.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપરોક્ત મુસદારૂપ વિકાસ નકશાની નકલ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની કચેરી / મોરબી મહાનગરપાલિકાની કચેરી તથા વાંકાનેર નગરપાલિકાની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા ખુલ્લી રાખેલ છે. સદર અધિસૂચનાની નકલ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળમાં સમાવિષ્ટ તમામ ગ્રામ પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર લગાવેલ છે.

સહી/-
(સંજયકુમાર સોની)
મુખ્ય કારોબારી અધિકારી
મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ
અને
નાયબ મ્યુનિસિપલ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

જા.નં.MWUDA/0007/08/2026
સ્થળ : મોરબી
તા.૧૯/૦૮/૨૦૨૬

વાંધા તથા સૂચનો નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.
મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી,
C/O મોરબી મહાનગરપાલિકાની કચેરી (ઇસ્ટ ઝોન),
રેલ્વે સ્ટેશન રોડ,
મોરબી-૩૬૩૬૪૧.

માહિતી/રાજ/૭૪૦/૨૬/૨૭

તંત્રી લેખ

# અમેરિકાની આકરી આર્થિક નીતિ સામે ભારતની કૂટનીતિક કસોટી

અમેરિકી ટ્રમ્પ વહીવટીતંત્ર અને તેના નાણા મંત્રી સ્કૉટ બેસેન્ટ દ્વારા ઈરાન સાથે આર્થિક સંબંધો ધરાવતા તમામ દેશો પર આકરા આર્થિક પ્રતિબંધો મૂકવાની આપેલી ચેતવણીએ વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રમાં ભારે હલચલ મચાવી દીધી છે. અમેરિકાની આ નીતિનો સ્પષ્ટ સંદેશ છે કે ‘‘ઈરાન સાથે વેપાર ચાલુ રાખનાર દેશોએ અમેરિકી બજાર અને ડૉલર સિસ્ટમથી દૂર રહેવું પડશે.‘‘ વિશ્વને આર્થિક મુશ્કેલીઓ તરફ ધકેલતી આ પ્રકારની એકપક્ષીય નીતિ ખાસ કરીને ભારત જેવા ઉભરતા દેશો માટે મોટી રાજદ્વારી અને આર્થિક પડકારજનક સ્થિતિ ઊભી કરે છે.

અમેરિકાના આ આકરા વલણથી ભારત પર સીધી અને પરોક્ષ બંને પ્રકારની અસરો પડી શકે છે,ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ આયાતકાર દેશ છે. મધ્ય પૂર્વમાં વધતી આર્થિક અને રાજકીય અસ્થિરતા વૈશ્વિક સ્તરે કાચા તેલના ભાવ વધારો આવશે જેનાથી ભારતમાં ફુગાવો વધવાની શક્યતા છે. ઈરાનમાં આવેલું ચાબહાર બંદર ભારત માટે મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સુધી પહોંચવાનો વ્યૂહાત્મક માર્ગ છે. જો અમેરિકાના આકરા પ્રતિબંધો લાગુ થાય, તો આ પ્રોજેક્ટની પ્રગતિ ધીમી પડી શકે બેંકિંગ સંબંધો અને ડૉલર આધારિત ચુકવણી પ્રણાલી પર આકરા અંકુશ આવવાના કારણે ભારત અને ઈરાન વચ્ચેનો કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ અને પરંપરાગત ઉત્પાદનોનો દ્વિપક્ષીય વેપાર ખોરવાઈ જવાની સ્થિતિ વચ્ચે ભારત માટે હવે આ ઉભી તમારી સંભવિત વિપરિત પરિસ્થિતિમાં રાજકીય મુસદ્દી ગીરી અને બંને પક્ષે સંબંધોનું સંતુલન જાળવીને ભારતને આર્થિક બોજ જેમ બને તેમ ઓછો પડે તેવો રસ્તો અખતયાર કરવો પડશે

ભારતે પોતાના રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને કૂટનીતિક સંતુલન જાળવવું પડશે. એક તરફ અમેરિકા સાથેનો વ્યૂહાત્મક વેપાર જાળવવો જરૂરી છે, તો બીજી તરફ મધ્ય એશિયામાં પોતાની પહોંચ સુનિશ્ચિત કરવા ઈરાન સાથેના સંબંધો પણ મહત્વના છે. ભારત માત્ર એક પ્રદેશ પર નિર્ભર ન રહેતા અન્ય દેશોમાંથી તેલની આયાત વધારીને પોતાના ઊર્જા ક્ષેત્રને સુરક્ષિત રાખવું પડશે અમેરિકા સાથે રાજદ્વારી વાટાઘાટો ચાબહાર બંદર જેવા વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સને અમેરિકી પ્રતિબંધોમાંથી મુક્તિમળે તે માટે ભારતે વોશિંગ્ટન સાથે સક્રિય રીતે વાતચીત કરવી પડશે. ઈરાન અને અન્ય ભાગીદાર દેશો સાથે સ્થાનિક ચલણ અથવા બેલેટરલ પેમેન્ટ મિકેનિઝમ મજબૂત બનાવવું પડશે જેથી વૈશ્વિક પ્રતિબંધોની ઓછી અસર થાય.

આંતરરાષ્ટ્રીય રાજકારણના આ દોર માં ભારતે ‘‘વૈશ્વિક દબાણ‘‘ અને ‘‘પોતાના રાષ્ટ્રીય હિત‘‘ વચ્ચે અત્યંત સાવધાનીપૂર્વક સંતુલન જાળવીને આગળ વધવું પડશે તેમાં બે મત નથી.

સતીષ કે. મહેતા

# પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ આયોજીત કેમ્પનો દર્દીનારાયણએ લાભ લઈ સેવા કાર્યને બિર્દાવ્યાં

## ડાયાબિટીસના ૮૨ આંખના ૨૮૪ તથા ચશ્મા વિતરણમાં ૨૫૪ જેટલા દર્દીઓએ લીધો લાભ

**અબતક, રાજકોટ**

પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તથા રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનના સંયુક્ત ઉપક્રમે ટ્રસ્ટના ભવન કિલ્લોલ, ૧, મયુરનગર, ભાવનગર રોડ, રાજકોટ ખાતે ડાયાબિટીસ તથા આંખના દર્દો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા જરૂરિયાતમંદ દર્દીઓને વાંચવાના (બેતાલા) ચશ્માંનું નિઃશુલ્ક વિતરણ કરવાનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.





આ કેમ્પમાં ઉદઘાટક તરીકે આર.કે.જૈન ફાઉન્ડેશન તથા એ.વી.આર. વિક્રમ વાલ્વઝ પ્રા. લી.ના વિક્રમભાઈ જૈન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ટ્રસ્ટના ચેરમેન અંજલીબેન રૂપાણી, ગુજરાતના પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, આંખના રોગોનાં નિષ્ણાંત ડો.અનિમેષ ધ્રુવ ડો.મનોજ ભટ્ટ, ડો.દર્શન ભટ્ટ, ડો.અનુપ્રિયા કોહલિ ભટ્ટ, ડાયાબિટીસ રોગોનાં નિષ્ણાંત ડો.બીરજુ મોરી તથા ડો.વિષ્ણુ વન્દુર ઉપરાંત ડો.ગૌરવીબેન ધ્રુવ, રોટરી ક્લબનાં પ્રમુખ ટ્વિન્કલ મહેતા, રાજકીય આગેવાન વલ્લભભાઈ દુધાત્રા, વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસ્તવિક ઉદબોધન કરતા ડો. જૈમનભાઈ ઉપાધ્યાય એ જણાવ્યું હતું કે ટ્રસ્ટ દ્વારા હંમેશાં સ્પેશિયલ રોગ માટે કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં ચોક્કસ પ્રકારના દર્દીઓને પૂરતો ન્યાય આપી શકાય છે. ટ્રસ્ટ પોલિટીમાં માને છે ભીડ ભેગી કરવામાં નહીં આજે માત્ર ડાયાબિટીસ અને આંખના દર્દીઓ ને જો તપાસી તેની સારવાર અને સાચો માર્ગદર્શન આપવામાં આવશે. આ તકે ભૂતકાળમાં પણ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ મોટા કેમ્પોની યાદી આપી હતી. વિશેષ જણાવેલ કે ટ્રસ્ટના આંગણે કાયમી ધોરણે રૂ.૧૦ ના ટોકનદરે દવા આપવામાં આવે છે અને ટ્રસ્ટના આંગણે રાજકોટના નામાંકિત ડોક્ટરો આવીને સેવા આપે છે. જરૂરિયાતમંદ દર્દીઓએ આ ટ્રસ્ટના દવાખાનાનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલા હતો.

આ તકે ટ્રસ્ટની પરંપરા અનુસાર કેમ્પની શરૂઆતમાં અત્રે પધારેલ મહાનુભવો તથા ડોક્ટર્સનું ટ્રસ્ટના ચેરમેન અંજલીબેન રૂપાણી તથા કાર્યકરો દિવ્યેશભાઈ અઘેરા, કેતનભાઈ મેસવાણી, હરીશભાઈ શાહ, ગીતાબેન વસા, ભાવિનભાઈ ભટ્ટ, સાગરભાઈ પાટીલ, એન.જી. પરમાર. રવજીભાઈ દવેરા, મહેશભાઈ પરમાર, મુકેશભાઈ મહેતા વગેરે દ્વારા ઉપસ્થિત મહાનુભવોનું બુકે થી સ્વાગત કરેલ હતું

ડાયાબિટીસ અને આંખના રોગોનું નિદાન કાર્યક્રમમાં ટ્રસ્ટના સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમનું સંચાલન કાર્યકર્તા હસુભાઈ ગણાત્રાએ કર્યું હતું જ્યારે આભારવિધિ ડો.નયન શાહે કરી હતી. આજના આ કાર્યક્રમમાં ડાયાબિટીસના ૮૨ દર્દીઓ તથા આંખના રોગોના ૨૮૪ દર્દીઓ તથા વિનામૂલ્યે વાંચવાના (બેતાલા) ચશ્માનું વિતરણનું ૨૫૪ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

કાર્યક્રમને યશસ્વી બનાવવા ચેરમેન અંજલીબેન રૂપાણી, ટ્રસ્ટી મહેશભાઈ ભટ્ટ, ડો.મેહુલભાઈ રૂપાણીના માર્ગદર્શન અંતર્ગત કાર્યકર્તાઓ ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયન શાહ, દિવ્યેશભાઈ અઘેરા, કેતનભાઈ મેસ્વાણી, ગીતાબેન વસા, મુકેશભાઈ મેહતા, હરીશભાઈ શાહ, એન.જી.પરમાર, વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# બગસરા મંડળીએ રૂ.૧૦ લાખના સોનાના દાગીના ગ્રાહકને પરત સોંપી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું

## લોકર ઓપરેટ કરતા કર્મચારીઓને લોકરની બહાર પડેલા ઘરેણાં મળ્યાઃ શાખા મેનેજર અને અધિકારીઓને જાણ કરી એક મહિના બાદ ગ્રાહકને સંપૂર્ણ દાગીના પરત કર્યા

**અબતક, રાજકોટ**

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ની બગસરા શાખાએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મંડળીની લોકર સુવિધાના ૧૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર બનેલી ઘટનામાં લોકરની બહાર પડેલા આશરે રૂ.૧૦ લાખના સોનાના ઘરેણાં કર્મચારીઓએ સુરક્ષિત રાખી ગ્રાહકને પરત કર્યા હતા.બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સ્થાપનાને ૪૨ વર્ષ પૂર્ણ થયા છે, જ્યારે મંડળીમાં છેલ્લા ૧૩ વર્ષથી લોકર સુવિધા કાર્યરત છે. મંડળીના સભાસદ મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ જીવાણી પોતાના અંગત દસ્તાવેજો લોકરમાં રાખવા આવ્યા હતા.



અગાઉ લોકર ખોલ્યું ત્યારે સોનાના ઘરેણાં લોકરની અંદર રાખવાને બદલે લોકરની ઉપર જ રહી ગયા હતા અને તેઓ ધ્યાન બહાર નીકળી ગયા હતા.

દરમિયાન લોકર ઓપરેટ કરતા કર્મચારી વસીમ હાલા અને રવિ વ્યાસ અન્ય ગ્રાહકને લોકર ખોલી આપવા ગયા ત્યારે તેમના હાથમાં આ સોનાના ઘરેણાં આવ્યા હતા. બંને કર્મચારીઓએ તાત્કાલિક શાખા મેનેજર હેમેન્દ્ર કટેસિયા તથા મંડળીના જનરલ મેનેજર નિતેશ ડોડીયા અને સેક્રેટરી ડી.જી. મહેતાને જાણ કરી હતી.

આ ગંભીર બાબતની જાણ મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાને કરવામાં આવી હતી. મંડળીના અધિકારીઓએ સમયસૂચકતા દાખવી સોનાના ઘરેણાંને સુરક્ષિત રીતે સીલ પેક કરી રાખ્યા હતા. ગ્રાહક દ્વારા કોઈ ફરિયાદ કે દાવો કરવામાં આવે ત્યારે જરૂરી ચોકસાઈ કર્યા બાદ ઘરેણાં પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઘટનાના આશરે એક મહિના બાદ સભાસદ મહેન્દ્રભાઈ જીવાણીએ મંડળીના ચેરમેન સમક્ષ પોતાના ઘરેણાં ગુમ થયાની ફરિયાદ કરી હતી. ત્યારબાદ લોકર ઓપરેટર, શાખા મેનેજર, જનરલ મેનેજર, સેક્રેટરી તથા મંડળીના ડિરેક્ટરો મહેશભાઈ વ્યાસ અને પ્રકાશભાઈ ભરખડાએ સભાસદ પાસેથી ઘરેણાં અંગેની સંપૂર્ણ માહિતી મેળવી જરૂરી ખરાઈ કરી હતી.ખરાઈ બાદ મંડળી દ્વારા આશરે રૂ.૧૦ લાખની કિંમતના સંપૂર્ણ સોનાના ઘરેણાં તેમના સાચા માલિક મહેન્દ્રભાઈ જીવાણીને પરત કરવામાં આવ્યા હતા. કર્મચારીઓની આ નૈતિકતા અને પ્રામાણિકતાને પગલે મંડળીના બંને લોકર ઓપરેટર વસીમ હાલા અને રવિ વ્યાસને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના કર્મચારીઓએ રૂપિયા ૧૦ લાખના સોનાના ઘરેણાં પરત કરી સહકારી ક્ષેત્રમાં વિશ્વાસ, નૈતિકતા અને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં પ્રેરણાદાયી વક્તવ્ય યોજાયું




**અબતક, રાજકોટ**

વલ્લભ કન્યા કેળવણી મંડળ સંચાલિત કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં સહ અભ્યાસિક પ્રવૃતિના ભાગરૂપે વિદ્યાર્થીનીઓ માટે એક મોટીવેશનલ વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. લાઈફ કોચ અને માઈન્ડસેટ કોચ માધવીબેન રાયમંગિયા દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ અને કારર્કિદી માટે ગોલ સેટીંગ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

માધવીબેન પોતાના વકતવ્યમાં જીવનમાં સફળ થવા જે બાબતો જરૂરી છે. તેના પર સુંદર ઉદાહરણો દ્વારા વિશેષ છણાવટ કરી હતી.

આ કાર્યક્રમમાં નિયામક હીરાબેન માંજરિયા ઉપસ્થિત રહેલ શાળાના તમામ શિક્ષકો તથા ધો.૯ અને ૧૨ના ૧૩૯૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વકતવ્યનો લાભ મેળવેલ. આ કાર્યક્રમમાં આભાર દર્શન શાળાના આચાર્ય વર્ષાબેન ડવએ કર્યુ હતું.

# આહીર સેના ગુજરાતના રાજકોટના ઉપપ્રમુખ તરીકે અશોક ડાંગરની વરણી

**અબતક, રાજકોટ**

સમાજસેવા, સહકાર ક્ષેત્ર તથા જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહી લોકો સાથે જીવંત સંપર્ક જાળવનાર અશોકભાઈ ડી. ડાંગરની ગુજરાત રાજકોટ આહીર સેના આ ઉપપ્રમુખ તરીકે મહત્વપૂર્ણ નિમણૂંક કરવામાં આવી છે. અશોકભાઈ ડી. ડાંગર હાલમાં ચામુંડા ક્રેડિટ કો-ઓપ સોસાયટીના ચેરમેન, જનકલ્યાણ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ તેમજ સહકાર સેલ, ભાજપ રાજકોટ મહાનગરના સંયોજક તરીકે વિવિધ જવાબદારીઓ નિભાવી રહ્યા છે. આ ઉપરાંત તેઓ અનેક સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાઈને સમાજહિતના કાર્યોમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

અશોકભાઈ ડી. ડાંગરની કાર્યશૈલીમાં સરળતા, સહજતા, લોકો સાથે સતત સંપર્ક અને સમાજ માટે કંઈક કરવાની ભાવના વિશેષ જોવા મળે છે. સમાજના વિવિધ વર્ગોના લોકો સાથે આત્મીયતાથી જોડાઈ તેમની જરૂરિયાતો સમજવા અને શક્ય તેટલી મદદરૂપ થવાનો તેમનો અભિગમ તેમને એક સક્રિય સમાજસેવક તરીકે આગવી ઓળખ અપાવે છે. સહકાર ક્ષેત્રમાં ચેરમેન તરીકેની જવાબદારી સાથે તેઓ જનકલ્યાણની પ્રવૃત્તિઓને પણ મહત્વ આપી રહ્યા છે. જનકલ્યાણ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે સમાજના જરૂરિયાતમંદ વર્ગ સુધી સેવાભાવી પ્રવૃત્તિઓ પહોંચાડવા માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. જ્યારે સહકાર સેલ, ભાજપ રાજકોટ મહાનગરના સંયોજક તરીકે પણ સહકાર ક્ષેત્રને લગતી બાબતો અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.



ગુજરાત આહીર સેનાના ઉપપ્રમુખ તરીકે મળેલી નવી જવાબદારી તેમના સામાજિક અને સેવાકીય કાર્યક્ષેત્રને વધુ વિસ્તૃત કરવાની તક પૂરી પાડશે.

સમાજના યુવાનોને સંગઠિત કરવા, સમાજમાં એકતા અને સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવવા તેમજ સમાજહિતના કાર્યોને નવી દિશા આપવા માટે અશોકભાઈ ડી. ડાંગર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે.

# બગસરાના રકતદાતા ધનશ્યામ બિરલાનૂં શિવા ગ્રૂપ દ્વારા સન્માન

## પર્યાવરણ પ્રેમી ચેતન દેવલુકનૂં પણ અદકેરૂ સન્માન



**અબતક, રાજકોટ**

બગસરા મૂકામે છગનભાઈ ગાંડાભાઈ વસાણી ટ્રસ્ટ દ્વારા શૈક્ષણીક સમારોહ સાથે વિધાર્થી સમ્માન સમારોહ અત્રેના રામદેવપીર મંદીર ખાતે ટ્રસ્ટના પ્રમૂખ ધનશ્યામભાઈ વસાણી-બિરલા ના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યૅક્રમમા બગસરા તાલુકાના ધો. ૯ થી ૧૨ સૂધીના સાયન્સ તેમજ કોમૅસ ફેકલટીના વિધાર્થીઓને સન્માનિત કરવામા આવેલ.

આતકે ધનશ્માભાઈ વસાણી દ્વારા ૧૦૮ વખત રકતદાન કરવાના અવસરે શિવાગ્રૂપ-બગસરાના પ્રમૂખ નિતેષ ડોડીઆ દ્વારા સન્માનિત કરવામા આવેલ આ તકે નગરપાલિકાના પ્રમૂખ નિરવભાઈ ગોંડલીયા તેમજ પર્યાંવરણ પ્રેમી ચેતનભાઈ દેવલૂકનૂ અદકેરૂ સન્માન સંસ્થા દ્વારા કરાયેલ. આ તકે બગસરાના વિવિધ રાજકીય. સામાજીક. આગેવાનો ઊપસ્થીત રહેલ હતા.

# કણસાગરા મહિલા કોલેજ દ્વારા સૈનિકો માટે ૧૧૦૦ રાખડીઓ એકત્રિત કરાઈ

## એવિડ એકસપ્લીરરના સહયોગથી ‘બંધન ફોર ભારત’ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીનીઓએ દેશપ્રેમ વ્યકત કર્યો

**અબતક, રાજકોટ**

દેશની સરહદો પર ખડેપહેરે રહીને દેશની રક્ષા કરતા બહાદુર સૈનિકો પ્રત્યે અપાર પ્રેમ, આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજના એનએસએસ વિભાગ દ્વારા 'એવિડ એક્સપ્લોરર' સંસ્થાના સહયોગથી 'બંધન ફોરભારત - દિલ કી બાત રાખી કે સાથ' અભિયાનમાં જોરશોરથી સહભાગી બનવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રિન્સિપાલડો. સ્નેહલ પલાણના પ્રોત્સાહક માર્ગદર્શન હેઠળ કોલેજની તમામ વિદ્યાર્થીની બહેનોને આ રાષ્ટ્રપ્રેમી અભિયાન સાથે જોડવા માટે વિશેષ પહેલ કરવામાં આવી હતી. એનએસએસ વિભાગના પ્રોગ્રામ ઓફિસરડો. રેણુકા બી. ચાવડાની આગેવાની અને સતત પ્રેરણાથી કણસાગરા કોલેજની યુવતીઓ અને ગજ્જના સ્વયંસેવકો દ્વારા અવિરત ૨૦ દિવસ સુધી પોતાની સર્જનાત્મકતા અને ઉત્સાહથી સુંદર રાખડીઓની રચના કરવામાં આવી હતી. આ નિષ્ઠાવાન પ્રયાસોના પરિણામે કુલ૧૧૦૦ રાખડીઓનું ભવ્ય સંકલન કરવામાં આવ્યું હતું,

આ અનન્ય યોગદાન બદલ 'એવિડ એક્સપ્લોરર' સંસ્થા દ્વારા કણસાગરા મહિલા કોલેજને વિશેષ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું, જે કોલેજ વતી એનએસએસ પ્રોગ્રામ ઓફિસરડો. રેણુકા બી. ચાવડાદ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.અને આ રીતે કોલેજમાં અનોખી અને દેશભક્તિસભર ઉત્સાહ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

# શિવજીને એક બિલ્વપત્ર ચડાવવાથી હજાર વાજપેયથી યજ્ઞ કર્યાનું ફળ મળે છેઃ જ્યોતિષ આચાર્ય રાજદીપ જોશી

## બિલ્વપત્રના ત્રણ પાંદડામાં સૂર્ય, ચંદ્ર અને અગ્નિનો વાસઃ સ્નાન કર્યા પછી જ તોડવાનો શાસ્ત્રોક્ત નિયમ

**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવને બિલ્વપત્ર ચડાવવાનો વિશેષ મહિમા રહેલો છે. મહાદેવજીને એક હજાર આંકડાના કે કરેણના ફૂલ ચડાવવા જેટલું અથવા હજારો વાજપેય યજ્ઞ, હોમ અને કન્યાદાન કર્યા જેટલું પુણ્યફળ માત્ર એક બિલ્વપત્ર અર્પણ કરવાથી પ્રાપ્ત થાય છે. બિલ્વપત્રના પાન પર ચંદનથી 'ઓમ નમઃ શિવાય' લખીને ચડાવવાથી અને બીલીના વૃક્ષના દર્શન માત્રથી પાપોનો ક્ષય થાય છે અને સુખની પ્રાપ્તિ થાય છે. ત્રણ પાંદડાવાળું અને ખંડિત ન હોય તેવું બિલ્વપત્ર જળની ધારા સાથે અર્પણ કરવાથી શિવજી તુરંત પ્રસન્ન થાય છે.

શાસ્ત્રો અનુસાર ચોથ, આઠમ, નોમ, ચૌદસ, અમાસ અને સોમવારના દિવસે બિલ્વપત્ર તોડવાની મનાઈ છે. મહાદેવજીને આંકડો, કરેણ, ગરમાળાનું ફૂલ, શમીનું પાંદડું અને નીલકમલ પણ ચડાવાય છે, પરંતુ બિલ્વપત્ર સૌથી વધુ પ્રિય છે. બિલ્વપત્રના ત્રણ પાંદડામાં શિવજીના ત્રિનેત્ર સૂર્ય, ચંદ્ર અને અગ્નિનો વાસ માનવામાં આવે છે. તેના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને અગ્રભાગમાં શિવ સ્વરૂપ રહેલું છે. સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ માટે ઘરમાં બીલ્વના ફળની પૂજા કરવી જોઈએ.

સ્કંદપુરાણ મુજબ દેવી પાર્વતીએ પોતાના માથાનો પરસેવો લૂછીને ફેંકતા તેના થોડા ટીપાં મંદાર પર્વત પર પડવાથી બિલ્વ વૃક્ષની ઉત્પત્તિ થઈ હતી. જ્યોતિષ આચાર્ય રાજદીપ જોશી (વેદાંત રત્ન) જણાવે છે કે બિલ્વપત્ર હંમેશા સ્નાન કરીને જ તોડવું જોઈએ.

# બાર એસોસિએશન દ્વારા વકીલો માટે વિપશ્યના ધ્યાન સાધના પરિચય કાર્યક્રમ

## કાર્યક્રમ સંપૂર્ણ નિઃશુલ્ક, રજીસ્ટ્રેશન ફરજિયાતઃ મહિલા વકીલો માટે કોર્ટ ગેટથી નિઃશુલ્ક વાહન વ્યવસ્થા

**અબતક, રાજકોટ**

વકીલાત જેવા સતત માનસિક એકાગ્રતા અને તણાવની માંગ કરતા વ્યવસાયમાં મનની શાંતિ જળવાઈ રહે તે હેતુથી રાજકોટ બાર અને ગોંડલ બાર એસોસિએશન દ્વારા સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટરના સહયોગથી એક દિવસીય વિપશ્યના ધ્યાન સાધના પરિચય કાર્યક્રમનું આયોજન કરાયું છે.આ કાર્યક્રમ તા. ૪ ઓક્ટોબર ૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૪૫ વાગ્યા સુધી સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર ધમ્મકોટ, રાજકોટ-જામનગર હાઈવે, હનુમાન ધારા પાસે, રંગપર ખાતે યોજાશે.કાર્યક્રમમાં વિપશ્યનાના પ્રથમ ચરણ આનાપાન ધ્યાનનું પ્રેક્ટિકલ પ્રશિક્ષણ, થિયોરિટિકલ અને વ્યવહારુ સમજ આપવામાં આવશે. ધ્યાનના માધ્યમથી મનના વિકારોને સમજવા, તણાવ-ચિંતામાંથી મુક્તિ, ગુસ્સા અને અશાંતિ પર નિયંત્રણ, એકાગ્રતા અને માનસિક સ્પષ્ટતાના વિકાસ અંગે માર્ગદર્શન અપાશે.સવારે ૯ થી ૧૦ કેન્દ્રની મુલાકાત, ૧૦ થી ૧૨ આનાપાન ધ્યાન પ્રશિક્ષણ, ૧૨ થી ૧૨:૩૦ પ્રશ્નોત્તરી અને ૧૨:૩૦ થી ૧૨:૪૫ લંચ બાદ સમાપન થશે.સંકલન કરી રહેલા એડવોકેટ સંજય એચ. પંડિતે જણાવ્યું હતું કે, વકીલાતમાં આપણે કાયદા માટે સતત કાર્ય કરીએ છીએ, પણ મનની શાંતિ માટે સમય ફાળવવો પણ જરૂરી છે. આ કાર્યક્રમ કોઈ વિચાર લાદવા માટે નથી, પરંતુ વિપશ્યના શું છે તેનો પ્રાથમિક અનુભવ કરાવવાનો અવસર છે.આ કાર્યક્રમ સંપૂર્ણ નિઃશુલ્ક છે. ભાગ લેવા અગાઉથી રજીસ્ટ્રેશન ફરજિયાત છે. મહિલા વકીલો માટે રાજકોટ કોર્ટ ગેટથી સ્થળ સુધી નિઃશુલ્ક વાહન વ્યવસ્થા કરાઈ છે. રજીસ્ટ્રેશન માટે રાજકોટ બારમાં તુષાર ચૌહાણ (૯૯૨૪૪ ૦૬૫૨૦), ગોંડલ બારમાં દિનેશભાઈ પાતર (૯૮૨૫૭ ૦૨૦૭૯), વધુ વિગત માટે સંજય પંડિત (૯૮૨૪૧ ૧૨૧૦૦) અને મહિલા વકીલો માટે બીનીતા પટેલ (૭૫૭૪૯ ૨૧૧૮૮) નો સંપર્ક કરવા જણાવાયું છે.

**તણાવપૂર્ણ વ્યવસાયિક જીવન વચ્ચે મનની શાંતિ તરફ એક પગલુંઃ સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટરના સહયોગથી વકીલો માટે આનાપાન ધ્યાનનું પ્રેક્ટિકલ પ્રશિક્ષણ અપાશે**

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના

# રૂપલ ખેતિયાની કમિશનર મ્યુનિસિપાલીટી રાજકોટ ઝોનમાં નિયુક્તિ

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ૨૫ ચીફ ઓફિસરોની બદલીનો હુકમ

**અબતક, રાજકોટ**

ગુજરાતના શહેરી વહીવટીતંત્રમાં સરકારે મોટો વહીવટી ફેરફાર કર્યો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ૨૫ ચીફ ઓફિસરોની બદલીના આદેશ આપ્યા હતા. હુકમથી અનેક નગરપાલિકાઓ ઉપરાંત સુરત, અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટ ઝોનના પ્રાદેશિક કમિશનર કક્ષાના અધિકારીઓની જવાબદારીમાં પણ ફેરફાર થયો છે. તમામ બદલી અને નિમણૂકોનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સરકારના આદેશ અનુસાર સુરેન્દ્ર નગર મનપાના ડેપ્યુટી કમિશનર રવિકાંત પટેલની માણસા નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે બદલી કરવામાં આવી છે. જ્યારે વેરાવળ-પાટણ નગરપાલિકાના પારસ મકવાણાને સુરેન્દ્રનગર મનપામાં બદલી કરવામાં આવી છે. ઉપરાંત વિશાલ પટેલની ખંભાતથી કલોલ, ઉમા રામીણાની બોરસદ અને વિરાજ શાહની ડભોઈ નગરપાલિકામાં બદલી કરવામાં આવી છે. કૈલાશ બારેજાની બારેજા અને અશ્વિન વ્યાસની વેરાવળ નગરપાલિકામાં નિમણૂક કરવામાં આવી છે. જયેશ પટેલની ચોટીલા, જયકિશન તડવીની ખંભાત પાલિકા ખાતે બદલી કરાઈ હતી. જયેશ પટેલને ચોટીલા અને જયકિશન તડવીને ખંભાત નગરપાલિકાની જવાબદારી સોંપવામાં આવી છે. તેજલ મુંધવાની દહેગામ અને ભદ્રેશ પટેલની ધ્રાંગધ્રા નગરપાલિકામાં બદલી કરવામાં આવી છે. મંટીલ પટેલને વિરમગામ અને ભારતીબેન સોમાણીને શહેરા નગરપાલિકાના ચીફ ઓફિસર બનાવવામાં આવ્યા છે.

વિપુલ પનારા ઉમરેઠ નગરપાલિકાના ચીફ ઓફિસર બન્યા છે, જ્યારે સંદિપસિંહ ઝાલાની રાપર નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. બ્રિજરાજસિંહ વાળાની ગોંડલ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે બદલી કરવામાં આવી છે. જયમલ મોઢવાડિયાની જામજોધપુર નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે નિયુક્તિ કરાઈ છે.મુકેશ વાઘેલાને ધોરાજી અને ભાવિન કાંધાણીને કેશોદ નગરપાલિકાના નવા ચીફ ઓફિસર બનાવવામાં આવ્યા છે. જ્યારે જીજ્ઞેશ બારોટ હારીજ અને મનોજ સોલંકી મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર બન્યા છે.

### ચાર ઝોનમાં પ્રાદેશિક કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીની જવાબદારીમાં પણ ફેરફાર

ચીફ ઓફિસરોની બદલી સાથે રાજ્યના ચાર ઝોનમાં પ્રાદેશિક કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીની જવાબદારીમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કેશવ કોલડીયાની અંકલેશ્વરથી બદલી કરીને પ્રાદેશિક કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી, સુરત ઝોન તરીકે નિમણૂક કરવામાં આવી છે. નીતિન બોડાતને કલોલથી અમદાવાદ ઝોનના પ્રાદેશિક કમિશનર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. સતીશ પટેલની માણસાથી ગાંધીનગર ઝોનના પ્રાદેશિક કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. જ્યારે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડમાંથી રૂપલ ખેતીયાને રાજકોટ ઝોનના પ્રાદેશિક કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સરકારી હુકમ મુજબ માંડવી-બારોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે વર્ગ-૨ના વૈભવ વ્યાસને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેઓ પોતાની હાલની કામગીરીની સાથે માંડવી-બારોઈ નગરપાલિકાની જવાબદારી પણ સંભાળશે.

# રાજ્યભરમાં પુરવઠા વિભાગનું સર્વર ખોરવાયું: રેશનિંગ અનાજનું વિતરણ ઠપ્પ

## ઈ-પોસ મશીનની '૩૦૦૧' એરર તાત્કાલિક ધોરણે ઉકેલવામાં આવે અથવા સર્વર સુધરે નહીં ત્યાં સુધી કોઈ વૈકલ્પિક ઓફલાઈન વ્યવસ્થા કરીને અનાજ વિતરણ શરૂ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી

**અબતક, રાજકોટ**

આગામી મોટા તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે સરકારી સસ્તા અનાજની દુકાનો પર પર્યાપ્ત જથ્થો પહોંચાડી દેવામાં આવ્યો છે. પરંતુ, તહેવારોના આ મહત્વના દિવસોમાં જ પુરવઠા વિભાગનું સર્વર ખોરવાઈ જતાં સમગ્ર ગુજરાતમાં હાલાકી ઊભી થઈ છે.સસ્તા અનાજની દુકાનો પર રેશનિંગ આપવા માટે વપરાતા ઈ-પોસ મશીનોમાં છેલ્લા કેટલાક સમયથી 'એરર ૩૦૦૧' દર્શાવી રહ્યું છે, જેના કારણે મશીનો ચાલુ જ થઈ રહ્યા નથી. આ ટેકનિકલ ખામીના પરિણામે કાર્ડધારકોને અનાજ વિતરણ કરવાની કામગીરી સંપૂર્ણપણે અટકી પડી છે.અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિત રાજ્યના તમામ નાના-મોટા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનો બહાર લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ અનાજ મળતું ન હોવાથી ગરીબ પરિવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જથ્થો દુકાનોમાં હોવા છતાં સર્વર ડાઉન હોવાના કારણે દુકાનદારો ગ્રાહકોને અનાજ આપી શકતા નથી. પરિણામે ગ્રાહકો અને રેશનિંગ દુકાનદારો વચ્ચે ઘર્ષણ અને બોલાચાલીના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે.તહેવારોના દિવસો નજીક હોવાથી લોકો તહેવાર ઉજવવા અનાજ લેવા પહોંચી રહ્યા છે,

પરંતુ સર્વરના ધાંધિયા તહેવારો પહેલા જ લોકોની મુશ્કેલી વધારી દીધી છે.

દુકાનદારો અને ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા આ અંગે પુરવઠા વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી છે. લોકો અને દુકાનદારોની માગણી છે કે ઈ-પોસ મશીનની '૩૦૦૧' એરર તાત્કાલિક ધોરણે ઉકેલવામાં આવે અથવા સર્વર સુધરે નહીં ત્યાં સુધી કોઈ વૈકલ્પિક ઓફલાઈન વ્યવસ્થા કરીને અનાજ વિતરણ શરૂ કરાવવામાં આવે.

# વિદ્યાર્થીઓને લાંબા સમયથી શિષ્યવૃત્તિ ન મળતાં એબીવીપી મેદાને: કલેક્ટરને રજૂઆત

## બાકી રહેલી સ્કોલરશિપની રકમ તાત્કાલિક ધોરણે જમા કરાવવામાં આવે અને પેન્ડિંગ અરજીઓનો સમયબદ્ધ નિકાલ કરવામાં આવેતેવી એબીવીપીની માંગ





**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યની વિવિધ શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા એસસી, એસટી, ઓબીસી, ઈડબ્લ્યુએસ તથા અન્ય પાત્ર ધરાવતા વિદ્યાર્થીઓ દ્વારા સરકારની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ ઓનલાઈન અરજીઓ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ અને આદિજાતિ વિભાગ હેઠળ આવતી સીએમએસએસ, પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ તેમજ સમાજ કલ્યાણ વિભાગની વિવિધ શિષ્યવૃત્તિની રકમ લાંબા સમયથી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થઈ નથી.જેને લઈ એબીવીપી દ્વારા આજે કલેક્ટર કચેરી ખાતે સુત્રોચાર કરી કલેક્ટર ડો.ઓમપ્રકાશને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.આવેદનમાં જણાવ્યા મુજબ ઘણી અરજીઓ લાંબા સમયથી પેન્ડિગ, વેરિફિકેશન અથવા પેમેન્ટ સ્થિતિમાં અટકેલી છે. આ ઉપરાંત બેંક ખાતાની સમસ્યાઓ ડીબીટી, આધારલિંક, ઈન્સ્ટિટ્યૂટ વેરિફિકેશન કે અન્ય ટેકનિકલ/વહીવટી કારણોસર ચૂકવણી અટકેલી હોવાનું સામે આવ્યું છે.

શિષ્યવૃત્તિ ન મળવાને કારણે આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસ ફી, હોસ્ટેલ ફી, પુસ્તકો અને અન્ય શૈક્ષણિક ખર્ચ પૂરા કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે, જેનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પર આર્થિક બોજ વધ્યો છે.અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા માંગ કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત અને આર્થિક સંજોગોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિશેષ કાર્યવાહી કરવામાં આવે, બાકી રહેલી સ્કોલરશિપની રકમ તાત્કાલિક ધોરણે જમા કરાવવામાં આવે અને પેન્ડિંગ અરજીઓનો સમયબદ્ધ નિકાલ કરવામાં આવે.

# મુખ્યમંત્રીનો ઓનલાઈન નિવારણનો ગુરૂવારે યોજાશે

**અબતક રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ઓગસ્ટનો રાજ્ય સ્વાગત ગુરૂવાર, તા.૨૭મી ઓગસ્ટે યોજવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. નાગરિકો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૭મી ઓગસ્ટના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

# વોર્ડ નં. ૧૮ માં ડ્રોન ટેક્નોલોજીથી મચ્છરો શોધવાની કામગીરી શરૂ

## ડીએમસી દ્વારા સ્થળોના સર્વેની કામગીરીનું સ્થળ પર મોનીટરીંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા તેમજ મચ્છર નિયંત્રણની કામગીરીને વધુ અસરકારક અને આધુનિક બનાવવા માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. આજે વોર્ડ નં. ૧૮ ખાતે નાયબ કમિશનર ચેતન નંદાણી તથા આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી દ્વારા ડ્રોનના માધ્યમથી મચ્છર ઉત્પત્તિના સ્થળોના સર્વેની કામગીરીનું સ્થળ પર મોનીટરીંગ કરવામાં આવ્યું હતું.

આ આવસરે ડ્રોન દ્વારા શહેરના મચ્છર ઉત્પત્તિ સંભવિત વિસ્તારોનું સર્વેક્ષણ કરી સ્થળોની ઓળખ કરવાની તેમજ જરૂરી સ્થળોએ લાર્વીસાઈડ દવાનો છંટકાવ કરવાની કામગીરીનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી એવા વિસ્તારો કે સ્થળો, જ્યાં પરંપરાગત રીતે પહોંચવું મુશ્કેલ હોય ત્યાં પણ મચ્છરના ઉત્પત્તિ સ્થાનોની ઝડપી અને અસરકારક રીતે ઓળખ કરી શકાય છે. તેમજ ઓળખાયેલા સ્થળોએ લાર્વીસાઈડ દવાનો જરૂરી છંટકાવ કરી મચ્છરની ઉત્પત્તિ અટકાવવાની કામગીરી વધુ સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળાના નિયંત્રણ માટે પરંપરાગત કામગીરીની સાથે આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી શહેરને સ્વચ્છ, સ્વસ્થ અને મચ્છરમુક્ત બનાવવા માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે.

# તહેવારોમાં મીઠાઈ-ફરસાણના ભાવબાંધણા માટે જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં

## જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા શહેર તેમજ જિલ્લાના તમામ મામલતદારોને પરિપત્ર મોકલી તહેવારો દરમિયાન પ્રજાને હાલાકી ન પડે અને વેપારીઓ મનસ્વી રીતે ભાવ ન વસૂલે તેવો આદેશ અપાયો

**અબતક, રાજકોટ**

સાતમ-આઠમના પવિત્ર તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ગ્રાહકોને વ્યાજબી ભાવે શુદ્ધ અને ગુણવત્તાસભર ખાદ્યચીજો મળી રહે તે માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. તહેવારો દરમિયાન મીઠાઈ અને ફરસાણના નામે થતી અતિશય ભાવવધારો અને નફાખોરી રોકવા માટે જિલ્લા પુરવઠા અધિકારીએ કડક વલણ અપનાવ્યું છે.રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા રાજકોટ શહેર તેમજ જિલ્લાના તમામ તાલુકાના મામલતદારોને પરિપત્ર મોકલી તહેવારો દરમિયાન પ્રજાને હાલાકી ન પડે અને વેપારીઓ મનસ્વી રીતે ભાવ ન વસૂલે તેવો આદેશ આપ્યો છે.પુરવઠા અધિકારીએ રાજકોટ શહેર અને તમામ તાલુકાના મામલતદારોને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે પોતપોતાના વિસ્તારના નાના-મોટા તમામ મીઠાઈ અને ફરસાણના વેપારીઓ તેમજ એસોસિએશનના હોદ્દેદારો સાથે તાત્કાલિક સમીક્ષા બેઠક યોજવી.તમામ વેપારીઓએ પોતાની દુકાન કે સ્ટોલ પર ગ્રાહકોને સ્પષ્ટ દેખાય તે રીતે તમામ વસ્તુઓનું અદ્યતન 'ભાવપત્રક' (રેટ લિસ્ટ) પ્રદર્શિત કરવાનું રહેશે.

ભાવબાંધણાની સાથે સાથે ગુણવત્તા જાળવવા માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે. તહેવારોમાં મિલાવટખોરી રોકવા માટે મામલતદાર કચેરી અને ફૂડ વિભાગ દ્વારા વિવિધ ડેરીઓ, મીઠાઈ-ફરસાણના ઉત્પાદકો અને વેપારીઓને ત્યાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવશે. અશુદ્ધ કે ભેળસેળયુક્ત ખોરાક વેચનારાઓ સામે દંડનીય અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.તંત્રના આ નિર્ણયથી સાતમ-આઠમના તહેવારોમાં રાજકોટ શહેર અને જિલ્લાની જનતાને વાજબી ભાવે અને ગુણવત્તાયુકત મીઠાઈ-ફરસાણ મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પર્યાવરણ સંરક્ષણ તરફ રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

# સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરાશે

## સચિવાલયથી લઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સુધી તમામ કચેરીઓમાં આ નિર્ણય લાગુ થશે

### પ્લાસ્ટિકના બદલે કાગળ, શણ અને કાપડમાંથી બનેલા પર્યાવરણાનુકૂળ ફાઈલ કવરનો ઉપયોગ કરાશે

**અબતક રાજકોટ**

ગુજરાત સરકારે ટકાઉ અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

હવેથી રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરવાના નિર્ણય અંગે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

ભારત સરકારના 'પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬' અને 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬' અંતર્ગત પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિક-આધારિત સ્ટેશનરીનો તબક્કાવાર ઉપયોગ ઘટાડવામાં આવશે.

આ નિર્ણય સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, જાહેર સાહસો, નિગમો, મંડળો, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ સહિતની તમામ સંસ્થાઓને લાગુ પડશે.

દૈનિક કામગીરીમાં વપરાતા પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોના સ્થાને હવે કાગળ, શણ અથવા કાપડમાંથી બનેલા ઈકો-ફ્રેન્ડલી અને ટકાઉ ફાઈલ કવરનો ઉપયોગ કરવામાં આવશે.

હાલમાં કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિક સ્ટેશનરીનો સ્ટોક પૂર્ણ થયા બાદ નવી તમામ ખરીદી આ પર્યાવરણીય દિશાનિર્દેશો મુજબ જ કરવાની રહેશે.

'સ્વચ્છ ભારત મિશન' અને પર્યાવરણ જતન પ્રત્યેની પોતાની કટિબદ્ધતા દર્શાવતા રાજ્ય સરકારે આ પહેલ દ્વારા સરકારી વહીવટમાં પ્લાસ્ટિકમુક્ત કાર્યસંસ્કૃતિ સ્થાપિત કરવાનો સંકલ્પ કર્યો છે.

# જિલ્લાની ૫૪ હિજરતી મિલકતો એનિમી પ્રોપર્ટીમાંથી કાઢી નાંખવા મુંબઈમાં દરખાસ્ત

## રાજકોટ જિલ્લામાં આવી ૧૩૯ મિલકતોનો સર્વે થોડા દિવસો પૂર્ણ કરવામાં આવ્યો હતો અને કુલ ૧૩૯ મિલકતોમાંથી ૫૪ મિલકતો એનિમી પ્રોપર્ટી ન હોવાનું સામે આવ્યું હતું

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આવેલીએનિમી પ્રોપર્ટીના ચોક્કસ સર્વે અને નિરીક્ષણ બાદ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં નોંધાયેલી કુલ ૧૩૯ એનિમી પ્રોપર્ટીમાંથી ૫૪ જેટલી મિલકતોને આ યાદીમાંથી મુક્ત કરવા (ડી-નોટિફાય કરવા) માટેની સત્તાવાર દરખાસ્ત મુંબઈ સ્થિત કસ્ટોડિયન ઓફિસને મોકલી આપવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, ભારત અને પાકિસ્તાનના ભાગલા વખતે અથવા ૧૯૬૫ના યુદ્ધ પછી જે લોકો ભારત છોડીને પાકિસ્તાન કે અન્ય દુશ્મન દેશમાં સ્થાયી થયા છે, તેમની ભારતમાં રહેલી મિલકતોને 'એનિમી પ્રોપર્ટી' જાહેર કરી તેનો કબ્જો 'કસ્ટોડિયન ઓફ એનિમી પ્રોપર્ટી' હેઠળ લેવામાં આવ્યો છે. તાજેતરમાં રાજકોટ જિલ્લામાં આવી ૧૩૯ મિલકતોનો સર્વે થોડા દિવસો પૂર્ણ કરવામાં આવ્યો હતો અને કુલ નોંધાયેલી મિલકતોમાંથી ૫૪ મિલકતો એનિમી પ્રોપર્ટી ન હોવાનું ખુલ્યું હતું અને હવે આ તમામ મિલકતોને હટાવી દેવા કવાયત હાથ ધરવામાં આવી હોવાનું કલેક્ટર તંત્રના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. કલેકટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે ટોટલ ૧૩૯ મિલકતો કસ્ટોડિયન ઓફ એનિમી પ્રોપર્ટી હસ્તક છે. સર્વે પણ પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. પરંતુ હવે તેમાંથી ૫૪ જેટલી પ્રોપર્ટીઓ એનિમી પ્રોપર્ટી ન હોવાનું સામે આવ્યું છે અને આ ૫૪ હિજરતી મિલકતો હોવાનું સામે આવતા હવે તંત્ર દ્વારા મુંબઈ ખાતે કસ્ટોડિયન ઓફ ઈન્ડિયા ઓફિસ ખાતે એડિશનલ કલેકટર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.ડિક્લેર્ડ પ્રોપર્ટીમાં સૌથી વધુ જેતપુર ૪૪,ઉપલેટા ૧૨,પડધરી ૪,ધોરાજી ૩,ગોંડલ ૨,કોટડા સાંગાણી ૧ સહિતની પ્રોપર્ટી નો સર્વેની કામગીરી હાલ હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે પ્રોસેસ કેસ પ્રોપર્ટી (૭૩) જેતપુર ૫૯,ગોંડલ ૭,જસદણ ૪,રાજકોટ શહેર ૨,કોટડા સાંગાણી ૧ સહિતની મોટાભાગની મિલકતો ખેતીની જમીન, રહેણાંક અને વ્યવસાયિક પ્રકારની છે. જેમાંથી ૫૪ જેટલી પ્રોપર્ટીઓ હવે એનિમી પ્રોપર્ટી ન આવવાનો સામે આવ્યો છે.

જિલ્લા કલેક્ટરની આ પહેલથી ૫૪ મિલકતો જો કસ્ટોડિયન ઓફિસ દ્વારા યાદીમાંથી દૂર કરવામાં આવશે, તો નિર્દોષ મિલકતધારકોને મોટી રાહત મળશે. બાકી રહેલી ૮૫ મિલકતો અંગે કાયદાકીય જોગવાઈ મુજબ આગળની કામગીરી અને હરાજી અથવા તો સરકારી વહીવટ હેઠળ લેવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે.

# ધારાસભ્ય રમેશ ટીલાળાએ ૪૮૦ માતાઓને કરાવી સોમનાથ-ખોડલધામની જાત્રા

## નિર્વાણ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા આયોજિત ‘શ્રવણ યાત્રા’માં વડીલો માટે ભોજન, પરિવહન અને દર્શન સહિતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી





**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારના ૪૮૦ સિનિયર સિટીઝન માતાઓ માટે ધારાસભ્ય રમેશ ટીલાળાના માર્ગદર્શન હેઠળ ’નિર્વાણ વેલ્ફેર ફાઉન્ડેશન’ દ્વારા ’સોમનાથ-ખોડલધામ શ્રવણ યાત્રા’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાભાવી યાત્રાનો મુખ્ય હેતુ વડીલોને પવિત્ર ધામે દર્શન કરાવવાનો હતો.આ યાત્રા દરમિયાન માતાઓએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા, ત્યારબાદ કાગવડ સ્થિત ખોડલધામ મંદિર ખાતે શ્રદ્ધાપૂર્વક શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા. યાત્રામાં જોડાનાર તમામ ૪૮૦ સિનિયર સિટીઝન માટે પરિવહન, ભોજન, દર્શન અને સુરક્ષા સહિતની તમામ જરૂરી સુવિધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પવિત્ર તીર્થધામોના દર્શન કરી ભાવવિભોર બનેલી માતાઓએ આ યાત્રાને યાદગાર ગણાવી હતી અને સુંદર આયોજન બદલ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ નિર્વાણ વેલ્ફેર ફાઉન્ડેશનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. માતૃશક્તિ પ્રત્યે સન્માન અને સેવા ભાવ સાથે આયોજિત આ યાત્રા વડીલો માટે આધ્યાત્મિક શાંતિનો અનોખો અનુભવ બની રહી હતી.

# મારવાડી યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય કક્ષાની હેકાથોન ‘ઈન્ટેલિફાય ૪.૦’ યોજાઈ


## ૬૦૦થી વધુ ટીમોમાંથી પસંદ થયેલી શ્રેષ્ઠ પ્રતિભાઓ વચ્ચે યોજાયો જંગ: ૬ ટીમોને ટ્રોફી અને રોકડ પુરસ્કાર આપી કરાયા પ્રોત્સાહિત




**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીના કૃત્રિમ બુદ્ધિમત્તા, મશીન શિક્ષણ અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા ૧૫ અને ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન ૪૮ કલાકની રાષ્ટ્રીય કક્ષાની તકનીકી સ્પર્ધા ’ઈન્ટેલિફાય ૪.૦’ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી આવેલી ૬૦૦થી વધુ ટીમોમાંથી કડક ચકાસણી બાદ પસંદગી પામેલી ૪૨ શ્રેષ્ઠ ટીમો વચ્ચે ઓનલાઈન નહીં પરંતુ રૂબરૂ આખરી સ્પર્ધા યોજાઈ હતી. ૧૬ ઓગસ્ટના રોજ નિષ્ણાત જજો દ્વારા પ્રત્યક્ષ ચકાસણી બાદ ૬ શ્રેષ્ઠ ટીમોને વિજેતા જાહેર કરી કુલ ₹૩,૪૦,૦૦૦ નું પુરસ્કાર ભંડોળ અને વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા.આ સ્પર્ધા કમ્પ્યુટર પ્રોગ્રામિંગ (સોફ્ટવેર) અને યાંત્રિક ભાગો (હાર્ડવેર) એમ બે મુખ્ય ક્ષેત્રોમાં યોજાઈ હતી, જેમાં બંને ક્ષેત્ર માટે ₹૧,૭૦,૦૦૦ નો અલગ પુરસ્કાર રખાયો હતો. કમ્પ્યુટર પ્રોગ્રામિંગ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓએ કૃત્રિમ બુદ્ધિમત્તા, મશીન શિક્ષણ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ઈન્ટરનેટ ટેકનોલોજીથી વાસ્તવિક જીવનના ઉકેલો તૈયાર કર્યા હતા; જ્યારે યાંત્રિક ભાગોના ક્ષેત્રમાં ઉપકરણોનું ડિજિટલ જોડાણ, માઈક્રોકન્ટ્રોલર ચિપ, સંવેદકો અને સંકલિત પ્રણાલી દ્વારા સ્માર્ટ પ્રતિકૃતિઓ બનાવવામાં આવી હતી. આ પ્રોજેક્ટની પસંદગી તાંત્રિક સારાંશ, વિડિયો પ્રદર્શન અને સસમય પ્રોગ્રામિંગ જેવા ત્રણ તબક્કામાંથી કરવામાં આવી હતી.આ સ્પર્ધા દરમિયાન યુનિવર્સિટીના કુલપતિ ડો. આર. બી. જાડેજા અને કારોબારી કુલસચિવ નરેશ જાડેજાએ વિવિધ કાર્યસ્થળોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો અને તેમના ઉકેલોનું નિરીક્ષણ કર્યું હતું..આ રાષ્ટ્રીય કાર્યક્રમને સફળ બનાવવામાં વિભાગના વડા ડો. કીર્તિરાજસિંહ ઝાલા, ડો. વિપુલ લાડવા, ડો. તરન્નમ બ્લોચ, એસોસિએટ ડીન ડો. મધુ શુકલા તેમજ કાર્યક્રમ સંયોજક અક્ષય રાણપરિયા અને સમગ્ર અધ્યાપક મંડળનું મહત્વપૂર્ણ માર્ગદર્શન અને સુચારુ સંકલન રહ્યું હતું.

# આંબેડકરનગર આરોગ્ય કેન્દ્રની એનક્યુએએસ પ્રમાણપત્રમાં નોંધપાત્ર સિદ્ધી : ૮૯.૨૬ ટકા મેળવ્યા



**અબતક, રાજકોટ**

આંબેડકરનગર અર્બન હેલ્થ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણો અંતર્ગત સફળતાપૂર્વક મૂલ્યાંકન પૂર્ણ કરવામાં આવ્યું હતું.આ મૂલ્યાંકનમાં આંબેડકરનગર આરોગ્ય કેન્દ્રએ કુલ ૮૯.૨૬% ગુણ પ્રાપ્ત કરીને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

કેન્દ્ર ખાતે જનરલ ક્લિનિક, માતૃત્વ આરોગ્ય સેવા, નવજાત અને બાળ આરોગ્ય, રસીકરણ, કુટુંબ કલ્યાણ, ચેપી રોગ નિયંત્રણ, બિનચેપી રોગ નિયંત્રણ, ડ્રેસિંગ રૂમ અને ઈમરજન્સી સેવા, ફાર્મસી, લેબોરેટરી, આઉટરીચ સેવાઓ, સામાન્ય વહીવટ વગેરે સેવાઓની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.આ સિદ્ધિ સતત મહેનત, કરુણાભાવ, ગુણવત્તાપ્રત્યેની પ્રતિબદ્ધતા અને એક-એક પગલું આગળ વધવાની ભાવનાનું પરિણામ છે. ડો.ભાવિનકુમાર મહેતા, મેડિકલ ઓફિસર, આંબેડકરનગર UPHCના સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમે એક જુથ થઈને આ સિદ્ધિ હાંસલ કરી છે.

# ઓમ માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા બ્રહ્મ યુવક-યુવતી પરિચય પુસ્તિકાનું કરાશે પ્રકાશન

## ૨૫ ડિસેમ્બર સુધીમાં બ્રહ્મ સમાજમાં ઉમેદવારો ફોર્મ જમા કરાવી શકશે


**અબતક, રાજકોટ**

ઓમ માનવ કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની યોજાયેલી બેઠકમાં કેટલાક અગત્યના નિર્ણયો લેવાયા હતા.

જેમાં આ વર્ષે સંસ્થા દ્વારા બ્રહ્મ યુવક યુવતી પરિચય પુસ્તિકાના પ્રકાશનનુ આયોજન હાથ ધરાયું છે. બ્રહ્મ યુવક યુવતીઓને પોતાના યોગ્ય જીવનસાથી ચયનમાં સુવિધા મળે અને ઘેર બેઠા પાત્રની વિગત ઉપલબ્ધ બની શકે તે માટે સંસ્થા દ્વારા કામગીરી હાથ ધરાઈ રહી બ્રાહ્મણ યુવક યુવતીઓએ પોતાની વિગત સંસ્થાના ફોર્મમાંભરી આગામી ૨૫ ડિસેમ્બર પહેલા ઓમ માનવ કલ્યાણ ચે. ટ્રસ્ટ, ૬૩૨ ધ સિટી સેન્ટર, અંડર બ્રિજ પાસે રૈયા રોડ રાજકોટ ખાતે પહોચાડવા જણાવાયું છે.

આ બેઠકમાં સંસ્થાના સર્વે પ્રવીણભાઈ જોશી, જગદીશભાઈ પી. ત્રિવદી, મધુકરભાઈ ખીરા, જનાર્દનભાઈ આચાર્ય, બાલેન્દુભાઈ જાની, હર્ષદભાઈ વ્યાસ, વિક્રમભાઈ પંચોલી, લલીતભાઈ ઉપાધ્યાય તેમજ નિલેષભાઈ પંડ્યા અને કિશોરભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. વધુ માહિતી માટે જનાર્દનભાઈ આચાર્ય ૯૪૦૮૧ ૦૨૮૩૧ તેમજ વિક્રમભાઈ પંચોલી ૯૪૨૭૫ ૬૪૧૨૮ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# ‘અબતક’ના ફોટોગ્રાફર શૈલેષ વાડોલિયાના પિતાશ્રીનું નિધન: સાંજે સ્મશાન યાત્રા



**રાજકોટ:** મુળ મોટી ભલસાણ ગામ હાલ રાજકોટ નિવાસી નરસીભાઈ કાનજીભાઈ વાડોલિયા (ઉ.વ.૭૯) તે હરિભાઈના નાનાભાઈ, મગનભાઈ અને હેમંતભાઈના મોટાભાઈ, હસમુખભાઈ, રાજુભાઈ, ‘અબતક’ દૈનિકના ફોટોગ્રાફર શૈલેષભાઈ અને ભાવેશભાઈના પિતાશ્રી, કરણ, ,દર્શન,પાર્થ, દેવાંશ, જાનવી અને સોનલના દાદાનું તા. ૨૪ ને સોમવારના રોજ અવસાન થયું છે. સદગતની અંતિમ યાત્રા આજે સાંજે ૫:૩૦ કલાકે તેઓના નિવાસ સ્થાને રાધેકૃષ્ણ બ્લોક નંબર એ-૧૯ ક્રિષ્ના બંગલો રેલનગર રાજકોટ ખાતેથી નિકળી પોપટપરા સ્મશાન ગૃહ ખાતે જશે. હસમુખભાઈ મો. નં. ૯૮૨૫૨ ૪૧૮૫૯, રાજુભાઈ મો.નં. ૯૮૨૫૧ ૫૨૬૪૫, શૈલેષભાઈ મો. નં. ૯૮૯૮૧ ૪૪૮૦૫, ભાવેશભાઈ મો. નં. ૯૮૯૮૯ ૩૪૧૬૮ અને કરણભાઈ મો. નં. ૯૮૨૫૧ ૦૯૭૭૬ છે.

# ટંકારાના મોટા ખીજડીયા ગામે અગમ્ય કારણોસર યુવાનનો ઝેરી દવા પી આપઘાત

## સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી: કારણ અકબંધ, પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

ટંકારા ના મોટા ખીજડીયા ગામે વાડી વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષે યુવાને અગમ્ય કારણોસર ગઈકાલે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે પ્રથમ ચીખલીયા હોસ્પિટલ ટંકારા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જ યુવાને દમ તોડતા ટંકારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે મળતી માહિતી મુજબ ટંકારાના મોટા ખીજડીયા ગામે મયુરસિંહની વાડીએ રહેતા શ્રમિક પરિવારના અનિલભાઈ રમેશભાઈ પંચોલી ઉંમર વર્ષ ૨૫ વર્ષે યુવાને ગઈકાલ સાંજે ૪:૦૦ વાગે આસપાસ પોતે વાડી હતા ત્યારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે ટંકારાની ચીખલીયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જ તબીબે યુવાનને મૃત જાહેર કરતા ઘટના સ્થળે ટંકારા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી આ અંગે મૃતક પોતે મૂળ મધ્યપ્રદેશનો વતની હોય અહીં વાડી ભાગવી રાખતો હોય બે ભાઈ એક બેન અને બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે ટંકારા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.એચ.ચુડાસમાએ વધુ તપાસ હાથ ધરી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ મૂળ જામકંડોરણા હાલ રાજકોટ સ્વ. દામોદરભાઈ છગનલાલ પંડ્યાના પુત્ર ઉપેન્દ્રભાઈ (ઉ.વ. ૮૦ નિવૃત્ત જનસત્તા) તે મધુભાઈ (યુએસએ), જનાર્દનભાઈ (નિવૃત્ત આરસીસી બેંક, ભારત સેવક સમાજ), સ્વ મુકુંદભાઈ (નિવૃત્ત આરએમસી), રાજેન્દ્રભાઈ (નિવૃત્ત કાપડ મિલ), સ્વ. કમલેશભાઈ (જનતા ક્રેડિટ સોસાયટી)ના વડિલ બંધુ તે મંજુલાબેન ના પતિ, તે હર્ષલભાઈના પિતાશ્રી તે સિહોર નિવાસી સ્વ.જેચંદભાઈ કાનજીભાઈ ગોરડીયાના જમાઈ, તે મહેન્દ્રભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. વસંતભાઈ, અશોકભાઈના બનેવી તે અભિભાઈ (વોડાફોન), સ્વ. સમીરભાઈ, હિરેનભાઈ (વિરાણી બહેરા મૂંગા શાળા), કવિતાબેન અને શ્રદ્ધાબેન મયંકકુમાર પંડ્યાના ભાઈજીનું તા. ૨૪/ ૮/ ૨૦૨૬ને સોમવારે અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું તથા બેસણું તા. ૨૭/ ૮/ ૨૦૨૬ને ગુરુવારે સાંજે ચાર થી છ રાષ્ટ્રીય શાળા મધ્યસ્થખંડ, રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છે.

**રાજકોટ :** હળવદ નિવાસી હાલ રાજકોટ ઈન્દિરાબેન વિનોદરાય શુક્લ ઉ. વ. ૮૩ જે ભાવિન વિનોદરાય શુક્લ (શારદા ક્લાસીસ) નિલામ્બરી મહેશકુમાર ભટ્ટ, શિલ્પાબેન સંજય કુમાર રાવલ, મનીષાબેન યોગેશકુમાર જોષી, શ્રીદેવી ભાર્ગવકુમાર મહેતાના માતા તથા સાક્ષી અને જીષ્ણુના દાદીનું નું તારીખ ૨૪ રવિવારના રોજ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા. ૨૬ ના બુધવારના રોજ સાંજે ૪ થી ૬ હળવદ બ્રાહ્મણ બોર્ડિંગ સરદાર નગર મેઈન રોડ, એસ્ટ્રોન ચોક, રાજકોટ ખાતે રાખેલ છે મો.૯૮૯૮૨૧૪૭૮૯

# સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી રૂમમાંથી ડોકટરનો મોબાઈલ ચોરાયો

**અબતક રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા અને PDU સરકારી હોસ્પિટલમાં રહેતા ડો. હર્ષ નીતિનભાઈ મુંજાણી ગત ૧૧/૮ના રોજ સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી રૂમમાં ફરજ પર હતા અને ખુરશી માં બેઠા બેઠા ટેબલ પર માથું રાખીને સૂતા હતા તે દરમિયાન તેઓના ખીસામાંથી કોઈ અજાણ્યો તસ્કર રૂ.૩૫ હજાર ની કિંમત નો મોબાઈલ ચોરી ગયાની ફરિયાદ પ્ર .નગર પોલીસ મથકમાં નોંધાવી છે. પોલીસે ફરિયાદ નોંધ સીસીટીવીનાફુટેજના આધારે તસ્કર ની શોધ ખોળ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

**ખરીફ પાકનું વાવેતર...**

ખેડૂતોમાં સેવાઈ રહી છે. મગફળીનું હાલ ૧૦૭.૭૩ ટકા અને કપાસનું ૮૯ ટકા જેટલું વાવેતર કરાયું છે. સોમવારે સમગ્ર રાજ્યના માત્ર ૨૮ તાલુકામાં વરસાદ થયો હતો અને કોઈપણ સ્થળે એક ઈંચથી પણ વરસાદ થવા પામ્યો નથી. બીજી તરફ અનેક પાક એવા છે જેનું સો ટકા વાવેતર પણ થવા પામ્યું નથી. તે સંજોગોમાં રાજ્ય સરકાર જ્યાં શક્ય હોય ત્યાં સિંચાઈનું પાણી આપી શકાય તેવી માગ પણ ઊઠવા પામી છે.

**ઘઉં નિકાસ...**

વર્ષમાં ઘઉંનું ઉત્પાદન વિક્રમી ૧૨૦.૬૫ મિલિયન ટન નોંધાયું હતું, જે અગાઉના વર્ષે ૧૧૭.૯૪ મિલિયન ટન હતું.

ભૌગોલિક રાજકીય કારણોસર વૈશ્વિક સ્તરે ઘઉંના ભાવમાં વધારો થતાં બાંગ્લાદેશ તરફથી ભારતીય ઘઉંની નિકાસ માંગ વધી છે. રોલર ફ્લોર પ્રોસેસર્સ ફેડરેશનના જણાવ્યા મુજબ, આ નિર્ણયથી હવે એમએસએમઈ સેક્ટર પણ વિદેશી બજારોમાં પોતાની બ્રાન્ડ લઈ જઈ શકશે. સરકારી ડેટા અનુસાર, સોમવારે (૨૪ ઓગસ્ટ, ૨૦૨૬) ઘઉંનો સરેરાશ છૂટક ભાવ ૩૧.૪૬ રૂપિયા પ્રતિ કિલો અને ઘઉંના લોટનો ભાવ ૩૭.૩ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ગયા વર્ષના સમયગાળાની સરખામણીમાં સ્થિર છે.

**બેંક લોકર...**

જેમ લોકરમાં મુકેલા સામાનની કોઈ યાદી કે ઈન્વેન્ટરી બેંક બનાવતી નથી. સૌથી મહત્વની વાત એ છે કે ૧૦૦ ગણા વળતરનો આ નિયમ ભૂકંપ, પૂર, વાવાઝોડું કે વીજળી પડવી જેવી કુદરતી આપત્તિઓ વખતે લાગુ પડતો નથી. જો કુદરતી હોનારત કે ગ્રાહકની પોતાની ભૂલથી સામાન નાશ પામે, તો બેંક કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવા બંધાયેલી નથી.

આરબીઆઈના નિયમ મુજબ બેંકો ગ્રાહકોને સીધો કે આડકતરી રીતે લોકર ઈન્સ્યોરન્સ વેચી શકતી નથી. તેથી નાગપાલ સલાહ આપે છે કે લોકર લેતા પહેલાં તેનું એગ્રીમેન્ટ ધ્યાનથી વાંચવું જોઈએ. જો લોકરમાં મોંઘા દાગીના કે અગત્યના કાગળો હોય, તો માત્ર બેંક લોકરના ભરોસે રહેવાને બદલે ગ્રાહકોએ જાતે બહારથી ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસેથી દાગીના અને કિંમતી વસ્તુઓનો અલગથી વીમો લઈ લેવો જોઈએ.

**ટ્રમ્પ...**

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી મોટું જૂથ છે, જ્યાં ૨૦૨૪-૨૫માં ૩.૬૩ લાખથી વધુ ભારતીયો અભ્યાસ કરી રહ્યા હતા. જોકે, એક અહેવાલ મુજબ નીતિગત ફેરફારોના કારણે આગામી સત્રમાં આશરે ૧.૧ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઘટી શકે છે. આ ઘટાડાના પરિણામે અમેરિકન અર્થતંત્રમાં વિદેશી વિદ્યાર્થીઓનું આર્થિક યોગદાન ૪૧.૭૭ ડોલર બિલિયનથી ઘટીને ૩૮.૩૭ ડોલર બિલિયન થઈ જવાનો અંદાજ છે, જે યુએસ શિક્ષણ ક્ષેત્ર અને અર્થતંત્ર માટે મોટો ઝટકો છે.

**ભારતીય સેટેલાઈટ...**

પહેલેથી લાઈન પર છે, જેમાં હવે સિંગટેલનો પ્રવેશ હરીફાઈને વધુ રોમાંચક બનાવશે.ભારતની સ્પેસ ઈકોનોમી વર્ષ ૨૦૩૩ સુધીમાં ૪૪ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જેના કારણે વૈશ્વિક ટેલિકોમ કંપનીઓ ભારતીય બજારમાં પોતાનું સ્થાન મજબૂત કરવા આતુર બની છે.

(ત્રીજા પાનાનું ચાલું)

**લોકમેળો...**

અને આકસ્મિક બનાવને પહોંચી વળવા સેન્ટ્રલ કંટ્રોલ રૂમની સ્થાપના કરાશે, જ્યાં તમામ વિભાગોના સિનિયર અધિકારીઓ ચોવીસે કલાક કોઓર્ડિનેશનમાં રહેશે.કટોકટીના સમયે બચાવ કામગીરી અવરોધાય નહીં તે માટે એક સમર્પિત ‘ડિઝાસ્ટર કોરિડોર’ બનાવવામાં આવ્યો છે.મેળામાં ક્રાઉડ મોનિટરિંગ અને મૂવમેન્ટ પર નજર રાખવા એ.આઈ. બેઝ્ડ સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી સતત નિરીક્ષણ કરાશે.એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને ક્યુ.આર.ટી. ટીમ દ્વારા સ્થળ પર મોકડ્રિલનું આયોજન કરી સુરક્ષા વ્યવસ્થા ચકાસવામાં આવશે.તા. ૨ સપ્ટેમ્બરના રોજ લોકમેળાના ભવ્ય ઉદઘાટન સમારોહ માટેના મુખ્ય અતિથિશ્રીના નામની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વિભાગોના અધ્યક્ષો સાથે સમીક્ષા બેઠક યોજીને મેળો સંપૂર્ણ સલામત, સુચારુ અને યાદગાર બને તે પ્રકારનું આયોજન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

**ક્લેક્ટર...**

સહિતના ઉપસ્થિત મહેમાનોએ નિહાળી હતી.

આ યાત્રામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, આસિસ્ટન્ટ કલેક્ટર ટીના કલ્યાણ સહિતના અધિકારી, સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળના હોદ્દેદાર, રાજકોટની ખ્યાતનામ શાળા-કોલેજોના ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

**મુખ્યમંત્રીનું આહવાન**

એમ પણ જણાવ્યું કે, કેનેડાના ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ જન્મભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવા ગુજરાતમાં પણ રોકાણો માટે આવવું જોઈએ.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ આગામી વાયબ્રન્ટ સમિટ ૨૦૨૭માં કેનેડાના ગુજરાતી સમુદાયોને જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું.મુખ્ય સચિવ એમ.કે.દાસ, અધિક મુખ્ય સચિવ ટી.નટરાજન, મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવકુમાર, અગ્ર સચિવ રાજેન્દ્ર કુમાર અને મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે સહિત ગુજરાત ડેલિગેશનના સભ્યો અને ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત કેનેડાના સદસ્યો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

**ફરાળી પેટીસ...**

પણ નોટિસ ફટકારી દંડ વસુલ કરવામાં આવ્યો હતો. કુલ ૪૫ પેઢીઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૦૬ કિલો જથ્થાનો નાશ કરી પાંચ વેપારીઓને નોટિસ આપવામાં આવી છે અને રૂા. ૧૨૦૦૦નો દંડ વસુલ કરીને ૧૧ સ્થળેથી ફરાળી વાનગીઓના નમુના લેવામાં આવ્યા હતાં.

**સ્વાઈન ફ્લુ સામે સરકાર સજજ**

વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અધિકારીઓને આદેશ આપતાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૯ની એચવનએનવન ગાઈડલાઈન મુજબ જ રાજ્યની તમામ હોસ્પિટલોમાં દર્દીઓના સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારની પ્રક્રિયાનું ચોક્કસ પાલન થાય તેમજ ઈમરજન્સી વિભાગો, તબીબો અને નર્સિંગ સ્ટાફને આ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત એચવન એનવન સામેની સજ્જતાના ભાગરૂપે મંત્રીએ રાજ્યની સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડિન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના સિનિયર આરોગ્ય અધિકારીઓને તમામ સરકારી હોસ્પિટલોમાં જરૂરી દવાઓ, ઓકિસજન અને વેન્ટિલેટરની પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ રાખવા નિર્દેશ પણ આપ્યા હતા.


આરોગ્ય મંત્રી પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, જો કોઈ હોસ્પિટલમાં ટેકનિકલ કે સ્ટાફ સંબંધિત પ્રશ્નો હોય તો હોસ્પિટલના તબીબી અધિકારીઓએ આંતરિક સ્તરે જ તેનો ઉકેલ લાવવો જેથી દર્દીઓની સેવાઓ ખોરવાય નહીં. આ ઉપરાંત, હોસ્પિટલોમાં સ્વચ્છતા અભિયાનને વધુ મજબૂત બનાવવા પર પણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ખાસ ભાર મૂક્યો હતો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ખીજડિયા પક્ષી અભયારણ્ય બ્લેક-નેકડ સ્ટોર્કનાં પ્રજનન માટેનું મુખ્ય સ્થળ બન્યું

**અબતક, રાજકોટ**

ગુજરાત વન વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનનાં સંશોધકોએ તાજેતરમાં જામનગર જિલ્લામાં આવેલા ખીજડિયા પક્ષી અભ્યારણ્યમાં બ્લેક-નેકડ સ્ટોર્ક પક્ષી વિશે અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં જાણવા મળ્યું કે, ખીડજિયા પક્ષી અભ્યારણ્ય બ્લેક-નેકડ સ્ટોર્ક (કાળી ડોક ઢોંક) માટે અત્યંત અનુકૂળ પ્રજનન સ્થળ છે. બ્લેક-નેકડ સ્ટોર્ક ભારતનાં સૌથી મોટાં અને વિશિષ્ટ જળપક્ષીઓમાંનું એક છે. વન્યજીવ (સંરક્ષણ) સુધારા અધિનિયમ, ૨૦૨૨ હેઠળ બ્લેક-નેકડ સ્ટોર્ક અનુસૂચિ (૨) હેઠળ રક્ષિત પક્ષી છે. આ અભ્યાસમાં કાળી ડોક ઢોંક પક્ષીની પ્રજનનની નોંધપાત્ર સફળતા જોવા મળી. નિરીક્ષણ હેઠળનાં ચારેય માળાઓમાંથી બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવ્યાં હતાં. અભ્યાસનાં તારણો દર્શાવે છે કે, રામસર સાઈટ તરીકે જાહેર થયેલું ખીજડિયા પક્ષી અભ્યારણ્ય



કાળી ડોક ઢોક પક્ષી માટે બ્રિડીંગ માટે મહત્વનું સ્થળ છે.

પીઅર-રિવ્યુડ આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં જુલાઈ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન ખીજડિયા પક્ષી અભયારણ્યમાં બ્લેક-નેકડ સ્ટોર્કની વસ્તીની સ્થિતિ, પ્રજનન પરિસ્થિતિશાસ્ત્ર (બ્રિડીંગ ઈકોલોજી), માળાનાં સ્થળોની લાક્ષણિકતાઓ અને પ્રજનન ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ સંશોધન ગીર ફાઉન્ડેશનનાં વૈજ્ઞાનિકો સંદીપ મુંજપરા, દિવ્યરાજસિંહ જાડેજા, નિતા સોલંકી, અમિતકુમાર નાયક અને બી.પી. પતી દ્વારા કરવામાં આવ્યું હતું.વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ગીર ફાઉન્ડેશનની સમગ્ર સંશોધન ટીમને હું અભિનંદન પાઠવું છું. આ અભ્યાસે બ્લેક-નેકડ ઢોંક પક્ષીનાં અદભૂત વર્તન અને પ્રજનન પરિસ્થિતિશાસ્ત્ર પર નવો પ્રકાશ પાડ્યો છે. આ તારણોને આધારે આપણે આ પક્ષીનાં સરંક્ષણ વિશે અસરકારક પગલાં લઈ શકીશુ.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ખીજડિયા પક્ષી અભયારણ્ય સહિત રાજયના અમૂલ્ય કુદરતી વારસાના સંરક્ષણ માટે અનેક પગલાં લીધાં છે. બ્લેક-નેકડ સ્ટોર્ક તેની ઓછી સંખ્યામાં જોવા મળતા પ્રજનન વસ્તી માટે જાણીતું છે. ગુજરાતમાં ખીજડિયા પક્ષી અભયારણ્ય અને તેની આસપાસનો વિસ્તાર લાંબા સમયથી આ પક્ષી માટે મહત્વપૂર્ણ રહેઠાણ તરીકે ઓળખાય છે. જોકે, તેના પ્રજનન અંગે આપણી પાસે ખૂબ ઓછી માહિતી ઉપલબ્ધ છે.

ગીર ફાઉન્ડેશનના નિયામક બી.પી. પતીએ જણાવ્યું કે, સંશોધકોએ અભયારણ્યનાં આઠ મેનેજમેન્ટ ઝોનમાં ફેલાયેલા ૪૮ જિયોરેફરન્સ્ડ સેમ્પલિંગ પોઈન્ટનો ઉપયોગ કરીને વ્યાપક ક્ષેત્ર સર્વે હાથ ધર્યો હતો. અભ્યાસમાં માળાનું નિરીક્ષણ, વર્તણૂકનું અવલોકન અને તેના રહેઠાણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ દરમિયાન ૩૨૦ કલાકથી વધુના અવલોકનના આંકડા એકત્રિત કરવામાં આવ્યા. બી.પી પતીએ વધુમાં જણાવ્યું કે, અભ્યાસમાં સૌથી નોંધપાત્ર બાબત એ જાણવા મળી કે, અભ્યાસ હેઠળનાં બ્લેક-નેકડ સ્ટોર્કનાં ચાર સક્રિય માળાઓમાં, દરેક માળામાં એક પ્રજનન જોડી હતી અને દરેક જોડીએ સફળતાપૂર્વક બે બચ્ચાં ઉછેર્યાં હતાં. આમ, ચાર માળાઓમાં કુલ આઠ બચ્ચાં નોંધાયાં હતાં. આ ઉપરાંત, નિયમિત રીતે જોવા મળતાં પાંચ બિન-પ્રજનન પુખ્ત પક્ષીઓ સહિત અભ્યાસના સમયગાળા દરમિયાન અભયારણ્યમાં આ પક્ષીની સંખ્યા ૨૧થી વધુ નોંધાઈ હતી. સંશોધનમાં જાણવા મળ્યું કે, બ્લેક-નેકડ સ્ટોર્કે ચારેય માળાઓ ગાંડા બાવળનાં વૃક્ષો પર બાંધ્યા હતા. આ માળા જમીનથી ત્રણથી ૪.૫ મીટરની ઊંચાઈએ હતાં. સામાન્ય રીતે બ્લેક-નેકડ સ્ટોર્ક મોટા કદની સ્થાનિક વૃક્ષ પ્રજાતિઓ પર માળા બાંધે છે. જોકે, આ અભ્યાસમાં જાણવા મળ્યું કે. જ્યાં સ્થાનિક માળા બાંધવા યોગ્ય વૃક્ષો ન હોય ત્યાં ગાંડા બાવળ જેવા વૃક્ષો પર પણ માળા બનાવે છે.

## કાળી ડોક ઢોંક પક્ષી માતા-પિતા તરીકેની મજબૂત જવાબદારી નિભાવે છે

ગીર ફાઉન્ડેશનનાં વૈજ્ઞાનિક અને અભ્યાસના એક લેખક ડો. સંદીપ મુંજપરાએ જણાવ્યું કે, અભ્યાસમાં આ પ્રજાતિ દ્વારા નિભાવવામાં આવતી મજબૂત પિતૃત્વની જવાબદારી જાણવા મળી. આ પક્ષીનાં ૮૯ નિરીક્ષણ અને મુલાકાતો દરમિયાન અમે નોંધ્યું કે, પુખ્ત સ્ટોર્ક સરેરાશ ૬૨ મિનિટ સુધી માળામાં હાજર રહે છે. ખોરાક મેળવવા માટેની નોંધાયેલી ૯૪ ટકા ઉડાનોમાં એક માતા-પિતા પક્ષીએ માળા પર બીજા પક્ષીનું સ્થાન લીધું હતું. આ બાબત પિતૃ દ્વારા અત્યંત સંકલિત રીતે બચ્ચાંની સંભાળ રાખવામાં આવતી હોવાનું દર્શાવે છે. આવા વર્તનથી ઈંડાં અને બચ્ચાંનું સતત રક્ષણ અને સંભાળ સુનિશ્ચિત થાય છે.મહત્વપૂર્ણ બાબત એ છે કે, માળાઓનાં નિરીક્ષણનાં સમયગાળા દરમિયાન સંશોધકોએ માળા ત્યજી દેવાની, શિકારી પ્રાણીઓ દ્વારા હુમલો થવાની અથવા બચ્ચાંના મૃત્યુની એકપણ ઘટના નોંધાઈ નહોતી. ચારેય માળામાંથી બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવ્યાં હતાં, જેના પરિણામે ૧૦૦ ટકા ફ્લેજિંગ સફળતા દર નોંધાયો હતો. અભ્યાસ અનુસાર, આટલી ઊંચી પ્રજનન સફળતા ભારતના અન્ય વિસ્તારોમાં થયેલા અવલોકનોની સરખામણીએ નોંધપાત્ર છે. અહીં માળામાંથી બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવવાનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

## બ્લેક-નેકડ સ્ટોર્કને માછલી, ઉભયજીવી, ક્રસ્ટેશિયન અને જળચર અપૃષ્ઠવંશી જીવો સહિતના ખોરાક સ્ત્રોતો પૂરા પાડે છે

અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્યજીવ) ડો. જયપાલ સિંહે જણાવ્યું કે, આ સંશોધન બ્લેક-નેકડ સ્ટોર્કનાં રહેઠાણનાં પરિસ્થિતિક મહત્વને પણ વધુ મજબૂત બનાવે છે. બ્લેક-નેકડ સ્ટોર્કને જીવવા અને પ્રજનન કરવા માટે માત્ર પાણી પૂરતું નથી. તેના સફળ પ્રજનન માટે યોગ્ય ખોરાક મેળવવાના વિસ્તારો, જળચર શિકાર, માળા બાંધવા યોગ્ય વૃક્ષો, છીછરું પાણી, વનસ્પતિ અને પ્રમાણમાં ઓછા માનવીય વિક્ષેપવાળા વિસ્તારો જરૂરી છે.ડો. જયપાલ સિંહે ઉમેર્યું કે, ચારેય માળાના સ્થળોની વિશેષતાઓ-ખાસ કરીને છીછરું પાણી, જળસપાટી ઉપરની વનસ્પતિ, ઊંચા સ્થળો અને ઓછો વિક્ષેપ-આવાસ વ્યવસ્થાપન માટે મહત્વપૂર્ણ સંકેતો આપે છે. આ પરિસ્થિતિઓ જાળવી રાખવી ખીજડિયામાં આ પ્રજાતિની પ્રજનન વસ્તી જાળવી રાખવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ગીર ફાઉન્ડેશનનાં નાયબ નિયામક અમિતકુમાર નાયકે જણાવ્યું કે, માળાનાં તમામ સ્થળોમાં કેટલીક સામાન્ય પરિસ્થિતિક વિશેષતાઓ જોવા મળી હતી. તમામ માળા ૦.૩થી ૦.૭ મીટરની ઊંડાઈ ધરાવતા છીછરા પાણીવાળા વિસ્તારોની નજીક હતાં અને તેમની આસપાસ ખુલ્લું પાણી, જળસપાટી ઉપરની વનસ્પતિ તથા ઊંચાણવાળો વિસ્તાર હતો. આ પરિસ્થિતિઓ માછલી, ઉભયજીવી, ક્રસ્ટેશિયન અને જળચર અપૃષ્ઠવંશી જીવો સહિત પૂરતા ખોરાક સ્ત્રોતો પૂરા પાડે છે, જે પ્રજનન કરતા પક્ષીઓ અને મોટા થતાં બચ્ચાં માટે આવશ્યક છે.

## બ્લેક-નેકડ સ્ટોર્ક પક્ષી પોતાના બચ્ચાઓની ખૂબ કાળજી રાખે છે, ૮૯ નિરીક્ષણોમાં જાણવા મળ્યું કે, માળાની મુલાકાત દરમિયાન પુખ્ત બ્લેડ-નેકડ-સ્ટોર્ક સરેરાશ ૬૨ મિનિટ સુધી માળામાં હાજર રહ્યાં

# ફેમિલી પ્લાનિંગ એસોસિએશન આયોજીત હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પનો ૪૫૦ દિકરીઓએ લાભ લીધો

## જે.એચ.ભાલોડીયા મહિલા કોલેજ અને નિરામય ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિદાન, સારવાર અને દવાનું વિતરણ કરાયું

**અબતક, રાજકોટ**

ફેમીલી પ્લાનિંગ એશોસીએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાન્ચ, જે એચ ભાલોડીયા મહિલા કોલેજ તથા નિરામય ચેરીટેબલ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે હિમોગ્લોબીન ચેકઅપ તથા નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૫૦ દીકરીઓએ સક્રિય રીતે સહભાગી થઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવેલ, ડો.રીદ્ધીબેન પંડયા અને ડો.ભાર્ગ્વીબા જાડેજા દ્વારા તમામ દીકરીઓને નિદાન અને સારવાર સૂચવવામાં આવેલ, નિરામય ચેરીટેબલ ટ્રસ્ટના લેબ ટેકનીશ્યન કિરણબેન બગડા અને સ્ટાફ નર્સ વર્ષાબેન રાઠોડ દ્વારા તમામ દીકરીઓનું હિમોગ્લોબીન ચેકઅપ કરવામાં આવેલ, એફપીએઆઈ રાજકોટ બ્રાંચએ એન એમ સોનલબેન દેવાચાર્ય દ્વારા મેડીસીન વિતરણ કરવામાં આવેલ. એફપીએઆઈ રાજકોટ બ્રાંચના યુથ મેમ્બર્સ રાજ ખરા અને પ્રિન્સ ગોહેલ દ્વારા મેડીસન વિતરણનું એનાલીસીસ કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ફેમીલી પ્લાનિંગ એશોસીએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાંચ ચેરપર્સન તથા કમિટી મેમ્બેર્સની શુભેચ્છાઓ રહેલ, જે એચ ભાલોડિયા મહિલા કોલેજના પ્રિન્સીપાલ



ડો.રમેશભાઈ ડાંગર, એન એસ એસ પ્રોગ્રામ ઓફિસર ડો.હિરેનભાઈ પવાર, એફ પી એ આઈ રાજકોટ બ્રાંચ મેનેજર મહેશભાઈ રાઠોડ તેમજ કોલેજની એન એસ એસ વિભાગની તાલીમાર્થી બહેનોએ સક્રિય રીતે જહેમત ઉઠાવી હતી.

# ભુલને કબુલ ન કરવી એ સૌથી મોટી ભૂલ છેઃ પૂ.મોરારિબાપુ


## બોસ્ટન-અમેરિકાની રામકથાનું પૂ.મોરારિબાપુના શ્રીમુખેથી ભાવસભર સમાપન

**અબતક, રાજકોટ**

બોસ્ટન-અમેરિકાની કાવર્ડ યુનિવર્સિટીમાં યોજાયેલી રામકથા માનસ ગુરૂપ્રસાદનું ગઈકાલે રવિવારે ભાવસભર વાતાવરણમાં સમાપન થયું હતું. પ્રિ? બાપુની હવે પછીની રામકથા, કર્ણાટક ઉડીપીની ભૂમિ પર તા. ૧-૯-૨૦૨૬ થી તા. ૯-૯-૨૦૨૬ દરમિયાન યોજાશે.

કથાના આઠમા દિવસ (શનિવાર)ના પ્રેમસંવાદમાં પ્રિય બાપુએ કહ્યું હતું કે, અમારા કથા જગતના પં.કિકરજી મહારાજ કહેતા કે, ભગવતગીતામાં યોગ છે. રામ ચરિત માનસમાં પ્રયોગ છે અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં જ્ઞાન છે તો માનસમાં વિજ્ઞાન છે. મારા ગુરૂ (દાદા)એ મને રામાયણ આપી પણ દુનિયાને એણે મહાભારતની કથા સંભળાવી હતી રામ સાધુ છે. સીતા સાધ્વી છે. લક્ષ્મણજી તુફાની સાધુ છે. હનુમાનજી પણ તુફાની સાધુ છે. સાધુ સંકોચી હોય છે. હું એને શરમાની સાધુ કહું છું, રામ શરમાની સાધુ છે. ભરત કરબાની સાધુ છે. દશરથ મર્યાદી સાધુ છે, કાગભુસુંડીજી શિવાની સાધુ છે.

કથાના સમાપન દિવસે કથાનો પ્રેમસંવાદ આગળ લઈ જતાં પ્રિય બાપુએ કહ્યું કે મને કોઈએ પુછ્યું છે કે, લોક તમે હાર્વડ યુનિવર્સિટીમાં કેમ આવ્યા? જવાબ હું અહીં ભણવા કે ભણાવવા નથી આવ્યો હું તો પ્રસાદ વ્હેંચવા આવ્યો છું.



# પ્રિયવદન ભટ્ટની જિલ્લા એન્ટી કરપ્શન વિભાગમાં ડાયરેકટર તરીકે વરણી

## વિવિધ સેવાકીય અગ્રણીઓ દ્વારા સન્માન અને મુકેશ ફેન કલબ દ્વારા સંગીતોની સુરાવલી

**અબતક,રાજકોટ**

બ્રમ અગ્રણી પ્રિયવદનભાઈ ભટ્ટ ની સેન્ટ્રલ ગર્વમેન્ટ ફાઉન્ડેશન દ્વારા રાજકોટ જીલ્લાના એન્ટી કરપ્શન વિભાગમાં ડાયરેકટર તરીકે નિમણૂક થતા ડો. જગદીશભાઈ શાસ્ત્રીજી (દ્વારકાવાળા), સવજીભાઈ રામજીભાઈ બલર (ટ્રસ્ટી - કબીર આશ્રમ), ચંદુભાઈ ગોળવાળા (પ્રમુખ , જય માતાજી અબોલ જીવ માનવ સેવા કેન્દ્ર, રાજકોટ), હરેન્દ્રભાઈ તિવારી (ચેરમેન - હેલ્ધી અને હેપી યુનિવર્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ), હિતેશભાઈ જોશી (ટ્રસ્ટી દાળેશ્વર મહાદેવ ટ્રસ્ટ)દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહ સાથે રાજકોટની સંગીતપ્રેમી જનતાને કરાઓકે દ્વારા મુકેશ ફન કલબ સંગીત ના સુરો લહેરાવેલ અને ૨૫૦ થી વધુ ભાઈઓ બહેનોએ



ભોજન પ્રસાદ લીધેલ હતો. જય માતાજી અબોલ જીવ માનવસેવા કેન્દ્ર, મોજ મસ્તી ગ્રુપ, લાફિંગ કલબ ગ્રુપ ધર્મયાત્રા મહાસંઘ ગ્રુપ, રઘુવંશી ગ્રુપ, મકાઈ સેવા ગ્રુપ, ઈન્ડિયન ફોરેસ્ટ ગ્રુપ વગેરેના કાર્યકર્તા ભાઈઓ બહેનો જોડાયેલા હતા.

# શહેર ભાજપ અનુસુચિત જનજાતિ મોરચાની નવી ટીમ જાહેરઃ પરિચય અને સન્માન સમારોહ યોજાયો

## પ્રમુખ તરીકે મનોજભાઈ હુબલ, મહામંત્રી તરીકે વિજય રાઠોડ અને જીતેન્દ્ર વાઘેલાની વરણી

**અબતક,રાજકોટ**

પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ ભાજપ મહામંત્રી અને રાજકોટ શહેર ભાજપ સંગઠન પ્રભારી શ્રી અનિરૂધ્ધભાઈ દવે, પ્રદેશ ભાજપ અનુસુચિત જનજાતી મોરચાના પ્રમુખ ગણપતસિંહ વસાવા, શહેર ભાજપ સહિતના અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરી શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ શહેર ભાજપ અનુસુચિત જનજાતી મોરચાની ટીમ જાહેર કરેલ હતી. જેમાં શહેર ભાજપ અનુસુચિત જનજાતી મોરચાના પ્રમુખ તરીકે મનોજભાઈ દુબલ, મહામંત્રી તરીકે વિજય રાઠોડ, જીતેન્દ્ર વાઘેલાની વરણી કરવામાં આવેલ. આ સાથે શહેર ભાજપ અનુસુચિત જનજાતી મોરચામાં ૫ ઉપપ્રમુખ અમીતભાઈ ચૌહાણ,



કુણાલભાઈ કડવાતર, માધવભાઈ વાઘેલા, ભાવનાબેન લિડિયા, પ્રેમભાઈ ચારેડા ૫ મંત્રી તરીકે રાજેશભાઈ બૈરવા, વિજયભાઈ વાઘેલા, દેવભાઈ ચૌહાણ, રાહુલભાઈ લુણીયાતર, દર્શનાબેન એ. પરમાર, કોષાધ્યક્ષ તરીકે પ્રદિપભાઈ જે. પરમાર અને કાર્યાલય મંત્રી તરીકે નિશીથભાઈ બી. પરમારની પણ વરણી કરવામાં આવેલ હતી આ તકે રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે તમામ નવનિયુકત હોદ્દેદારોનો પરિચય અને સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રવાદની વિચારધારાને વરેલી પાર્ટી છે અને પંચનિષ્ઠાના આધાર પર સ્થપાયેલી પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે ત્યારે આ જવાબદારીના કાર્યકર્તા સફળતાપૂર્વક સંભાળે તેવી શુભકામના પાઠવી હતી.. ` આ વરણીને રાજકોટ મહાનગર સંગઠન પ્રભારી અનિરૂધ્ધભાઈ દવે, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ લોકસભા સાંસદ મોહનભાઈ કુંડારીયા, પૂર્વ રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ યુવા મોરચા મહામંત્રી દેવાંગીબેન મૈયડ, પ્રદેશ ભાજપ યુવા મોરચા મંત્રી જયભાઈ શાહ, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, મેયર નેહલકુમાર શુકલ, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિતના સાથે શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# રાણી રેસીડેન્સીમાં સાઈબર ફ્રોડથી બચવા જાગૃતિ સેમિનાર યોજાયો

**અબતક,રાજકોટ**

રાણી રેસીડેન્સી સોસાયટી ખાતે રહેવાસીઓને વધતા જતા સાઈબર ફ્રોડ અને ઓનલાઈન છેતરપિંડીથી સુરક્ષિત રહેવા અંગે જાગૃત કરવા માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ.વી.સી. કો-ઓપરેટીવ બેન્કના સહયોગથી આયોજિત સેમિનારમાં બેન્કના આસિસ્ટન્ટ મેનેજર દ્વારા ડિજિટલ અરેસ્ટ, કે.વાય.સી. અપડેટ, ઓનલાઈન ટાસ્કના નામે છેતરપિંડી, ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ, ક્રેડિટ રિફંડ ફ્રોડ, ફેક ફોન કોલ અને લિંક દ્વારા થતી છેતરપિંડી જેવી વિવિધ સાઈબર ગુનાની પદ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. રહેવાસીઓને અજાણ્યા વ્યક્તિ સાથે ઘઝડ, ર્ડંગ, પાસવર્ડ, બેંક વિગતો અથવા ઊંઢઈ સંબંધિત માહિતી શેર ન કરવા, અજાણી લિંક પર ક્લિક ન કરવા તેમજ કોઈપણ વ્યક્તિના દબાણમાં આવીને ઓનલાઈન નાણાં ટ્રાન્સફર ન કરવા અંગે ખાસ સમજ આપવામાં આવી હતી. સાથે જ શંકાસ્પદ ફોન, મેસેજ કે ઓનલાઈન વ્યવહાર અંગે સતર્ક રહેવા અને છેતરપિંડીની ઘટના બને તો તાત્કાલિક યોગ્ય સત્તાવાળાને જાણ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં સોસાયટીના રહેવાસીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ *સતર્ક રહો, માહિતગાર રહો અને સાઈબર ફ્રોડથી સુરક્ષિત રહો* ના સંદેશ સાથે દરેક પરિવારને ડિજિટલ રીતે વધુ સજાગ બનાવવાનો હતો.સેમિનારમાં રાણી સેસિડન્સી પરિવારના સિનિયર સીટીઝન, મહિલાઓ સહીત પરિવારજનો જોડાયા હતાં.




# બાલાજી મંદિરે પૂર્વ સાંસદ અને ધારાસભ્યો સહિતના મહાનુભાવોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પુર્વ સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ સહિતના અગ્રણીઓએ લ્હાવો લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટના ભુપેન્દ્ર રોડ સ્થિત સુપ્રસિદ્ધ બાલાજી હનુમાનજી મંદિર ખાતે શનિવારના રોજ એક અત્યંત અનોખો અને ભવ્ય 'ચોકલેટ શણગાર એવમ ચોકલેટ અન્નકૂટ' મહોત્સવ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના પાવન અવસરે લોકલાડીલા નેતા અને રાજ્યસભાના પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ દક્ષિણના ધારાસભ્ય અને અગ્રણી ઉદ્યોગપતિ રમેશભાઈ ટીલાળા તેમજ રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ અચૂકપણે દાદાના દર્શનાર્થે પધાર્યા હતા. દાદાના દરબારમાં આયોજિત આ અલૌકિક ઉત્સવમાં આસ્થાનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું.



આ વિશેષ આયોજનમાં બાલાજી દાદાને વિવિધ રંગબેરંગી ચોકલેટ્સમાંથી ખાસ તૈયાર કરાયેલા આકર્ષક વાઘા પહેરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, દાદાની સમક્ષ ચોકલેટ્સથી સુશોભિત વિશાળ 'ચોકલેટ અન્નકૂટ' ધરાવવામાં આવ્યો હતો. આ તમામ મહાનુભાવોએ બાલાજી દાદાના ચરણોમાં શીશ ઝુકાવી, અદભુત ચોકલેટ શણગાર અને ચોકલેટ અન્નકૂટના દર્શનનો લ્હાવો લીધો હતો. દર્શન કર્યા બાદ સૌએ ધન્યતા અનુભવી હતી અને સંતોના આ નયનરમ્ય અને આસ્થાભર્યા આયોજનની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. મહંત શાસ્ત્રી વિવેકસાગર દાસજી સ્વામી, મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીના સીધા માર્ગદર્શન હેઠળ આ ઉત્સવને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો. શહેરભરમાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ આ દિવ્ય મહોત્સવમાં ભાગ લઈ બાલાજી દાદાની કૃપા પ્રાપ્ત કરી હતી.

# સોમનાથમાં શ્રાવણના બીજા સોમવારે ભક્તોના ઘોડાપૂર : ૧.૩૬ લાખ ભાવિકોએ કર્યા મહાદેવના દર્શન

## મંદિરના દ્વાર ખુલ્યેથી સાંજની આરતી સુધી સતત ભક્તોની ભારે ભીડ; 'હર હર મહાદેવ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું સોમનાથ ધામ

**અબતક અતુલ કોટેચા સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસના દ્વિતીય સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. વહેલી સવારથી જ સોમનાથ ધામમાં દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા શ્રદ્ધાળુઓનો પ્રવાહ જોવા મળ્યો હતો. મંદિરના દ્વાર ખુલ્યેથી સાંજની આરતી સુધીમાં ૧.૩૬ લાખ ભાવિકોએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શ્રાવણ માસ ભગવાન શિવની આરાધના માટે વિશેષ પવિત્ર માનવામાં આવે છે. તેમાં પણ સોમવારના દિવસે સોમનાથ મહાદેવના દર્શનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભગવાન સોમનાથના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. સમગ્ર મંદિર પરિસર અને પ્રભાસપાટણનો વિસ્તાર 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો.





સોમનાથ મહાદેવના દર્શન માટે આવેલા ભાવિકોમાં મોટી સંખ્યામાં પરિવાર સાથે આવેલા શ્રદ્ધાળુઓ ઉપરાંત ગુજરાતના વિવિધ શહેરો તેમજ અન્ય રાજ્યોમાંથી આવેલા યાત્રાળુઓનો પણ સમાવેશ થતો હતો. ભક્તોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી જળાભિષેક સહિતની ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો અને પોતાના પરિવારના સુખ-સમૃદ્ધિ તથા આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી.

શ્રાવણના બીજા સોમવારને લઈને સોમનાથ મંદિર ટ્રસ્ટ અને વહીવટીતંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોવાથી દર્શન વ્યવસ્થા, કતાર વ્યવસ્થા, ભીડ નિયંત્રણ અને સુરક્ષા સહિતની વ્યવસ્થાઓ પર સતત નજર રાખવામાં આવી હતી. ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે અને સૌ સરળતાથી સોમનાથ મહાદેવના દર્શન કરી શકે તે માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિરના દ્વાર ખુલ્યા બાદથી જ ભક્તોનો પ્રવાહ સતત વધતો રહ્યો હતો. દિવસ દરમિયાન ભક્તોની સંખ્યામાં વધારો થતાં સોમનાથ ધામમાં આસ્થાનું વિશાળ માનવમહેરામણ જોવા મળ્યું હતું. સાંજની આરતી સુધીમાં ૧.૩૬ લાખ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.


### "સુરક્ષિત ઝોન પણ અસુરક્ષિત"

# ચીનની નવી મિસાઈલો સામે અમેરિકા અને યુરોપની પણ જવાબી તૈયારી

## પેન્ટાગોનનો મોટો ખુલાસોઃ ૨૦૧૫ની સરખામણીએ ચીને બેલિસ્ટિક મિસાઈલોમાં ૧૪૭ ટકાનો જંગી વધારો કર્યો

**અબતક, રાજકોટ**

આધુનિક યુદ્ધમાં અત્યાર સુધી મુખ્ય યુદ્ધભૂમિથી હજારો માઈલ દૂર આવેલા જે પાછળના સુરક્ષિત વિસ્તારને સંપૂર્ણ સલામત ગણવામાં આવતો હતો, તે વિસ્તાર પણ હવે ચીનની નવી ટેક્નોલોજી સામે અસુરક્ષિત બની ગયો છે. આ સુરક્ષિત ઝોનમાં તૈનાત રહેતા અમેરિકાના કમાન્ડ-એન્ડ-કંટ્રોલ, સર્વેલન્સ અને હવામાં બળતણ પૂરતા ટેન્કર વિમાનો હવે ચીનની નવી હાઈપરસોનિક મિસાઈલોના સીધા નિશાના પર આવી ગયા છે. આ સ્થિતિએ વૈશ્વિક સંરક્ષણ ક્ષેત્રે



મોટો ખળભળાટ મચાવી દીધો છે.

બ્લૂમબર્ગના અહેવાલ અને યુએસ એરફોર્સના અભ્યાસ અનુસાર, ચીને એવા હાઈપરસોનિક ગ્લાઈડ વાહનો અને હવામાંથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો વિકસાવી છે જે વિશ્વના અન્ય કોઈ દેશ પાસે નથી. ચીનની ડીએફ-૧૭ મિસાઈલ સિસ્ટમ ૧,૫૦૦ માઈલ (૨,૪૧૪ કિમી) અને ડીએફ-૨૭ મિસાઈલ અંદાજે ૫,૦૦૦ માઈલ સુધી પ્રહાર કરી ગુઆમ અને હવાઈ જેવા અમેરિકી સૈન્ય મથકોને પોતાની પહોંચમાં લે છે. ૨૦૧૩માં શી જિનપિંગના સત્તામાં આવ્યા બાદ મિસાઈલ ઉત્પાદનમાં ભારે ઉછાળો આવ્યો છે. પેન્ટાગોનના અંદાજ મુજબ ૨૦૧૫થી ૨૦૨૪ દરમિયાન ચીને બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઈલોના જથ્થામાં અનુક્રમે ૧૪૭% અને ૫૦% નો વધારો કર્યો છે, જેમાં ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં વપરાયેલી પીએલ-૧૫ મિસાઈલ પણ સામેલ છે.

જોકે, આ હાઈપરસોનિક શસ્ત્રો વાપરવાના સૈન્ય પડકારો પણ એટલા જ જટિલ છે. મહત્તમ અંતરે છોડાયેલી મિસાઈલને લક્ષ્ય સુધી પહોંચતા ૨૦ મિનિટથી વધુ સમય લાગે છે, જેથી ગતિશીલ વિમાનનું સતત સ્થાન મેળવવું અઘરું છે. આ ઉપરાંત, દૂરના સંવેદકોની માહિતી જામ થવાનું જોખમ રહે છે અને આવી મિસાઈલના લોન્ચિંગને દુશ્મન દેશ પરમાણુ હુમલો સમજીને વળતો પ્રહાર કરી બેસે તેવી પણ ઘાતક ભીતિ રહેલી છે.

આ જોખમ સામે અમેરિકા અને યુરોપ પણ હાથ પર હાથ ધરીને બેસી રહ્યા નથી. અમેરિકી સૈન્યએ એઆઈએમ-૧૭૪બી (રેથિયોનની એસએમ-૬ આધારિત) અને ૩૦૦ માઈલથી વધુ રેન્જ ધરાવતી એઆઈએમ-૪૨૪ 'મેલિસ' મિસાઈલોનું પરીક્ષણ શરૂ કર્યું છે. આ ઉપરાંત લોકહીડ માર્ટિનની એઆઈએમ-૨૬૦ અને યુરોપની ૧૦૦ માઈલથી વધુ અંતર સુધી પ્રહાર કરતી 'મિટિઓર' મિસાઈલ સિસ્ટમ પણ તૈનાત કરવામાં આવી રહી છે.

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સાતમ આઠમની પાંચ દિવસની રજા

### મુખ્ય યાર્ડ ૧ થી ૫ સપ્ટેમ્બર રજા રહેશેઃ ઘાસચારા વિભાગમાં માત્ર બે દિવસની રજા

**અબતક,રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સાતમ આઠમના તહેવારમાં પાંચ દિવસની રજા જાહેર કરવામાં આવી છે. ઘાસચારા વિભાગમાં માત્ર બે દિવસની રજા રહેશે.

બેડી સ્થિત રાજકોટ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી બી.આર. તેજાણીના જણાવ્યાનુસાર સાતમ આઠમના તહેવારમાં બેડી સ્થિત મુખ્ય યાર્ડ આગામી ૧ થી ૫ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. ૬ સપ્ટેમ્બરે રવિવારની જાહેર રજા હોવાના કારણે યાર્ડ કુલ છ દિવસ બંધ રહેશે. સબયાર્ડ સ્થિત શાકભાજી વિભાગ ૩ થી ૬ સપ્ટેમ્બર સુધી વરસાદ રહેશે બટેટા વિભાગમાં પણ ૩ થી ૬ સપ્ટેમ્બ સુધી કામકાજ બંધ રહેશે. જયારે ડુંગળી વિભાગ ૨થી ૬ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરવામાં આવી છે. ઘાસચારા વિભાગમાં ૪ અને ૫ સપ્ટેમ્બરના રોજ એમ બે દિવસ રજા જાહેર કરવામાં આવી છે. આ દિવસો દરમિયાન યાર્ડમાં જણસી ન લાવવા ખેડુતોને અનુરોધ કરવામાં આવી છે.સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમના તહેવારનું અનેરૂ મહત્વ છે. સૌરાષ્ટ્રના અલ ગઅલગ યાર્ડ દ્વારા જન્માષ્ટમીના તહેવારોની રજાઓ જાહેર કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા પૈકીના એક એવા રાજકોટ યાર્ડમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં અલગ અલગ યાર્ડ દ્વારા પણ રજાનું સમય પત્રક જાહેર કરાશે.


# તમારા બાથરૂમ લીકેજ માટે જવાબદાર કોણ?

## ફ્લેટમાં પાણી ટપકવાની સમસ્યા પર કો-ઓપરેટિવ કોર્ટનો ચુકાદોઃ સોસાયટી મેનેજમેન્ટ સામેની અરજી ફગાવીને વ્યક્તિગત જવાબદારી નક્કી કરાઈ

**અબતક મુંબઈ**

બહુમાળી ઈમારતો અને ફ્લેટ્સમાં છત કે દીવાલમાંથી પાણી ટપકવું (સીપેજ) એ રહીશો વચ્ચેના મોટા વિવાદોનું મુખ્ય કારણ બનતું હોય છે. ઉપરના માળના બાથરૂમ કે ફ્લેટમાંથી થતા લીકેજના રિપેરિંગનો ખર્ચ કોણે ભોગવવો- હાઉસિંગ સોસાયટીએ કે જે-તે ફ્લેટના માલિકે? આ મામલે મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ કોર્ટે સ્પષ્ટતા કરતાં ચુકાદો આપ્યો છે કે વ્યક્તિગત ફ્લેટની અંદર રહેલી આંતરિક પાઈપલાઈનના નુકસાન કે સીપેજ માટે હાઉસિંગ સોસાયટીને જવાબદાર ઠેરવી શકાય નહીં; આ સંપૂર્ણપણે જે-તે ફ્લેટધારકની અંગત જવાબદારી છે.

મીરા રોડ ખાતે બનેલી ઘટના અને વિવાદનું મૂળઃ નીચેની દુકાનમાં સતત પાણી પડવા છતાં





પાડોશીએ સમારકામ ન કરાવતાં મામલો કોર્ટ સુધી પહોંચ્યોથાણે જિલ્લાના મીરા રોડ સ્થિત એક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન ધરાવતા સભ્યની છત પર ઉપરના ફ્લેટના બાથરૂમમાંથી સતત પાણી ટપકતું હતું, જેના કારણે મોટું નુકસાન થઈ રહ્યું હતું.ઉપરના ફ્લેટ માલિકે સમારકામ કરાવવાની ના પાડતાં, દુકાનદારે હાઉસિંગ સોસાયટી સામે કાયદાકીય પગલાં લીધાં અને સોસાયટી પોતાના ખર્ચે રિપેરિંગ કરાવી આપે તેવી માંગ કરી.કોર્ટે સોસાયટી સામેની આ અરજી ફગાવી દીધી અને સ્પષ્ટ કર્યું કે સોસાયટીના નિયમો મુજબ ફ્લેટની અંદરનું કન્સિલ્ડ પ્લમ્બિંગ એ સોસાયટીના અધિકારક્ષેત્રમાં આવતું નથી.

સોસાયટીના બાય-લોઝ હેઠળ સોસાયટી મેનેજમેન્ટ સંબંધિત ફ્લેટ માલિકને નિયત સમયમર્યાદામાં સમારકામ પૂર્ણ કરવા સત્તાવાર નોટિસ આપી શકે છે સીપેજનું ચોક્કસ કારણ સાબિત કરવા માટે સર્ટિફાઈડ પ્લમ્બર કે આર્કિટેક્ટ પાસે ટેકનિકલ ઈન્સ્પેક્શન કરાવી તેનો વિગતવાર રિપોર્ટ અને ફોટોગ્રાફ્સ તૈયાર રાખવા જરૂરી છે.જો પાડોશી સમારકામમાં સહકાર ન આપે, તો પીડિત સભ્ય નિયમાનુસાર રિપેરિંગ કરાવીને થયેલા ખર્ચની રકમ કાયદેસર પ્રક્રિયા દ્વારા પાડોશી પાસેથી વસૂલ કરી શકે છે.જો લીકેજને કારણે ઘરનું ફર્નિચર, ઈલેક્ટ્રિકલ વાયરિંગ કે દીવાલોને કાયમી નુકસાન થયું હોય, તો નુકસાનીના વળતર અને માનસિક ત્રાસ બદલ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરી શકાય છે.

# ઈન્ડોનેશિયા અને 'વનતારા' વચ્ચે વન્યજીવ આરોગ્ય અને સંરક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ ભાગીદારી

## ૧૦ મોબાઈલ હોસ્પિટલ અને તાલીમ કાર્યક્રમો દ્વારા ઈન્ડોનેશિયામાં વન્યજીવ સંરક્ષણ મજબૂત કરાશે

**અબતક, રાજકોટ**

ઈન્ડોનેશિયાના વન મંત્રી રાજા જુલી અંતોનીએ જકાર્તામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં વન્યજીવ આરોગ્ય અને સંરક્ષણ માટે વનતારા સાથે મહત્વપૂર્ણ નવી પહેલોની જાહેરાત કરી હતી. આ ભાગીદારી અંતર્ગત વન્યજીવ સંભાળ સાથે જોડાયેલા કર્મચારીઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ, પશુચિકિત્સા તાલીમ, ૧૦ મોબાઈલ 'હોસ્પિટલ્સ ઓન વ્હીલ્સ' તથા વે કેમ્બાસ એલિફન્ટ હોસ્પિટલના આધુનિકીકરણ સહિતની કામગીરી હાથ ધરાશે

આ પહેલને અનંત અંબાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કાર્યકારી નિયામક તથા ઈન્ડોનેશિયાની વન્યજીવ સંસ્થા પીટી ફૌના લેન્ડ ગ્રુપના સહયોગથી સમર્થન મળ્યું છે. રાજા જુલી અંતોનીએ જણાવ્યું હતું કે વન્યજીવ સંરક્ષણ સૌની જવાબદારી છે અને આ ભાગીદારીથી ઈન્ડોનેશિયાની વન્યજીવ આરોગ્ય તથા સંરક્ષણ વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

વનતારાના મુખ્ય કાર્યકારી અધિકારી વિવાન કરણીએ જણાવ્યું હતું કે ઈન્ડોનેશિયાની જૈવવિવિધતા અને વન્યજીવ સંરક્ષણ માટે સહયોગ આપવો ગૌરવની વાત છે. વનતારા પોતાના વન્યજીવ આરોગ્ય, પશુચિકિત્સા અને સંરક્ષણ ક્ષેત્રના અનુભવનો લાભ ઈન્ડોનેશિયા સાથે વહેંચશે.

પીટી ફૌના લેન્ડ ગ્રુપના મુખ્ય કાર્યકારી અધિકારી ડેની ગુનાલેને જણાવ્યું હતું કે આ ભાગીદારીથી સમગ્ર ઈન્ડોનેશિયામાં વન્યજીવ આરોગ્ય અને સંભાળની સુવિધાઓ મજબૂત બનશે. આ સહયોગ હેઠળ હાથી સંભાળનારાઓ, પશુચિકિત્સકો અને નિષ્ણાતોને તાલીમ આપવામાં આવશે તથા વે કેમ્બાસ હાથી હોસ્પિટલને આધુનિક સાધનો અને ટેક્નોલોજીથી સજ્જ કરવામાં આવશે.

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિની ગોપીકિશન સ્પર્ધાના ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ

### રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી નાગર બોર્ડિંગ સ્થિત જન્માષ્ટમી કાર્યાલય ખાતે ફોર્મ સ્વીકારાશે

**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા પરંપરાગત ગોપીકિશન સ્પર્ધાનું આયોજન કરાયું છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ છે. વિલંબ કર્યા વિના આજે રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી નાગર બોર્ડિંગ સ્થિત જન્માષ્ટમી કાર્યાલય ખાતે નોંધણી કરાવવા મહોત્સવ સમિતિના ઈનચાર્જ પરેશભાઈ રુપારેલીયાએ જણાવ્યું છે.

કન્વીનર નયનાબેન પેઢડીયા અને ઈન્ચાર્જ મિલન કોઠારીના જણાવ્યા મુજબ, આ સ્પર્ધા બાળકો માટે કૃષ્ણના જીવનમૂલ્યો સાથે જોડાવાની ઉત્તમ તક છે. સમિતિના માર્ગદર્શક અશોકભાઈ મકવાણા અને સહ-ઈન્ચાર્જ રમાબેન હેરભાએ ઉમેર્યું કે તેનાથી નાની વયે સનાતન સંસ્કૃતિનો પરિચય થાય છે. સહ-ઈન્ચાર્જ જયભાઈ બોરિચા, કેતનભાઈ સંઘવી અને હર્ષદભાઈ રુપારેલીયા મુજબ, વેશભૂષાથી બાળકોમાં સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ વધે છે.

સહ-ઈન્ચાર્જ જલ્પાબેન પતિરા, જીતાબેન દતાણી અને કાજલબેન દેસાઈએ જણાવ્યું કે આ સ્પર્ધા સંસ્કાર સંવર્ધનનું માધ્યમ બને છે. માર્ગદર્શક વનરાજભાઈ ગરૈયાના જણાવ્યા મુજબ, કૃષ્ણભાવ, સંસ્કાર અને સંસ્કૃતિ એ જ આ સ્પર્ધાનો મુખ્ય હેતુ છે.

# બોલબાલા ટ્રસ્ટની માનવ સેવામાં દાતાઓ સહયોગનો સેતુઃ આરોગ્ય-અન્નક્ષેત્ર માટે સાધન અર્પણ

**અબતક, રાજકોટ**

બોલબાલા ટ્રસ્ટ પોતાની "માનવ સેવા એજ પ્રભુ સેવા" સુત્ર ને આધીન છેલ્લા ત્રણ દાયકાથી વધુ અવીરત સેવા કરી રહ્યુ છે. જેનો વિસ્તાર વધારવા બોલબાલા ટ્રસ્ટ દ્વારા નવા આરોગ્ય ભવન લોકાર્પણ અને બોલબાલા સેવાયજ્ઞ માં સહયોગ આપતા અનેક મહાનુવોના સન્માન માટે એવરગ્રાન્ડ હોટલ, લીમડા ચોક ખાતે એક વિશેષ કાયક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

બોલબાલા ટ્રસ્ટની ૩૬ વર્ષથી ચાલતી અવીરત સેવાને ધ્યાને લઈ દાતા રોલેક્ષ રીંગ્સ પ્રા.લી ની મિહિરભાઈ મદેંકા તરફથી આરોગ્ય વાહન નંગ-૧, સિલ્વર કઝુમર ઈલેકટ્રીકલ





### આરોગ્ય વાહન, અન્નપૂર્ણા રથ, રોટલી બનાવવાનું મશીન સહિતની ભેટ અપાઈ

પ્રાલી. ધરમશીભાઈ ગેડીયા- વિનીનભાઈ બેડીયા તરફથી અન્નપુર્ણા રથ નંગ-૧

સંસ્થાના અન્નક્ષેત્ર માટે સ્વ. ગજેન્દ્રસિંહ ઝાલા, હસ્તે બીનાબા ગજેન્દ્રસિંહ ઝાલાના સ્મણાર્થે મયુરધ્વજસિંહ જાડેજા જેએમજે ગ્રુપ રોટલી બનાવવાનું મશીન નંગ-૧, મનીષભાઈ ભટ્ટ રોટરી ગ્રેટર રાજકોટ તરફથી - ઓકસીજન સિલીન્ડર નંગ-૫૦, જોગેશભાઈ બાવીશી રાજકોટ બિલ્ડર તરફથી એસોસિએશન ઓકસીજન કોન્સન્ટેટર મશીન નંગ-૮, ઓર્નામેન્ટસ લતાબેન ધીરજલાલ ધધડા તરફથી મેડીકલ માટે તેમજ અન્નક્ષેત્ર સહાય. એવરગ્રાન્ડ હોટલ નિલયભાઈ દોશી તેમજ કેતનભાઈ જોશી તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો. જે બદલ બોલબાલા સંસ્થા ના પ્રમુખ જયેશ ઉપાધ્યાય સહયોગ આપનાર દાતાઓના સન્માન કર્યા હતો. સેવાનો વ્યાપ હજુ વધારી વધુ ને વધુ જરૂયાતમંદો સુધી પહોચવા પ્રયત્ન કરશું તેવુ જણાવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં પદ્મશ્રી ડો. જગદીશભાઈ ત્રીવેદી, પૂર્વ સાંસદ સભ્ય પરસોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, નરેન્દ્રભાઈ ઝીબા(ફુલછાબ), સુજીતભાઈ ઉદાણી, મહેશભાઈ સાવલીયા, તુષાર ઉદ્દેશી, જયેશ તન્ના, અનીલભાઈ-ભાડલાવાળા, મનનભાઈ ઉપાધ્યાય, મનીષભાઈ (જૈન સોશ્યલ ગ્રુપ), રૂપેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ દોશી, યોગીનભાઈ છનીયારા, જીજ્ઞેશભાઈ , વિજય વાંક અમીતભાઈ ત્રાંબડીયા, મીલનભાઈ ત્રિવેદી, કશ્યપભાઈ ચોટાઈ, ગીરીશભાઈ મહેતા, ઉદ્યોગપતિ, બોલબાલા ટ્રસ્ટ ના પ્રમુખ જયેશ ઉપાધ્યાય, સુનિલભાઈ કોઠારી, હિતેષભાઈ પોપટ, સુનિલભાઈ રાઠોડ, કાંતીભાઈ પરમાર, હકાભાઈ ચૌહાણ, અનિષભાઈ વાઘર, સુરેશભાઈ મારૂ, ભરતભાઈ ગાલોરીયા તેમજ બોલબાલા કમીટી મેમ્બર, વગેરે મહાનુભવો ની વિશેષ ઉપસ્થિત રહયા હતા.

એવરગ્રીન હોટલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાય સેવાયજ્ઞમાં સહયોગ આપતા તમામ દાતા તેમજ ઉપસ્થિત તમામ મહાનુભવો નો હ્રદય પૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

# પરાપીપળીયા : મુરલીધર ડ્રિંકિંગ વોટર પ્લાન્ટમાંથી જુગારધામ ઝડપાયું

## ગાંધીગ્રામ પોલીસે રૂ.૧.૧૯ લાખની રોકડ સાથે આઠ પત્તા પ્રેમીને પકડાયા

## હરસિધ્ધિપાર્કના કારખાનામાં જુગાર રમતા સાત શખ્સ ઝડપાયાઃ બી ડિવિઝન પોલીસે રૂ.૫૧ હજાર કર્યા કબ્જે

**અબતક, રાજકોટ**

સાતમ આઠમના તહેવારો નજીક આવતા શહેર અને જિલ્લામાં જાણે જુગારની મોસમ પુલ બહારમાં ખીલી ઉઠી હોય ત્યારે પોલીસ તંત્ર પણ જુગારીઓ પર બાજ નજર રાખતી હોય છે. જેમાં ગાંધીગ્રામ પોલીસે પરાપીપળીયા ખંઢેરી રોડ પર આવેલા મુરલીધર ડ્રીનિ્કગ વોટર પ્લાન્ટમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી, જુગાર રમતા આઠ પત્તા પ્રેમીને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ.૧.૧૯ લાખની રોકડ કબ્જે કરી છે.તેમજ બી ડિવિઝન પોલીસની ટીમે રાજકોટ- અમદાવાદ હાઈ - વે પર મેંગો માર્કેટ પાસે આવેલા હરસિધ્ધિ પાર્ક શેરી નંબર ૦૧માં કારખાનામાં જુગાર રમતા સાત શખ્સોને રૂ.૫૧ હજારની રોકડ સાથે ઝડપી લીધા છે.

શ્રાવણ મહિનાની શરૂઆત થતાં જ ઠેર ઠેર જુગારના પાટલા મંડાઈ ગયા છે ત્યારે શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ શહેરમાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા આપેલી સૂચનાના પગલે, ગાંધીગ્રામ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી ક, જામનગર હાઈવે નજીક આવેલા પરાપીપળીયા ગામે રહેતો અને પર પીપળીયા ખંઢેરી રોડ પર મુરલીધર ડ્રીનિ્કગ વોટર પ્લાન્ટ ધરાવતો જનક રાયમલભાઈ મૈયદ નામનો શખ્સ તેના પાણીના પ્લાન્ટમાં જુગાર નો અખાડો ચલાવી રહ્યો છે. ગાંધીગ્રામ પોલીસે પાણીના પ્લાન્ટમાં દરોડો પાડી, જુગાર રમતો જનક મૈયદ સહિત હાર્દિક રણમલભાઈ નકુમ, કાળુ અર્જુનભાઈ હુંબલ, એભલ મેણંદભાઈ કા રેઠા, ભરત દાનાભાઈ શિયાળ, ચેતન રતિલાલ ગોહિલ, મનુ રાણાભાઈ મૈયદ અને વિવેક રમેશભાઈ ડાંગર નામના પતા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૧.૧૯ લાખની રોકડ કબ્જે કરી છે.આ દરોડાની કામગીરી ગાંધીગ્રામ પી.આઈ એચ પી ગઢવીના માર્ગદર્શન હેઠળ, પીએસઆઈ એસ વી ગોહિલ, એસ આઈ આઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, ભવદીપસિંહ ગોહિલ, ચંદ્રદીપ સિંહ જાડેજા અને રઘુભા જાડેજા સહિતના સ્ટાફે બજાવી છે.

જ્યારે જુગારનો બીજો દરોડો બી ડિવિઝન પોલીસની ટીમે બાતમીના પગલે , મોરબી રોડ પર આવેલા સેટેલાઈટ ચોક ની બાજુમાં ઈન્દ્રપ્રસ્થ ૦૧ મે રોડ પર રહેતો અને ઈમિટેશનનો ધંધો કરતો અને અમદાવાદ હાઈવે પર મેંગો માર્કેટ પાસે હરસિધ્ધિ પાર્કમાં કારખાનું ધરાવતો સંજય ભીખાભાઈ રામાણીના કારખાનામાં દરોડો પાડી, સુગર રમતો સંજય રામાણી સહિત દુર્ગેશ વિનુભાઈ રાઠોડ, વિજય બાબુભાઈ મણવર, ચંદ્રેશ ઉર્ફે ચંદુભાઈ બાબુભાઈ સાવલિયા, કમલેશ ચતુરભાઈ કવૈયા, નવીન વીરાભાઈ પરમાર અને બ્રિજેશ કિશોરભાઈ હિરાણી નામના શખ્સોને રૂ.૫૧ હજારની રોકડ સાથે ઝડપી લીધા છ.આ દરોડાની કામગીરી બી ડિવિઝન પી આઈ જી આર ચૌહાણના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન આર ડોબરીયા, હેડ કોન્સ્ટેબલ કૃપાલસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ અજીતસિંહ પરમાર સહિતના સ્ટાફે બજાવી છે.

# માધાપર ચોકડી નજીક હાઈરાઈઝ બિલ્ડિંગમાંથી પટકાતા ૬૬ વર્ષીય વૃદ્ધનું મોત

## ૨૫ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હોવાનું પ્રાથમિક તારણ, પરિવારમાં ગમગીની

**અબતક, રાજકોટ**

શહેરના માધાપર ચોકડી નજીક બિલ્ડિગના ૧૨માં માળે રહેતા પ્રૌઢે ફ્લેટની બાલ્કની માંથી છલાંગ લગાવી લેતા નીચે પટકાતા ગંભીર ઈજાઓ થતા લોહી લુહાણ હાલતમાં તાત્કાલિક ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્ટાફે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે મળતી માહિતી મુજબ માધાપર ચોકડીથી મોરબી તરફ ધ સ્પેસઈ બિલ્ડીંગમાં ફ્લેટ ન ૧૨૦૪માં રહેતા કિશોરભાઈ દેવચંદભાઈ મશરૂ ઉંમર વર્ષ ૬૬ વર્ષીય વૃદ્ધે ગઈ કાલે ૬ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ૧૨ માળેથી અગમ્ય કારણોસર છલાંગ લગાવતા લોહી લોહાણ થતા બનાવના પગલે આસપાસના લોકો એકઠા થયા હતા અને તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ટીમે વૃદ્ધને ઘટના સ્થળે મૃતજાહેર કરતા ઘટના સ્થળે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની ટીમ પહોંચી હતી અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે

આપઘાત કરનાર વૃધ્ધને સંતાનમાં બે દીકરા એક દીકરી છે. વૃધ્ધને ૨૫ વર્ષથી માનસિક બીમારી હોય તેની દવા પણ ચાલુ હતી. આ બીમારીથી કંટાળી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે વધુ તપાસ ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એમ.એન.પીઠીયા ચલાવી રહ્યા છે.

# પરીન ફર્નિચર પાસે યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## એકના એક પુત્રના મોતથી પરિવારનું હૈયાફાટ રૂદનઃ આપઘાતનું કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના પરીન ફર્નિચર પાછળ રહેતા ૨૩ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા તબીબે મૃત જાહેર કરતા પરિવાર હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શહેર ભાગોળે આવેલ પરીન ફર્નિચર પાછળ રહેતા ઋત્વિક શૈલેષભાઈ ભાલુ ઉંમર વર્ષ ૨૩ વર્ષીય યુવકે બપોરે પોતાના ઘરે અગમ્ય કારણોસર પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યાં સારવાર મળે તે પહેલા તબીબે યુવાનને મૃત જાહેર કરતા પરિવારમાં હૈયાફાટ રુદન ના દ્રશ્યો સર્જાયા હતા ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે યુવાનના આપઘાતનું કારણ હજુ સુધી અંકબંધ છે તેમજ મૃતક બપોરે ઘરે જમવા આવ્યો હોય ત્યારે એકલો હતો ત્યારે પંખામાં દુપટ્ટો બાંધી આપઘાત કર્યો અને મૃતકની માતા ઘરે આવતા પુત્રની શોધ કરતા રૂમ ખોલતા દુપટ્ટો બાંધી લટકતો જોઈ પગ નીચેથી જમીન સરકી ગઈ હતી મૃતક પોતે ચંપલની દુકાન માં કામ કરતો અને એક બેનનો એકનો એક ભાઈ ગુમાવતા પરિવાર કલ્પાંત છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## માલવીયા ચોક પાસે પ્રમુખસ્વામી આર્કેડમાં

# હાઈ ડ્રીમ વેલનેસ સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારના ગોરખધંધોનો પર્દાફાશ

## મહિલા રિસેપ્શનિસ્ટની ધરપકડ, માલીક, સંચાલકની શોધખોળ

## એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટિ અન્ય રાજ્યોની ૮ યુવતીઓને મુક્ત કરાવી, એક માસમા બીજીવાર ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરના મધ્ય આવેલા અને ધમધમતા એવા માલવિયા ચોક સ્થિત પ્રમુખ સ્વામી આર્કેડમાં આવેલા હાઈ ડ્રિમ વેલનેસ સ્પા'માંએન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (અઈંઝઞ) ની ટીમે હાઈપ્રોફાઈલ કુટણખાનાનો પર્દાફાશ કરી મહિલા રિસેપ્શનિસ્ટ ધરપકડ કરી છે, જ્યારે અન્ય રાજ્યોની ૮ યુવતીઓને મુક્ત કરાવી છે. આ રેડ દરમિયાન સ્પાના ૨ મુખ્ય સંચાલકો ફરાર થઈ જતાં ઝડપી લેવા દોડધામ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શહેરના માલવીયા ચોક નજીક પ્રમુખ આર્કેડમાં ચાલતા હાલ ડ્રીમ લેન્ડ સ્પાની આડમાં કુટણખાનું ચાલતુ હોવાની માહીતીને આધારે પીઆઈ જાડેજાની સૂચનાથી પીએસઆઈ ગોહિલ સહીતની ટીમે અટકાયત કરી દિલ્હી, ઉતરાખંડ,યુપી,એમપી, મહારાષ્ટ્ર ડમી ગ્રાહકની મદદથી દરોડો પાડી મહિલા રિસેપ્શનિસ્ટની પુછતાછ કરતા માલિક મુકેશ રૂપા વાઘેલા (રહે. જામજોધપર.શેઠ વડાળા) અને નાના મવા રોડ પર રાજનગરમાં રહેતો સંચાલક પ્રદિપ મોહન ચાવડા છેલ્લા દશેક માસથી ચલાવતા હોવાનું તેમજ મસાજ કરાવવા આવતા ગ્રાહકો પાસેથી સંચાલક એક હજાર એન્ટી ફિના લઈ એકસ્ટ્રા સર્વિસના નામે વધુ ત્રણ હજાર પડાવી રૂપલલનાઓને ૨૦૦૦ આપતા પોલીસ રિસેપ્શનિસ્ટ મહિલા નવાગામમાં રહેતી કૃપાલી મનીષભાઈ ગાલોરીયાની અટકાયત કરી તેની પાસેથી બે મોબાઈલ, રોકડ સહીત ૧૪ હજારની મત્તા કબજે કરી માલિકની અને સંચાલકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.પોલીસની વધુ તપાસમાં માલવીયા ચોક ખાતે હાઈ ડીમ સ્પાની આડમાં ચાલતા કુટણખાના ઉપર ૧૦ માસ પૂર્વે પણ એન્ટી હુમન ટ્રાફિકીંગ શાખાએ દરોડો પાડી સંચાલક પ્રદિપ સહીતની ધરપકડ કરી હતી. બાદમાં છુટી સંચાલકે અન્ય માલિકને સાથે રાખી કરી ધંધો શરૂ કર્યો હોવાનુ બહાર આવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.રહેતી કૃપાલી મનીષભાઈ ગાલોરીયાની અટકાયત કરી પોલીસની વધુ તપાસમાં માલવીયા ચોક ખાતે હાઈ ડીમ સ્પાની આડમાં ચાલતા કુટણખાના ઉપર ૧૦ માસ પૂર્વે પણ એન્ટી હુમન ટ્રાફિકીંગ શાખાએ દરોડો પાડી સંચાલક પ્રદિપ સહીતની ધરપકડ કરી હતી. બાદમાં છટી સંચાલકે અન્ય માલિકને સાથે રાખી કરી ધંધો શરૂ કર્યો હોવાનુ બહાર આવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

# રીક્ષાચાલકના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા ૩૪.૬૬ લાખના ટ્રાન્જેકશન થયા!

## નહેરુનગરમાં રહેતાં શખસે બેંક એકાઉન્ટ ખોલી રૂ.૩૦૦૦ ના કમીશનમાં ભાડે આપી દિધું, કર્ણાટકમાંથી ફ્રોડના રૂપીયા ટ્રાન્સફર થયાંઃ બે શખસો સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં રીક્ષાચાલકના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૩૪.૬૬ લાખના સાયબર ફ્રોડના નાણાંનું ટ્રાન્જેકશ થયાનું સાયબર ક્રાઈમની ટીમે શોધી કાઢયુ છે. આ અંગે પોલીસે બે શખસો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકના કોન્સ્ટેબલ જયપાલસિંહ સોલંકીએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ દ્વારા અપાયેલ સૂચના આધારે ઓપરેશન મ્યુલ હંટ ૨.૦ અંતર્ગત કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હોય જેને લઈ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

દરમિયાન તપાસ કરતા રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના એકાઉન્ટ નંબર- ૧૧૪૦૧૯૨૪૦૬૫૫ (મહીલા બ્રાંચ, રાજકોટ) બેન્ક એકાઉન્ટની વિગત મેળવતા આ બેંક એકાઉન્ટ સતીષ દિનેશ સુરાણી (ધંધો-રીક્ષા રહે- ૭૭-બી, રાજનગર શેરી નં.૦૨, બંધ શેરી, નાનામૌવા રોડ, હાલ રહે.ભાડેથી-માયાણી નગર, બેબોન રોડ માયાણીના RMC ક્વાટર, નેહરૂ નગર,રાજકોટ) ના બેંક એકાઉન્ટમા તા.૧૩/૦૩/ ૨૦૨૬ થી તા.૧૦/૦૫/૨૦૨૬ સુધીમા કુલ રૂ.૩૪,૬૬,૯૫૨ જેટલી મોટી રકમના ક્રેડીટ ટ્રાન્જેકશન થયુ હોય તેમજ બેંક એકાઉન્ટની માહિતી સમન્વય પોર્ટલ પર ચકાસતા બેંક ખાતામાં અલગ અલગ રાજ્યમાંથી કૂલ-૪ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદની વિગત મળી આવી હતી.જેથી બેંક ખાતાનાધારક સતીષ દિનેશ સુરાણી પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને પુછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે, હરપાલ સંજય ડોડીયા ઉર્ફે હંસ ડોડીયા (રહે.રામનાથ કૃપા રાજનગર સોસા.-૫, શક્તી પાનની બાજુમા, નાના મવા મેઈન રોડ, રાજકોટ) ના સંપર્કમાં આવેલ, જેને બેંક ખાતુ ખોલાવવા જણાવેલ જેથી સતીષ તેની સાથે બેંક ખાતે ગયેલ અને બેંક ખાતુ ખોલાવેલ અને તેના કમીશન રૂપે ૩૦૦૦ મળેલ અને બેંક ખાતુ ભાડા પેટે સંજય ડોડીયા ઉર્ફે હંસ ડોડીયાને ઉપયોગ કરવા આપ્યું હતું. જેથી પોલીસે બંન્ને સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રૂરલ હાઉસિંગ ક્વાર્ટરમાં પાણીની મોટરના ખારમાં પિતા અને પુત્ર પર ભાઈ-ભત્રીજાનો હુમલો

## ટાંકો ફૂલ હોવા છતાં સ્વીચ ચાલુ કરવા બાબતે ભાભીને ઠપકો આપતા ઉશ્કેરાયા, યુનિવર્સિટી પોલીસમાં ૪ સામે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર પ્રેમ મંદિર પાસે રૂરલ હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં પાણીની મોટર ચાલુ કરવા બાબતે થયેલી બોલાચાલીમાં સગા ભાઈ અને ભત્રીજાઓએ પિતા-પુત્ર પર તલવાર વડે હુમલો કર્યાની ઘટના સામે આવી છે.

પ્રેમ મંદિર પાછળ નીલકંઠ પાર્ક સોસાયટી પાસે રૂરલ હાઉસિંગ ક્વાર્ટર નં. E-1/12 માં રહેતા રીક્ષાચાલક શૈલેષ દેવકરણભાઈ મેમણીયા (ઉ.વ. ૫૦) એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આરોપી તરીકે સગા મોટાભાઈ અરૂણભાઈ મેમણીયા, ભાભી સજ્જનબેન, ભત્રીજા અનિલ અને મનિષના નામ આપ્યા છે.ફરિયાદી પરિવાર સાથે અહીં રહે છે. તેમના મકાનના આગળના ભાગમાં મોટાભાઈ અરુણભાઈ અને ભાભી સજ્જનબેન રહે છે, જ્યારે ભત્રીજા અનિલ અને મનીષ અલગ રહે છે. બંને પરિવારનો સબમર્શીબલ પંપની મોટર એક જ છે અને તેની સ્વીચ ફરિયાદીના ઘરમાં છે.

ગઈકાલે સવારે ૯:૩૦ વાગ્યા આસપાસ ફરિયાદી અને પુત્ર હરેશ ઘરે હતા. પાણીનો ટાંકો ફૂલ થઈ ગયો હોવા છતાં ભાભી સજ્જનબેન મોટર ચાલુ કરવા આવતા ફરિયાદીએ ઠપકો આપ્યો હતો કે, ટાંકો ફૂલ છે, મોટર બળી જશે, દર વખતે ખર્ચો અમારે કરવો પડે છે. આ વાતનો ખાર રાખી ભાભીએ ગાળો ભાંડી પતિ અને બંને પુત્રોને ફોન કરી બોલાવી લીધા હતા.ત્રણેય આવી જતા ફરિયાદી અને તેના પુત્રને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન અનિલે માતાજીના મઢમાં પડેલી તલવાર લઈ હુમલો કરતા ફરિયાદીએ હાથથી તલવાર પકડી લેતા હથેળીમાંથી લોહી નીકળવા લાગ્યું હતું અને સાથળમાં પણ છરકો કર્યો હતો. બૂમાબૂમ થતા લોકો એકત્ર થઈ જતા ચારેય શખ્સો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરોનો ત્રાસઃ ૧૦ હજારના એક લાખ ચૂકવ્યા છતાં ૫ હજાર માટે બોટલથી હુમલો

## ઘનશ્યામનગરના યુવાન પર નવીન-ધર્મેશ ચાંડપાનો હુમલોઃ ઘરખર્ચ માટે ૧૦ ટકા વ્યાજે લીધેલા રૂપિયાઃ થોરાળા પોલીસે નોંધ કરી તપાસ શરૂ કરી

**અબતક, રાજકોટ**

શહેરમાં વ્યાજખોરો બેફામ બન્યા છે. વ્યાજના ચુંગાલમાં ફસાયેલા લોકો આત્મહત્યાના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે વધુ એક બનાવ ૮૦ ફૂટ રોડ પર બન્યો છે.શહેરમાં વ્યાજ ખોરો બેફામ બન્યા છે. વ્યાજના ચુંગાલમાં ફસાયેલા લોકો અવાર નવાર લોકો આત્મહત્યાના પ્રયાસો કરી રહ્યા છે અને વ્યાજખોરો પઠાણી ઉઘરાણી કરી ધાક ધમકી આપતા હોવાની ઘટનાઓ છાસ વારે પ્રકાશમાં આવી રહી છે ત્યારે વધુ એક બનાવમાં કોઠારિયા રોડ પર ઘનશ્યામનગરમાં રહેતો યુવાન વ્યાજના રૂપિયા આપવા જતા બે વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરી માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે ખસેડાયો છે.

કોઠારિયા મેઈન રોડ પર ઘનશ્યામનગરમાં રહેતા જનકભાઈ છગનભાઈ વાઘેલા (ઉ.વ. ૪૨) પર વ્યાજખોરોએ હુમલો કર્યાનો આક્ષેપ છે. ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં તે ૮૦ ફૂટ રોડ પર સત્યમ પાર્ક પાસે હતો ત્યારે નવીન ચાંડપા અને ધર્મેશ ચાંડપાએ ઝઘડો કરી બોટલ વડે માર માર્યો હતો. ઘવાયેલા યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે.પ્રાથમિક પૂછપરછમાં જનકભાઈએ જણાવ્યું હતું કે બે વર્ષ પહેલા ઘરખર્ચ માટે તેણે ૧૦ હજાર રૂપિયા ૧૦ ટકાના વ્યાજે લીધા હતા. અત્યાર સુધીમાં ૧૦ હજાર સામે ૧ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં વ્યાજખોરો વધુ રૂપિયાની માંગણી કરી રહ્યા હતા.ગઈકાલે તે ૫ હજાર રૂપિયા વ્યાજ પેટે આપવા ગયો હતો ત્યારે બંને શખ્સોએ "હજુ તારે વધારે રૂપિયા આપવા પડશે" તેમ કહી પઠાણી ઉઘરાણી કરી હતી અને બોટલ વડે હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે.વ્યાજખોરોની ધાક-ધમકી અને પઠાણી ઉઘરાણીની ઘટનાઓ છાસવારે સામે આવી રહી છે. આ બનાવ અંગે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઘરમાં પગ લપસી જતા પીએસઆઈનું મોત

## ગત મહિને પોલીસ હેડ ક્વાર્ટરમાં બનેલો બનાવઃ પોલીસ બેડામાં શોકની લાગણી પ્રસરી

**અબતક, રાજકોટ**

શહેરના પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતા અને એ ડિવિઝન પોલીસ મથકમાં પીએસઆઈ ગત ૨૮/૭ ના રોજ પોતાના ઘરે બાથરૂમમાંથી નીકળતી વેળાએ પગ લપસી જતા પટકાયા હોવાથી માથામાં ગંભીર ઈજા પહોંચતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં લાંબી સારવાર બાદ પીએસઆઈ નું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજતા પોલીસ બેડામાં શોકની લાગણી ફેલાઈ હતી.

રેસકોર્સ ગાર્ડન સામે આવેલા પોલીસ હેડ કોટર માં બિલ્ડીંગ નંબર ૯૨ સી - ૯ રૂમ નંબર ૫૦૩માં રહેતા અને એ ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ હેમંતભાઈ ટપુભાઈ જીંજાળા ઉ. વ. ૫૫ ,૨૮/ ૭ ના બપોરે ત્રણ. વાગ્યાની બસ પોતાના ઘરે બાથરૂમમાંથી બહાર નીકળતા હતા ત્યારે પગ લપસી જતા તેઓને માથામાં ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા બાદ ગત ૧૭ ના તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી બાદ તા.૨૩ના રોજ તબિયત લથડતા તેમને સારવારમાં લઈ જવામાં આવ્યા હતા, તેમનું પુકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક પી.એસ.આઈ મૂળ રાજુલાના અને સંતાનમાં પુત્ર અને પુત્ર છે. અકાળે અવસાન થતા પોલીસ બેડામાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

# કંસારા બજારમાંથી ક્રિકેટ સટ્ટો રમતા બે વેપારી ઝડપાયા

## પીસીબીની ટીમે રૂ.૨૦ હજારના બે મોબાઈલ કબ્જે કર્યા

**અબતક, રાજકોટ**

શહેરના રૈયા નગર ટાવર નજીક કંસારા બજારમાંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે વેપારીને રૂ.૨૦ હજારની કિંમતના બે મોબાઈલ સાથે પીબીનીટીમાં ઝડપી લીધા છે.શહેરના રૈયા નાકા ટાવર પાસે આવેલી કંસારા બજારમાં કીર્તિ મેટલ નામની દુકાનની બહાર જાહેરમાં બે શખ્સો મોબાઈલમાં ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યા હોવાની બાતમી પીસીબી ની ટીમને મળી હતી. બાતમીના પગલે પીસીબી ની ટીમ કંસારા બજારમાં પહોંચી બંને શખ્સના મોબાઈલ કબજે કરી ચેક કરતા, બંને શખ્સો મોબાઈલમાં allpane 777 નામની અલગ અલગ આઈડી માં ઉત્તર પ્રદેશ ઝ ૨૦ લિંગ ૨૦૨૬ મેસ પર અને કેરેબિયન પ્રીમિયર લીગ ક્રિકેટ મેચ પર હાર જીતનો સોદાવો કરતા હતા. પોલીસે દિવાનપરા શેરી નંબર ૦૧૫ માં શ્રી જમુનેશ કુંજ ,૪ માળ બંધ ગલીમાં રહેતો સચિન મહેશભાઈ શેઠ અને ગૌરવ મહેન્દ્રભાઈ શેઠ નામના વેપારીઓને ૨૦ હજારના મોબાઈલ સાથે ઝડપી લઈ, તેને કોની પાસેથી આઈડી લીધી તેમ જ અગાઉ તેઓ ઝટપણા છે કે નહીં વગેરેની તપાસ પીસીબીની ટીમે હાથ ધરી છે.

# જસદણમાં નવોઢાનો ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## આપઘાતનું કારણ અકબંધઃ પોલીસે વધુ તપાસ હાથ ધરી, પરિવારમાં કલ્પાંત

**અબતક, રાજકોટ**

જસદણ શહેરમાં રહેતી નવોઢાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા તબીબે નવોઢાએ દમ તોડ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ જસદણ શહેરના ગંગાભવન માં રહેતી કિરણબેન રણજીતભાઈ સરકાર ઉંમર વર્ષ ૧૯ વર્ષીય નવોઢા ગઈકાલે પોતાના ઘરે હતી ત્યારે અગમ્ય કારણોસર દોરી વડે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા જ તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળ પર જસદણ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક થોડા સમય પહેલાં લગ્ન થયા હતા મૃતકના પતિ ઘરે જતા નવોજા ગળેફાંસો હાલતમાં જોવા મળી હતી પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે નવોઢા એ આપઘાતનું કારણ અકબંધ છે પતિ હેર સલૂન નું કામ કરે છે સંતાન નથી જસદણ પોલીસ સ્ટેશનના એએસઆઈ પ્રવીણભાઈ માળે વધુ તપાસ હાથ ધરી છે.

# ધો.૧૧ના ત્રણ સગીર છાત્ર સહિત પાંચ શખ્સોને ક્રાઈમ બ્રાન્ચે દબોચી, ચાર એક્ટિવા કબજે

## રાત્રીના આંટાફેરા કરી માસ્ટર કી વડે અનલોક કરી વાહન ઉપાડી જતાઃ ૨૦ દિવસમાં ચાર ચોરીની કબુલાત

**અબતક,રાજકોટ**

શહેરમાં મોજશોખ માટે ચોરીના રવાડે ચડેલા ત્રણ છાત્રો સહિત પાંચ શખસોની ટોળકીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધી હતી. ૨૦ દિવસ દરમિયાન ચાર એકટીવાની ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસે વાહન કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાપ્ત વિગતો મુજબ, શહેરમાં મિલકત સંબંધી ગુનાઓનો ભેદ ઉકેલવા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી. બસીયા દ્વારા આપવામાં અવરલી સૂચનાને લઈ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન. પરમાર તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ, મોહિરાજસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજાને મળેલી હકીકતના આધારે વાહન ચોર ટોળકીને ઝડપી લીધી હતી.

ઝડપાયેલ આ શખસોમાં વિશાલ ભુપતભાઈ આટકોટિયા (ઉ.વ. ૨૧ રહે. વાલકેશ્વર સોસાયટી શેરી નંબર ૬, હસનવાડી મેઈન રોડ) અને હેત નિમેશભાઈ પિત્રોડા (ઉ.વ.૧૯ રહે. વૃંદાવન સોસાયટી શેરી નંબર ૪, અંકુર નગર મેઈન રોડ) જ્યારે અન્ય ત્રણ આરોપી ધોરણ ૧૧ ના છાત્ર અને સગીરવયના હોવાનું માલુમ પડ્યું હતું.પોલીસે જણાવ્યું હતું કે, આ ટોળકીએ તાલુકા અને માલવીયાનગર પોલીસ સ્ટેશનની હદ હેઠળના વિસ્તારમાં વાહન ચોરી કર્યા હતા. પોલીસે રૂપિયા ૮૬ હજારની કિંમતના ચાર એકટીવા કબજે કર્યા છે. આ ટોળકી રાતના સમયે આંટાફેરા કરતી અને માસ્ટર કીની મદદથી જે પણ એકટિવા અનલોક થાય તેને ઉપાડી લેતી હતી. હરવા ફરવા અને મોજશોખ માટે વાહન ચોરી કરતા હતા. ટોળકીએ ચોરી કરેલા વાહનો વેચવા માટેની કોશિશ કરી છે કે, કેમ તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

સ્પોર્ટ્સ અબતક

# બીજી ટેસ્ટમાં ભારત ડ્રાઈવીંગ સીટ પર, શ્રીલંકાનો સંઘર્ષ

## ત્રીજા દિવસે શ્રીલંકાના બેટ્સમેનોને ભારતીય પેસર અને સ્પિનરો સામે ટકી ના શક્યા, ૨૦૦ રનની અંદર સાત વિકેટ ગુમાવી: પ્રસિદ્ધને ત્રણ અને માનવ સુથારને બે અને જાડેજા-સિરાઝને એક-એક વિકેટ મળી

### ધ્રુવ જુરેલની શાનદાર સદી



ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેન ધ્રુવ જુરેલે કોલંબો ટેસ્ટની પહેલી ઈનિંગમાં શાનદાર સદી ફટકારી ઈતિહાસ રચ્યો હતો. જુરેલની સદી ઐતિહાસિક છે કારણ કે તે શ્રીલંકાની ધરતી પર ભારતીય વિકેટકીપર દ્વારા પહેલી ટેસ્ટ સદી છે. અગાઉ શ્રીલંકામાં ભારતીય વિકેટકીપરનો શ્રેષ્ઠ સ્કોર ૭૬ રન હતો જે ધોનીના નામે છે.ધ્રુવ જુરેલે સાતમા નંબર પર બેટિંગ કરતા સદી ફટકારી હતી અને તે આ બેટિંગ ક્રમ પર શ્રીલંકામાં ટેસ્ટમાં સદી પૂરી કરનાર પ્રથમ ભારતીય બન્યો હતો. ધ્રુવ જુરેલે ૧૭૧ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.ધ્રુવ જુરેલ વિદેશમાં નંબર ૭ પર બેટિંગ કરીને સદી ફટકારનાર માત્ર સાતમો ભારતીય બેટ્સમેન છે. કપિલ દેવ અને રિષભ પંતે બે વાર આ સિદ્ધિ મેળવી છે. જુરેલે તેની કારકિર્દીમાં પહેલી વાર આ સિદ્ધિ મેળવી હતી. જાડેજાએ છેલ્લી વખત ૨૦૨૨ માં નંબર ૭ પર બેટિંગ કરીને વિદેશમાં સદી ફટકારી હતી.

**અબતક, રાજકોટ**

ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી અને અંતિમ ટેસ્ટનો ત્રીજો દિવસ છે. મેચ હાલમાં ભારતની પકડમાં હોય તેવું લાગે છે. શ્રીલંકા તેની બીજી ઈનિંગમાં સંઘર્ષ કરી રહ્યું છે.ભારતે બીજા દિવસે ૫૦૩/૯ ના વિશાળ સ્કોર સાથે પોતાનો પહેલો દાવ જાહેર કર્યો. દેવદત્ત પડિકલ અને ધ્રુવ જુરેલની શાનદાર સદીઓ વિના આ સ્કોર શક્ય ન હોત. વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત (૬૩) અને કેપ્ટન શુભમન ગિલ (૫૦) એ પણ અડધી સદી ફટકારી.વિશાળ સ્કોર બનાવ્યા છે. ત્યારે ટી બ્રેક સુધીમાં જ લંકાએ ૨૦૦ રનની અંદર સાત વિકેટ ગુમાવી દેતા ફોલોઓનનો ખતરો મંડરાઈ રહ્યો છે.

મોહમ્મદ સિરાજે શ્રીલંકાને સાતમો ઝટકો આપ્યો. તેણે નિરોશન ડિકવેલાને ખાતું ખોલ્યા વિના આઉટ કર્યો. શોર્ટ બોલ પર ડિકવેલાએ લેગ સાઈડમાં શોટ રમવાની કોશિશ કરી, પરંતુ બેટને થોડું અડીને બોલ વિકેટકીપર ધ્રુવ જુરેલના હાથમાં ગયો. તેણે સરળતાથી કેચ કરી લીધો. આ સેશનમાં આ ભારતે ત્રીજી વિકેટ લીધી છે.અગાવ રવીન્દ્ર જાડેજાએ પસિન્દુ સૂરિયાબંડારાને ૮૦ રન પર બોલ્ડ કરી દીધો. જાડેજાના ઓફ સ્ટેમ્પ પાસેના ફુલર બોલ પર સૂરિયાબંડારાએ ડિફેન્સ કરવાની કોશિશ કરી, પરંતુ બોલ બેટની અંદરના ભાગે વાગ્યો. આ પછી બોલ તેના પાછલા પગ સાથે અથડાઈને સ્ટમ્પ્સ પર જઈને વાગ્યો. સૂરિયાબંડારાએ ૧૩૩ બોલમાં ૯ ચોગ્ગાની મદદથી ૮૦ રન બનાવ્યા.



ભારત તરફથી પ્રસિદ્ધને ત્રણ અને માનવ સુથારને બે અને જાડેજા-સિરાઝને એક-એક વિકેટ મળી હતી.

સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ પાસે ભારત માટે સારા સમાચાર છે. પિચ રિપોર્ટ સૂચવે છે કે આજે બોલ ટર્ન થશે. શ્રીલંકાના બેટ્સમેનોને ભારતીય સ્પિનરો સામે આકરી કસોટીનો સામનો કરવો પડ્યો હતો.

શ્રીલંકા માટે ભારતના કુલ સ્કોરને વટાવવો સરળ રહેશે નહીં. તે પર્વત ચઢવાનો લાગે છે. શ્રીલંકાના બેટ્સમેન શક્ય તેટલા આ સ્કોરની નજીક પહોંચવાનો પ્રયાસ કરશે. આજે તેઓ ફોલોઅનથી બચવા ઝઝૂમી રહ્યા છે.

### કોલંબો ટેસ્ટમાં માથું અથડાવા પર જયસ્વાલ-ફર્નાન્ડો સામે કાર્યવાહી

ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટના પહેલા દિવસે જયસ્વાલ અને અસિથા ફર્નાન્ડો વચ્ચે થયેલી ઘટના પર આઈસીસીએ કાર્યવાહી કરી છે. બંને ખેલાડીઓ પર મેચ ફીનો ૨૫-૨૫% દંડ ફટકાર્યો છે. સાથે જ બંનેના ખાતામાં ૧-૧ ડિમેરિટ પોઈન્ટ ઉમેર્યો છે.

# ભારત હોકી વર્લ્ડકપની સેમિફાઈનલ રેસમાંથી બહાર:આર્જેન્ટિનાએ ૫-૩થી હરાવ્યું

## ભારતે ૫ મેચમાં ૧૬ ગોલ ખાધા, આર્જેન્ટિના સામે મજબૂત પરિણામની જરૂરિયાતવાળી આ ટુર્નામેન્ટમાં ભારતીય ડિફેન્સની નબળાઈઓ ટીમ પર ભારે પડી



**અબતક, રાજકોટ**

ભારતીય પુરુષ ટીમ હોકી વર્લ્ડ કપની સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ છે. તેને એમ્સ્ટેલવીનના વેગનર સ્ટેડિયમમાં સોમવારે આર્જેન્ટિનાએ ૫-૩થી હરાવ્યું.ભારતને સેમિફાઈનલની આશા જાળવી રાખવા માટે આર્જેન્ટિનાને ઓછામાં ઓછા ૨ ગોલથી હરાવવું જરૂરી હતું. પરંતુ ખરાબ ડિફેન્સના કારણે આર્જેન્ટિનાએ મેચ પર કબજો કરી લીધો.ભારતે ૫ મેચમાં ૧૬ ગોલ ખાધા. આર્જેન્ટિના સામે મજબૂત પરિણામની જરૂરિયાતવાળી આ ટુર્નામેન્ટમાં ભારતીય ડિફેન્સની નબળાઈઓ ટીમ પર ભારે પડી.ભારત હવે ૭મા અને ૮મા સ્થાન માટે રમાનારી ક્લાસિફિકેશન મેચમાં બેલ્જિયમ સામે રમશે. એક દિવસ પહેલા ભારતીય મહિલા ટીમ ઓસ્ટ્રેલિયા સામે ગોલરહિત ડ્રો પછી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી.આર્જેન્ટિનાએ પ્રથમ મિનિટમાં જ જોઆકિવન ટોસ્કાનીએ ફિલ્ડ ગોલ કરીને ટીમને ૧-૦થી આગળ કરી દીધી. છઠ્ઠી મિનિટમાં નિકોલસ ડેલા ટોરેએ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને લીડ ૨-૦ કરી દીધી.ભારત તરફથી સુખજીત સિંહે ૧૦મી મિનિટમાં ફિલ્ડ ગોલ કર્યો. આનાથી ભારતને વાપસીની આશા જાગી અને સ્કોર ૧-૨ થઈ ગયો. હાફ ટાઈમ સુધી ભારત ૧-૨થી પાછળ હતું.૩૩મી મિનિટે ટોમસ ડોમેને ગોલ કરીને આર્જેન્ટિનાની સરસાઈ ફરી ૨ ગોલની કરી દીધી. તેણે ૪૫મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવીને સ્કોર ૪-૧ કરી દીધો.૫૩મી મિનિટે લુકાસ ટોસ્કાનીએ આર્જેન્ટિનાનો પાંચમો ગોલ કર્યો. આ પછી ભારત સામે વાપસી કરવા માટે ૪ ગોલ કરવાનો પડકાર હતો.ભારતે અંતિમ મિનિટોમાં વાપસી કરવાનો પ્રયાસ કર્યો. સુખજીત સિંહે ૫૮મી મિનિટે પોતાનો બીજો ગોલ કર્યો, જ્યારે તેના એક મિનિટ પછી હાર્દિક સિંહે પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવીને સ્કોર ૩-૫ કર્યો.ફાઈનલ હૂટર પહેલાં હરમનપ્રીત સિંહના પગ પર બોલ વાગ્યા બાદ ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો. જોકે, હરમનપ્રીતનો ડ્રેગ-ફ્લિક બચાવી લેવામાં આવ્યો અને ભારતનું વર્લ્ડ કપ અભિયાન સમાપ્ત થયું.

### ૧૯૭૫ પછી ભારત મેડલ જીતી શક્યું નહીં

ભારતે પુરુષ હોકી વર્લ્ડ કપ માત્ર એક જ વાર જીત્યો છે. ૧૯૭૫માં કુઆલાલંપુરમાં રમાયેલી ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૨-૧થી હરાવીને ખિતાબ જીત્યો હતો.ભારતે વર્લ્ડ કપની શરૂઆતની ૩ આવૃત્તિઓમાં સતત મેડલ જીત્યા હતા. ટીમે ૧૯૭૧માં બ્રોન્ઝ, ૧૯૭૩માં સિલ્વર અને ૧૯૭૫માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ત્યારબાદ ભારત મેડલ જીતી શક્યું નહીં.

# ચેન્નઈ સુપર કિંગ્સના કોચ તરીકે દિનેશ કાર્તિક શ્રેષ્ઠ વિકલ્પ: મેથ્યુ હેડન

## ચેન્નાઈના કલ્ચરને સમજવા માટે દિનેશ કાર્તિક પાસે 'ચેન્નાઈ ટચ' અને સ્થાનિક અનુભવ કામ આવશે

**અબતક, રાજકોટ**

ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ ઓપનર મેથ્યુ હેડને ચેન્નાઈ સુપર કિંગ્સના આગામી હેડ કોચ તરીકે ભારતના પૂર્વ વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિકના નામની ભલામણ કરી છે.લાંબા સમયથી સીએસકેના હેડ કોચ રહેલા સ્ટીફન ફ્લેમિંગે પોતાનો કાર્યકાળ પૂરો કર્યા બાદ ફ્રેન્ચાઈઝીએ નવા કોચની શોધ શરૂ કરી છે. હેડને સ્પોર્ટ્સ્ટાર સાથેની વાતચીતમાં જણાવ્યું કે સીએસકે જેવી મોટી ટીમ માટે



લોકલ અને ખાસ કરીને તામિલનાડુ સાથે જોડાયેલા કોચની પસંદગી કરવી શ્રેષ્ઠ રહેશે. હેડનના જણાવ્યા મુજબ, મોટાભાગની ફ્રેન્ચાઈઝી વિદેશી કોચ તરફ જાય છે, પરંતુ ચેન્નાઈના કલ્ચરને સમજવા માટે દિનેશ કાર્તિક પાસે 'ચેન્નાઈ ટચ' અને સ્થાનિક અનુભવ છે, જે તેમને આ પદ માટે પરફેક્ટ બનાવે છે.કાર્તિક હાલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સાથે બેટિંગ કોચ અને મેન્ટર તરીકે જોડાયેલા છે, જ્યાં તેમના માર્ગદર્શન હેઠળ ટીમે સતત બે આઈપીએલ ટાઈટલ જીત્યા છે. ફ્લેમિંગ અને એમએસ ધોનીની જોડીએ ચેન્નાઈને પાંચ આઈપીએલ ટાઈટલ અપાવ્યા હતા. હેડનના મતે ફ્લેમિંગનું સ્થાન લેવું મોટો પડકાર છે, પરંતુ કાર્તિક આ જવાબદારી ઉપાડવા માટે પૂરા તૈયાર છે.

# દુલીપ ટ્રોફીમાં સૂર્યવંશીએ બેટ નહીં બોલથી ધૂમ મચાવતા ચાર બોલમાં બે વિકેટ ઝડપી



**અબતક, રાજકોટ**

વૈભવ સૂર્યવંશી ઈનિંગ ઓપન કરવા આવ્યો પણ સસ્તામાં આઉટ થઈ ગયો. તેણે પોતાની બેટિંગથી નિરાશા વ્યક્ત કરી, પરંતુ જ્યારે તેને બોલ આપવામાં આવ્યો ત્યારે તેણે શાનદાર પ્રદર્શન કર્યું.

તેણે માત્ર ચાર બોલમાં બે વિકેટ લઈને સનસનાટી મચાવી. હાલમાં ચાલી રહેલી દુલીપ ટ્રોફી મેચમાં તેણે આ કર્યું. જોકે, તેના નબળા પ્રદર્શન છતાં, વૈભવ સૂર્યવંશી જે ટીમ માટે રમે છે તે જીતી રહી હોય તેવું લાગે છે.દુલીપ ટ્રોફી શરૂ થઈ ગઈ છે.ઈસ્ટ ઝોન અને નોર્થ ઈસ્ટ ઝોનની ટીમો એકબીજાનો સામનો કરી રહી છે.ઈસ્ટ ઝોનની ટીમ પહેલા બેટિંગ કરવા ઉતરી હતી.વૈભવ સૂર્યવંશીએ ટીમ માટે ઈનિંગ ઓપનિંગ કરી.તેની પાસેથી લાંબી ઈનિંગ રમવાની અપેક્ષા હતી,પરંતુ તે નિષ્ફળ ગયો.વૈભવ છ બોલમાં ૮ રન બનાવી આઉટ થયો.આ આઠ રન બે ચોગ્ગાથી આવ્યા,એટલે કે તેણે એક પણ રન ન ચલાવ્યો.જોકેઆ પછી પણ,ઈસ્ટ ઝોનની ટીમે ૪૬૭ રનનો જબરદસ્ત સ્કોર બનાવ્યો.સુદીપ કુમારે ૧૪૬ રનની શાનદાર ઈનિંગ રમી,જ્યારે શાહબાઝ અહેમદે પણ ૧૬૭ રન બનાવ્યા.

આ પછી,નોર્થ ઈસ્ટ ઝોનની ટીમ બેટિંગ કરવા ઉતરી અને પ્રથમ ઈનિંગમાં ફક્ત ૧૧૧ રન જ બનાવી શકી. આ પછી, ટીમને ફોલો-ઓનનો સામનો કરવો પડ્યો. બીજી ઈનિંગમાં પણ ટીમ મુશ્કેલીનો સામનો કરી રહી છે. દરમિયાન, બીજી ઈનિંગમાં, કેપ્ટન ઈશાન કિશને વૈભવને બોલ સોંપ્યો. ત્યારબાદ તેણે સતત ચાર બોલમાં બે વિકેટ લીધી. વૈભવે કિશન લિંગદોહ અને ઈમ્લીવતી લેમતુરને આઉટ કર્યા. તેણે ત્રણ ઓવરમાં માત્ર ૧૧ રન આપીને બે વિકેટ લીધી.

# લોડર્સ ટેસ્ટ પહેલા ઈંગ્લેન્ડને ઝટકો: ફાસ્ટ બોલર કાર્સ બહાર!

## કાર્સના સ્થાને ફાસ્ટ બોલર સોની બેકરને બીજી ટેસ્ટ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચેની સીરિઝની બીજી ટેસ્ટ મેચ લોર્ડ્સ ખાતે રમાશે.આ મેચ પહેલા, ઈંગ્લેન્ડની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ફાસ્ટ બોલર બ્રાઈડન કાર્સ નાઈટક્લબ વિવાદમાં ફસાયા બાદ મેચમાંથી બહાર થઈ ગયો છે.તેમના સ્થાને ખેલાડીની પણ જાહેરાત કરવામાં આવી છે. કાર્સના સ્થાને ફાસ્ટ બોલર સોની બેકરને બીજી ટેસ્ટ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે બ્રાઈડન કાર્સ અંગે નિવેદન જારી કર્યું છે.

ઈસીબીએ બ્રાઈડન કાર્સ અંગે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે જ્યાં સુધી સમગ્ર મામલાની તપાસ ન થાય અને સંપૂર્ણ સત્ય બહાર ન આવે ત્યાં સુધી બ્રાઈડન કાર્સની પસંદગી બીજી ટેસ્ટ માટે કરવામાં આવશે નહીં. ગયા અઠવાડિયે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ડર્બીશાયર સામે ડરહામની પ્રભાવશાળી જીતમાં બ્રાઈડન કાર્સનો ભાગ હતો. પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટ માટે તેને




પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો ન હતો, અને આ કારણોસર, તેને કાઉન્ટી ક્રિકેટ રમવા માટે રજા આપવામાં આવી હતી. તેમની સાથે, શોએબ બશીર, સેમ કૂક, મેથ્યુ ફિશર અને ઓલી પોપને પણ તેમની કાઉન્ટી ટીમો માટે રમવા માટે મુક્ત કરવામાં આવ્યા હતા.

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ એ આ ઘટના વિશે વધુ વિગતો આપી ન હતી, પરંતુ તેમણે જણાવ્યું હતું કે ક્રિકેટ નિયમનકાર હવે આ બાબતની તપાસ કરશે. આ ઉનાળાની શરૂઆતમાં, તત્કાલીન કેપ્ટન બેન સ્ટોક્સ અને ફાસ્ટ બોલર ગુસ એટકિન્સનને પણ નાઈટક્લબ સંબંધિત ઘટનાની તપાસ ચાલી રહી હતી ત્યારે ટીમમાંથી બહાર રહેવાની ફરજ પડી હતી. જોકે, સ્ટોક્સને બાદમાં તે કેસમાં રાહત આપવામાં આવી હતી અને તેઓ ન્યુઝીલેન્ડ સામેની અંતિમ ટેસ્ટ મેચમાં રમતા જોવા મળ્યા હતા.ઈંગ્લેન્ડની ટીમ ૨૪ ઓગસ્ટે બીજી ટેસ્ટ માટે લંડનમાં ભેગા થવાની હતી. તેમની ટીમ ગુરુવારથી શરૂ થનારી પાકિસ્તાન સામેની બીજી ટેસ્ટ પહેલા લોર્ડ્સમાં બે તાલીમ સત્રોમાં ભાગ લેશે. શ્રેણીની પહેલી મેચમાં, ઈંગ્લેન્ડે હેડિંગ્લી ખાતે માત્ર ત્રણ દિવસમાં એક ઈનિંગ્સ અને ૧૦૩ રનથી વ્યાપક વિજય મેળવ્યો. તે જીત બાદ, ઈંગ્લેન્ડ શ્રેણીમાં ૧-૦ થી આગળ છે. ઈંગ્લેન્ડ હવે બીજી ટેસ્ટ જીતીને શ્રેણીમાં અજેય લીડ બનાવવાનો પ્રયાસ કરશે.

# ભારત ટીર૦ સિરીઝ માટે અફઘાન ટીમની જાહેરાત ઈબ્રાહિમ ઝાદરાનને ટીમની કમાન સોંપાઈ

**અબતક, રાજકોટ**

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ૩ મેચની ટી૨૦ સિરીઝ આવતા મહિને રમાશે. આ કાર્યક્રમ પહેલા જાહેર કરવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાની ટીમની જાહેરાત કરી છે. આ સિરીઝ માટે ઈબ્રાહિમ ઝાદરાનને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. રાશિદ ખાનને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. સિરીઝની પહેલી મેચ ૧૩ સપ્ટેમ્બરે રમાશે. અફઘાનિસ્તાનની ટીમ આવતા મહિને ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમવા માટે ભારત જશે. રસપ્રદ વાત એ છે કે બધી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે, પરંતુ તેનું આયોજન ભારત નહીં, પરંતુ અફઘાનિસ્તાન કરશે. આ વર્ષની શરૂઆતમાં જ્યારે અફઘાન ટીમ ૧ ટેસ્ટ અને ૩ ઓડીઆઈ રમવા માટે ભારતની મુલાકાતે આવી હતી, ત્યારે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે પણ તેનું આયોજન કર્યું હતું. દરમિયાન ટીમ ઘણી મજબૂત જોવા મળે છે. સિરીઝ શરૂ થવાની વાર છે, પરંતુ બોર્ડે પહેલાથી જ ટીમની જાહેરાત કરી દીધી છે. ઈબ્રાહિમ ઝાદરાનની કેપ્ટનશીપ હેઠળ, રહેમાનુલ્લાહ ગુરબાઝ અને સાદિકુલ્લાહ અટલ સહિત ઘણા અગ્રણી ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમમાં સ્પિનર રાશિદ ખાન અને નૂર અહેમદ, ફઝલહક ફારૂકી, નવીન ઉલ હક અને અબ્દુલ્લાહ અહમદઝાઈ જેવા ખેલાડીઓને સામેલ કર્યા છે.



### ટી૨૦ માટે અફઘાન ટિમ

ઈબ્રાહિમ ઝાદરાન (કેપ્ટન), રહેમાનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), સેદીકુલ્લાહ અટલ, દરવિશ રસૂલી, અઝમતુલ્લા ઉમરઝાઈ, ગુલબદ્દીન નાયબ, નૂર રહેમાન, મોહમ્મદ નબી, રાશિદ ખાન, નાંગ્યાલ ખરોટી, મુજીબ ઉર રહેમાન, નૂર અહમદ, ફઝલહક ફારૂકી, નવીન-ઉલ-હક, અબ્દુલ્લા અહમદઝાઈ, રિઝર્વ ખેલાડીઓ: શાહિદુલ્લા કમાલ, ફરીદ અહેમદ મલિક, ઈજાઝ અહેમદઝાઈ.

# બંદૂક સાથે ઝડપાયેલા રમઝાન સમાને ૩ વર્ષની સખત કેદ: રૂ.૫૦૦૦ દંડ

## સરકારી વકીલ દિવ્યેશ ગાંધીની દલીલો અને પુરાવા ગ્રાહ્ય: ગેરકાયદે હથિયારના કિસ્સા વધી રહ્યા છે, દાખલો બેસાડવો જરૂરી, નહિતર સમાજ વ્યવસ્થા પડી ભાંગે, કોર્ટ



**અબતક, રાજકોટ**

જાફરાબાદ પંથકમાં છેલણા ગામની દિવ્યમ પબ્લિક સ્કૂલ પાસે દેશી જામગરી બંધુક સાથે ઝડપાયેલા વિજપડીના રમઝાનભાઈ બાઉદીનભાઈ સમાને ૩ વર્ષની સખત કેદ અને રૂ.૫૦૦૦ દંડની સજા ફટકારી છે. અત્રે કેસની વિગત એવી છે કે, આશરે પાંચેક વર્ષે અગાઉ એ.ટી.એસ.નો સ્ટાફના નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કામગીરીમાં હતા ત્યારે બાતમી રાહે હકીકત મળેલ કે છેલણા ગામની દિવ્યમ પબ્લીક સ્કુલ પાસે ગેરકાયદેસર અગ્ની શસ્ત્ર રાખી ઉભો છે અને ગુનો કરવાની પેરવીમાં છે જેથી તાત્કાલીક તે સ્થળે જઈને આરોપી રમઝાનભાઈ બાઉદિનભાઈ સમા રહે. વિજપડી વાળાને પકડી અને પાસ પરમીટ વગર ગેરકાયદે હથીયાર બંધુક લઈને ફરતા હોય તે અંગેનો ગુન્હો નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં નોધાયેલો. બાદમાં તપાસ કરનાર અધિકારી એ તપાસ કરીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલુ અને કેસ શરૂ થતા બાદમાં ફરીયાદી, નજરે જોનાર સાહેદો, પંચો અને તપાસ કરનાર અધિકારી ની જુબાનીઓ તથા વિવીધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જાફરાબાદના જયુડી. મેજી. પી. એમ. કામદાર સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધીની દલીલો અને પુરાવાઓનું મુલ્યાંકન કરીને એવુ તારણ કાઢેલ કે, સમાજમાં ગેરકાયદેસર હથિયાર ધારણ લઈને જાનહાનીને નુકશાન થાય એવા કિસ્સાઓ સમાજમાં બહુ વધી રહયા હોય ત્યારે જો આવા લોકોની છોડવામાં આવે તો અને સમાજ વ્યવસ્થા પડી ભાંગે તેમ હોય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની અસ્થીરતા જોવા મળે તેમ હોય અને તે બાબતે સમાજ પર દાખલો બેસાડવો જરૂરી હોય જેથી આરોપી રમઝાનભાઈ બાઉદિનભાઈ સમા રહે.વિજપડી વાળાને ૩ વર્ષની સખત કેદ તથા રૂા. ૫૦૦૦/- દંડનો હુકમ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.ઉપરોકત કામે સરકાર પક્ષે સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધી રોકાયલ હતા.

# ભરણપોષણની રકમ ન ચુકવનારા પતિને ૨૬૦ દિવસની સજા

## સજાનું વોરંટ સુરત પોલીસ કમિશનરને મોકલી આપવા હુકમ

**અબતક રાજકોટ**

દાંપત્યજીવનમાં પણ બનાવને પગલે રાજકોટ ખાતે અલગ રહેતી પત્નીનું કોર્ટના હુકમ મુજબનું ભરણપોષણ નહીં ચુકવનાર સુરતવાસી પતિને રાજકોટ ફેમિલી કોર્ટે ૨૬૦ દિવસની સાદી કેદની સજા ફટકારી સજાનું વોરંટ સુરત પોલીસ કમિશનરને મોકલી આપવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, શહેરમાં રહેતા વૈશાલીબેન મિતેષભાઈ પાઘડારે તેમના પતિ મિતેષભાઈ પાઘડાર વિરૂધ્ધ રાજકોટની ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મેળવવાની કરેલ અરજીના કામે ફેમિલી કોર્ટ દ્વારા વૈશાલીબેનને માસિક રૂા.૧૦ હજાર ભરણપોષણ પેટે ચુકવવાનો હુકમ થયો હતો. પરંતુ પતિ મીતેષભાઈ જમનભાઈ પાઘડાર વૈશાલીબેનને ભરણપોષણ ચૂકવતા ન હતા. આથી ચડત ભરણપોષણની રકમ રૂા.૨.૬૪ લાખ વસુલવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. જે અરજી ચાલી જતાં, અદાલતે પતિ મિતેશ પાઘડારને કોર્ટના હુકમની અવમાનના બદલ ૨૬૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. તેમજ આ સજાના હુકમની અમલવારી અર્થે સજાનું વોરંટ પોલીસ કમિશનર સુરતને મોકલી આપવા હુકમ કર્યો હતો. આ કામે અરજદાર વૈશાલીબેન પાઘડાર તરફે એડવોકેટ કેતન એન. સિંધવા, પંકજ આર. દોંગા, નિશાબેન લાડવા, હેતલબેન પટેલ તથા સાક્ષીબેન મંડીર તથા ભકિતબેન ચાવડા રોકાયા હતા.

# બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ફ્રાન્સમાં પ્રથમ હિન્દુ મંદિર તૈયાર

## ૬ સપ્ટેમ્બરે મહંત સ્વામીના હસ્તે લોકાર્પણ: ૨ થી ૧૪ સપ્ટેમ્બર સુધી 'ફેસ્ટિવલ ઓફ કલ્ચર'નું આયોજન

**અબતક રાજકોટ**

કળા અને સાહિત્યના વૈશ્વિક કેન્દ્ર પેરિસના બુસી-સેંટ-જ્યોર્જેસ ખાતે ફ્રાન્સનું સૌપ્રથમ પરંપરાગત હિન્દુ મંદિર - 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર' નિર્માણ પામ્યું છે. આ મંદિર ભારતીય સ્થાપત્ય કળા અને ફ્રેંચ એન્જિનિયરિંગના સમન્વયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

આગામી ૬ સપ્ટેમ્બરના રોજ બી.એ.પી.એસ. સંસ્થાના વડા મહંત સ્વામી દ્વારા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા અને લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે ૨ થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન ૧૩ દિવસીય 'ફેસ્ટિવલ ઓફ કલ્ચર' યોજાશે, જેમાં ૪૨ થી વધુ દેશોમાંથી હજારો ભક્તો ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭માં મેયર યાન ડ્યુબોસ્ક દ્વારા જમીન ફાળવણી બાદ ૨૦૨૧માં ભૂમિપૂજન થયું હતું. મંદિર નિર્માણમાં ફ્રેન્ચ એન્જિનિયરિંગ ફર્મ આર્તે શાર્પોતિયે અને બાતેગ જોડાયેલા છે. જુલાઈ ૨૦૨૩માં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પેરિસ મુકામે આ મંદિરના ૩ડી (૩ઉ) મોડેલનું નિરીક્ષણ કર્યું હતું.

૫૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ મંદિરમાં ભારતીય કારીગરો દ્વારા કોતરેલા ૧૦૦૦થી વધુ પથ્થરો, ૫ શિખરો, ૧૦ ઘુમ્મટો અને ૨૦ સ્તંભો છે. નિર્માણમાં ગ્રીસ, અંબાજી અને ગ્વાલિયરના પથ્થરોનો ઉપયોગ કરાયો છે. મહોત્સવ દરમિયાન ૨ સપ્ટેમ્બરે મહિલા પાલખી યાત્રા, ૩ સપ્ટેમ્બરે સેન નદીમાં ૧૧ નૌકાઓ સાથે જલયાત્રા, ૫ સપ્ટેમ્બરે પેરિસમાં ૧૪ રથો સાથે નગરયાત્રા અને ૬ સપ્ટેમ્બરે લોકાર્પણ વિધિ યોજાશે.

# આર્થિક વ્યવહારના કેસમાં આરોપીને વધુ સમય જેલમાં રાખી ન શકાય, હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા

## યુબીક સોલ્યુશનના ૮૦.૬૫ લાખની છેતરપિંડીના આરોપમાં સેશન્સ કોર્ટે જામીન નામંજૂર કરતા હાઈકોર્ટમાં અપીલ: ફરિયાદ ૩ વર્ષ બાદ, મામલો સિવિલ પ્રકારનો હોવાની દલીલ ગ્રાહ્ય

**અબતક, રાજકોટ**



આર્થિક વ્યવહારવાળા ઉચાપતના કેસોમાં આરોપીને વધુ સમય જેલમાં રાખી શકાય નહીં અને પોલીસ ફરિયાદીની રિકવરી એજન્ટ બની કાર્યવાહી કરી શકે નહીં તેવો મહત્વનો સિદ્ધાંત સ્થાપી ગુજરાત હાઈકોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી છે.કેસની હકીકત એવી છે કે ફરિયાદી ઈલેશભાઈ ખખ્ખરની યુબીક સોલ્યુશન પ્રા.લી. કંપનીના વેપાર અર્થે આરોપી વિનીતકુમાર રૂપચંદ સિંઘ દેહરાદૂન ખાતે પ્રોડક્ટના વેચાણનું કામ કરતો હતો. આરોપીએ તેના ઓળખીતા સાંઈ આસ્થા રેમેડીઝના પ્રોપ્રાઈટર મારફતે માલનું વેચાણ કરી હિસાબમાં ગોટાળા કરી ખોટી ક્રેડિટ નોટ ઉભી કરી રૂ. ૮૦,૬૫,૦૫૭ ની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ હતી. પોલીસે આરોપીની અટક કરી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતા રિમાન્ડ બાદ તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં રાજકોટ જેલ હવાલે કરાયો હતો.

આરોપીએ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ પહેલાની જામીન અરજી કરી હતી જે નામંજૂર થતા હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી. આરોપી પક્ષે એડવોકેટ અંશ ભારદ્વાજ અને ટીમે દલીલ કરી હતી કે આ મામલો સિવિલ પ્રકારનો છે. ફરિયાદીએ લેણી રકમ વસૂલવા ફોજદારી ફરિયાદનો દુરુપયોગ કર્યો છે. આરોપી માત્ર મેનેજર હતો, નફા-નુકસાનની તકરારનો નિર્ણય દીવાની અદાલત જ કરી શકે. પોલીસ વસૂલાત એજન્ટ તરીકે કામ ન કરી શકે. ઘટના તા. ૦૧-૦૪-૨૦૨૩ ની હોવા છતાં ફરિયાદ ત્રણ વર્ષ બાદ તા. ૨૯-૦૪-૨૦૨૫ ના રોજ નોંધાઈ છે. પ્રોપ્રાઈટર ફર્મમાં મેનેજરની પોસ્ટ હોતી નથી.તમામ દલીલો ધ્યાને લઈ હાઈકોર્ટે ઠરાવ્યું કે આર્થિક વ્યવહારમાં આરોપીને વધુ સમય જેલમાં રાખવો યોગ્ય નથી. શરતોને આધીન આરોપીને જામીન મુક્ત કરવાનો હુકમ કર્યો છે.આ કામમાં આરોપી વતી અભય ભારદ્વાજ એન્ડ એસોસિએટ્સના એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, મહેશ જોષી, કાંતીલાલ વેગડ, ગૌતમ પરમાર, વિજય લક્કડ, જીજ્ઞેશ વિરણી, જીતેન્દ્ર કાનાબાર,

### રાષ્ટ્રીય શાળા સંગીત મહાવિદ્યાલય દ્વારા

# 'સંગીત વર્ષા' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃત્તિક કૃત્તિઓ રજુ કરાઇ

## મેયર ડો.નેહલભાઈ શુક્લ, પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**



રાષ્ટ્રીય શાળા સંચાલિત સંગીત મહાવિદ્યાલય સૌરાષ્ટ્રનું જૂનામાં જુનું છે. અનેક સંગીતજ્ઞો અને કલાકારો અંગેની મુલાકાત લઈ ચુક્યા છે. આજે વિવિધ વિભાગોમાં આશરે ૫૫૦થી વધારે વિદ્યાર્થીઓ તજજ્ઞો પાસેથી તાલીમ લઈ રહ્યાં છે.સંગીત વર્ષા ઉત્સવની ઉજવણી અંતર્ગત સંગીત વિદ્યાલયનાં દરેક વિભાગોની કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ. જેમાં સર્વ પ્રથમ ગાયન/વાદન વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂવંદના રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ભરત નાટચમની વિદ્યાર્થી બાળાઓએ પોતાની કૃતિ રજૂ કરી. કથ્થકની નાની-નાની બાળાઓ દ્વારા પોતાની કૃતિ બે ભાગોમાં રજૂ કરેલ. ત્યારબાદ ગાયન/વાદન તથા કી-બોર્ડ-ગિટારનાં વિદ્યાર્થીઓએ અલગ - અલગ રાગ આધારિત કૃતિઓ રજૂ કરી હતી. ત્યારબાદ તબલા વિભાગના બાળકોએ તથા સિતારવાદનનાં તેમજ બાંસુરી વિભાગના બાળકોએ ભગવાન શિવની સ્તુતિ રાગ આધારિત રજૂ કરીને સૌનું મન જીતી લીધું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનનાં મેયર ડો.નેહલભાઈ શુક્લ, અતિથી વિશેષ તરીકે પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, પાર્શ્વનાથ કો.ઓપ.બેંકનાં ચેરમેન પિયુષભાઈ મહેતા તેમજ પ્રખર ધારાશાસ્ત્રી રવિભાઈ ગોગિયા દ્વારા દીપ-પ્રાગટ્ય કરવામાં આવેલ. સાથો સાથ મહેમાનોમાં સર્વે સીન્ડીકેટ સભ્ય નિદ્ત્તભાઈ બારોટ, શિક્ષણવિદ્ ડો. અલ્પનાબેન ત્રિવેદી, પૂર્વ મેયર અશોકભાઈ ડાંગર, જયેશભાઈ ઉપાધ્યાય, સામાજિક કાર્યકર સંજયભાઈ લાખાણી, ક્રિષ્ણદતભાઈ રાવલ, તખુભા રાઠોડ, જયેશભાઈ લાખાણી, નંદકિશોરભાઈ જોષી, સુરેશભાઈ પરમાર, જગદેવસિંહ જાડેજા, દેવજીભાઈ રાઠોડ, રાષ્ટ્રીય શાળાનાં ગીતાબેન મહેતા, નિરાલીબેન જોશી, વોર્ડ નં.-૭નાં કોર્પોરેટર દર્શનભાઈ પેન્ડ્યાતર તથા જયદેવભાઈ પરમાર સહિત રાષ્ટ્રીય શાળાનાં ટ્રસ્ટીગણમાં પ્રમુખ જયંતિભાઈ કાલરીયા મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ ભટ્ટ, ઉદ્યોગપતિ મધુભાઈ દોંગા તેમજ એડવોકેટ વિનોદભાઈ ગોસલીયા હાજર રહેલ.તમામ મહેમાનો તેમજ રાષ્ટ્રીય શાળાના કલાગુરૂઓ સર્વ નિમિષાબેન પારેખ, ગોપીબેન જાજલ, યુક્તાબેન દવે સહિતના મહાનુભાવોનું સુત્તરની આંટીથી સ્વાગત કરેલ. કાર્યક્રમમાં તમામ બાળકો અને વાલીઓએ ખાસ હાજરી આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા રાષ્ટ્રીય શાળાનાં મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ તમામ કાર્યકર્તા સંજયભાઈ મકવાણા, આદીતભાઈ રૂપાણી, માધુરીબેન રાજાણી સહિતનાએ જહેમત ઉઠાવેલ.

# મચ્છરોનો ઉપદ્રવ ઘટતો જ નથી: વોર્ડ નં.૧૨માં ૫૮૦ ઘરોમાં પોરા મળ્યા

## ૧૮૯૨૫ ઘરની મુલાકાત: તાવના સર્વેમાં ૪૭ વ્યક્તિના લોહીના નમુના લેવાયા



**અબતક, રાજકોટ**

જાહેર આરોગ્યના હિતાર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વન ડે વન વોર્ડ કાર્યક્રમ શરૂ કરાયો છે. જે અંતર્ગત વોર્ડ નં.૧૨ માં ૧૮,૯૨૫ ઘરની મુલાકાત લઈ ૭૮,૫૨૬ પાત્રો ચકાસવામાં આવેલ છે. જેમાંથી ૫૮૦ ઘરમાં પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવ્યો હતો. ૧૨૧ બિનરહેણાંક એકમોની તપાસ કરવામાં આવી હતી. મચ્છર ઉત્પતિ સબબ ૧૦૬ આસામીઓને નોટીસ આપવામાં આવેલ છે. ફિવર સર્વે દરમ્યાન ૪૭ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતાં. આ ઝુંબેશ દરમ્યાન લગત વોર્ડમાં વોર્ડ નં. ૧૨ ના કોર્પોરેટર પ્રદિપભાઈ રામભાઈ ડવ, કોર્પોરેટર કિશનભાઈ ટીલવા, કોર્પોરેટર જયશ્રીબા જાડેજા, કોર્પોરેટર કિરણબેન હરસોડા અને સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહેલ હતાં.

# પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમુહ લગ્નના ફોર્મનું વિતરણ

**અબતક, રાજકોટ**

જય ભારત સાથ જણાવવાનું કે નિ:સ્વાર્થ ભાવે વિવિધ માનવ સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૨૭માં વર્ષે અગીયાર કન્યાઓના સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન તારીખ ૦૬/૧૨/૨૦૨૬ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ સમૂહ લગ્નમાં સામેલ દીકરી તથા દીકરા બંન્ને પક્ષોને સંસ્થા તરફથી ભોજનના ૨૫ પાસ આપાવામાં આવશે તેમજ કરીયાવરમાં કન્યાઓને ૧૦૧ આઈટમ ભેટ આપવામાં આવશે. આ ફોર્મનું વિતરણ વહેલા તે પહેલાના ધોરણે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાકે સંસ્થાના કાર્યાલયની પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં.-૯/અ, મિલપરા મેઈન રોડ, રાજકોટ ઉપર વહેલા તે પહેલાના ધોરણે ઈચ્છુક વ્યક્તિએ મેળવી લેવા વિનંતી.

આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, જૈમિલ પંડ્યા, દેવાંગભાઈ ભટ્ટ સહિતનાએ સેવા આપી રહ્યા છે. વધુ માહિતી માટે સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ એસ.ભટ્ટ મો.નં.૯૯૨૫૦ ૧૭૮૮૮ નો સંપર્ક કરવા વિનંતી.

# ભાગીદારોની બોગસ સહી કરી ૭૫ લાખની લોન લેનાર જયદીપ તન્નાની જામીન અરજી રદ

## કોર્ટનું અવલોકન-તપાસ પ્રાથમિક તબક્કે, મહત્વના દસ્તાવેજો કબજે લેવાના બાકી, જામીન પર મુક્ત કરવો ન્યાયોચિત નથી

**અબતક, રાજકોટ**

શહેરની ગ્રીની ઝોન એન્ટરપ્રાઈઝીસના ભાગીદારોની બોગસ સહીના આધારે બેંકોમાંથી લાખોની લોન લઈ છેતરપિંડી અને ધમકીના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપી જયદીપ તન્નાની ચાર્જશીટ પહેલાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે રદ કરી છે.ફરિયાદ મુજબ ગ્રીની ઝોન એન્ટરપ્રાઈઝીસના ભાગીદાર રોશન ધીંગાણી અને માલવ રૂપેરા સાથે સહભાગીદાર જયદીપ પ્રકાશભાઈ તન્નાએ તેની પત્ની ચેતના તન્ના અને પિતા પ્રકાશભાઈ તન્ના સાથે મળી ગેરકાયદે મિલાપીપણું કરી બોગસ રિટાયરમેન્ટ ડીડ બનાવી હતી. તેમાં સહ-ભાગીદારોની બોગસ સહીઓ કરી તેના આધારે અલગ અલગ બેંકોમાંથી કુલ રૂ. ૭૫,૨૨,૮૧૯ ની લોન લઈ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત, છેતરપિંડી અને ધમકી આપી હોવાની ફરિયાદ એ-ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી.આ ગુનામાં મુખ્ય આરોપી જયદીપ તન્નાની ધરપકડ બાદ તેણે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીનનો વિરોધ કરતા અડ્ડ એ દલીલ કરી હતી કે આરોપી મુખ્ય સૂત્રધાર છે. તેણે પત્ની અને પિતા સાથે મળી ખોટી ડીડ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી લોન લીધી છે. બનાવટી ડીડ મુજબ આરોપીનો ૯૫% હિસ્સો દર્શાવાયો છે. નિવેદનમાં આરોપીએ જાતે ડીડ બનાવટી હોવાનું અને ખોટી સહીઓ હોવાનું સ્વીકાર્યું છે.બંને પક્ષની દલીલો સાંભળી કોર્ટે ઠરાવ્યું કે પોલીસ તપાસ હાલ પ્રાથમિક તબક્કે છે અને મહત્વના દસ્તાવેજો કબજે લેવાના બાકી છે, જેથી આરોપીને જામીન પર મુક્ત કરવો ન્યાયોચિત નથી.આ કામમાં સરકાર વતી અડ્ડ પી.એન. શાહ અને મૂળ ફરિયાદી વતી એડવોકેટ પ્રકાશ બેડવા, અમિત તિવારી, માધવ બગડા, અભી એસ. ચોલેરા, અશોક જી. વાઘેલા, જોશના જી. સોલંકી, આર.કે. વાઘેલા, હિતેષ પી. બેડવા રોકાયા હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૯૦૧ | ૬૪૧ | ૧૨૯૫ |
| પપૈયા | ૧૨ | ૨૧૧ | ૪૦૭ |
| બટેટા | ૪૫૦૦ | ૮૧ | ૨૯૧ |
| ડુંગળી સુકી | ૧૮૦૯ | ૪૦૧ | ૭૯૫ |
| ટમેટા | ૨૫૨૮ | ૨૧૮ | ૪૮૯ |
| સુરણ | ૪ | ૯૭૯ | ૧૨૧૨ |
| કોથમરી | ૩૫૭ | ૧૨૪ | ૨૦૮ |
| મુળા | ૧૧ | ૩૧૯ | ૫૨૬ |
| રીંગણા | ૩૬૮ | ૩૨૭ | ૭૧૨ |
| કોબીજ | ૧૪૮ | ૨૯૧ | ૪૧૩ |
| ફ્લાવર | ૪૩ | ૩૧૩ | ૫૨૧ |
| ભીંડો | ૨૯૭ | ૫૯૭ | ૮૧૭ |
| ગુવાર | ૧૭૯ | ૧૨૨૩ | ૧૪૩૧ |
| ચોળાસીંગ | ૪૮ | ૬૩૧ | ૮૨૮ |
| વાલોળ | ૧૭ | ૫૨૭ | ૮૫૬ |
| ટીંડોળા | ૧૯ | ૪૨૪ | ૮૩૭ |
| દુધી | ૩૦૭ | ૨૬૭ | ૩૯૫ |
| કારેલા | ૧૦૫ | ૩૩૯ | ૫૨૯ |
| સરગવો | ૪૨ | ૬૪૩ | ૧૨૯૭ |
| તુરીયા | ૩૮ | ૪૩૩ | ૭૧૫ |
| પરવર | ૩૭ | ૬૮૭ | ૮૯૫ |
| કાકડી | ૪૦૭ | ૩૨૫ | ૫૧૨ |
| ગાજર | ૭૫ | ૪૦૫ | ૫૭૮ |
| વટાણા | ૪ | ૧૪૫૪ | ૨૬૧૯ |
| કંટોળા | ૧૦ | ૧૫૬૯ | ૨૦૨૧ |
| ગલકા | ૧૭૧ | ૧૯૧ | ૨૮૮ |
| બીટ | ૬ | ૩૧૩ | ૫૨૧ |
| મેથી | ૪૮ | ૪૧૭ | ૬૨૧ |
| વાલ | ૧૦ | ૧૦૩૬ | ૧૨૬૪ |
| ડુંગળી લીલી | ૯ | ૪૬૭ | ૬૧૬ |
| આદુ | ૨૯ | ૧૪૧૭ | ૩૦૧૯ |
| મરચા લીલા | ૧૨૩૯ | ૪૯૧ | ૭૧૩ |
| મગફળી લીલી | ૧૫૪ | ૪૧૬ | ૮૨૧ |
| મકાઈ લીલી | ૧૪૧ | ૨૧૨ | ૪૨૨ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૭૦ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૨૦૦ | ૪૯૦ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૧૨૦૦ | ૫૧૦ | ૬૧૮ |
| જુવાર સફેદ | ૩૫ | ૧૧૪૧ | ૧૩૦૦ |
| જુવાર લાલ | ૬ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| બાજરી | ૧૯ | ૩૬૪ | ૪૮૪ |
| મકાઇ | ૧૬ | ૫૧૨ | ૫૧૨ |
| તુવેર | ૫૦ | ૧૧૫૦ | ૧૬૬૧ |
| ચણા પીળા | ૩૦૦ | ૧૨૧૧ | ૧૨૪૧ |
| ચણા સફેદ | ૭૦૦ | ૧૨૫૧ | ૧૮૫૧ |
| અડદ | ૫૦ | ૧૧૨૫ | ૧૮૨૧ |
| મગ | ૨૪૦ | ૧૧૦૦ | ૧૫૮૦ |
| વાલ દેશી | ૧૬ | ૬૮૦ | ૧૨૦૦ |
| ચોળી | ૯૦ | ૧૦૧૫ | ૧૬૨૦ |
| વટાણા | ૩૬૦ | ૫૬૦ | ૮૦૦ |
| રાજમા | ૩૫ | ૧૬૦૦ | ૨૧૫૧ |
| સીંગદાણા | ૨૨૦ | ૧૫૯૫ | ૨૧૪૪ |
| મગફળી જાડી | ૨૦૦ | ૧૩૬૦ | ૧૫૬૪ |
| મગફળી જીણી | ૮૦ | ૧૨૯૦ | ૧૫૧૦ |
| તલી | ૨૯૦ | ૨૧૮૦ | ૨૪૧૦ |
| એરંડા | ૫૦૦ | ૧૩૯૦ | ૧૪૩૦ |
| અજમો | ૪ | ૧૫૦૦ | ૨૯૫૦ |
| સોયાબીન | ૧૦ | ૧૧૨૫ | ૧૧૬૦ |
| સીંગફાડા | ૮૨૦ | ૧૩૯૫ | ૧૭૭૧ |
| કાળા તલ | ૪૦૦ | ૨૧૫૦ | ૩૩૫૦ |
| લસણ | ૭૨૦ | ૧૧૧૦ | ૨૫૭૦ |
| ધાણા | ૩૦ | ૨૭૨૫ | ૩૦૦૦ |
| ધાણી | ૫૦ | ૨૮૦૦ | ૩૦૭૫ |
| વરીયાળી | ૧૨ | ૧૩૯૦ | ૧૮૭૪ |
| જીરૂ | ૬૨૦ | ૩૫૬૦ | ૩૮૮૬ |
| રાય | ૩૦૦ | ૧૩૬૦ | ૧૮૮૫ |
| મેથી | ૩૦૦ | ૮૯૦ | ૧૭૮૦ |
| કલોંજી | ૧૩૫ | ૩૨૫૦ | ૩૫૫૦ |
| રાયડો | ૩૦૦ | ૧૨૬૦ | ૧૫૦૫ |
| રજકાનું બી | ૪૦ | ૭૨૦૦ | ૯૬૫૦ |

# કર્મચારી ભવિષ્યનિધિના પેન્શનરોના લઘુત્તમ પેન્શનમાં વધારો એ સમયની માંગ: હસુભાઈ દવે

## વધતી મોંઘવારી અને તબીબી ખર્ચ સામે રૂ.૧૦૦૦નું લઘુત્તમ પેન્શન અપર્યાપ્ત: હસુભાઈ દવે દ્વારા સમયાંતરે વધારો કરવા માંગ

**અબતક રાજકોટ**

ભારતીય મજદૂર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવે (ગુજરાત ગરિમા પદક-૨૦૨૬, સુરત) જણાવે છે કે, કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન હેઠળ પેન્શનરોને અપાતા માસિક રૂ. ૧૦૦૦ના લઘુત્તમ પેન્શનમાં લાંબા સમયથી કોઈ વધારો કરાયો નથી. હાલની વધતી જતી મોંઘવારી, તબીબી ખર્ચ અને દૈનિક જરૂરિયાતો સામે આ રકમ અત્યંત અપર્યાપ્ત છે.પોતાના જીવનના અસંખ્ય વર્ષો સંગઠિત ક્ષેત્રમાં સેવા આપનાર પેન્શનરો માટે આ રકમ જીવનનિર્વાહ માટે અપૂરતી છે. હરિયાણા સરકાર (રૂ. ૩૨૦૦), આંધ્રપ્રદેશ સરકાર (રૂ. ૪૦૦૦), રાજસ્થાન સરકાર (રૂ. ૧૩૭૦) તથા દિલ્હી સરકાર (મહિલાઓને રૂ. ૨૫૦૦) જેવી વિવિધ રાજ્ય સરકારો વૃદ્ધાવસ્થા પેન્શન તરીકે આનાથી વધુ રકમ ચૂકવી રહી છે. તેના કારણે ઈપીએફ પેન્શન મેળવનારા વરિષ્ઠ નાગરિકો આ રાજ્ય સરકારોની યોજનાઓનો લાભ પણ મેળવી શકતા નથી. પરિણામે તેમની વાસ્તવિક આર્થિક સ્થિતિ ઘણી કફોડી બની ગઈ છે.

દેશના વિકાસમાં યોગદાન આપનારા શ્રમિકો અને કર્મચારીઓને નિવૃત્તિ પછી સન્માનજનક જીવન પૂરું પાડવું એ સરકારની સામાજિક અને નૈતિક જવાબદારી છે. જેથી કેન્દ્ર સરકારે ઈપીએફ પેન્શનની સમીક્ષા કરી



વર્તમાન આર્થિક પરિસ્થિતિ અનુસાર તેમાં સમયાંતરે વધારો (ઈન્ડેક્સેસન) થાય તેવી કાયમી વ્યવસ્થા કરવી જોઈએ અને ઈપીએફ પેન્શનરોને વધુમાં વધુ પેન્શન આપી આર્થિક સુરક્ષા પૂરી પાડવી જોઈએ.

ભૂપેન્દ્રભાઈ પટેલ પહોંચ્યા કેનેડા

# જન્મભૂમિનું ઋણ ચૂકવવા ગુજરાતમાં રોકાણ કરવા મુખ્યમંત્રીનું આહવાન

## કેનેડાના અર્થતંત્રમાં ગુજરાતીઓનો મજબૂત સહકાર: સીએમ

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવભેર જણાવ્યું છે કે, જ્યાં પણ વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતીની આગવી ઓળખ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વનું ગુજરાત ડેલીગેશન યુ.એસ. પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કેનેડા પહોંચ્યું છે. ટોરેન્ટો એરપોર્ટ પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત સ્વાગત ગુજરાતી સમુદાયોના અગ્રણીઓ અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા થયું હતું.

મુખ્યમંત્રીએ સત્કાર સમારોહમાં ગુજરાતી સમુદાયો સાથે સંવાદ કરતા ગુજરાતની ભૂતકાળની સ્થિતિ અને હાલ દેશના ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ બેયની વિષદ છણાવટ કરતાં કહ્યું




કે, ૧૯૬૦માં મહારાષ્ટ્રથી અલગ રાજ્ય તરીકે ગુજરાત જુદું પડ્યું ત્યારે રોડ-રસ્તા, ગામડાઓમાં વીજળી, પાણી જેવી પાયાની સુવિધાઓ પણ પૂરતી ન હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાત એ પરિસ્થિતિમાંથી બહાર આવીને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ જણાવતા મુખ્યમંત્રી કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા મોટા લક્ષ્યો સાથે વિકાસનો જે વિચાર આપ્યો છે તેના જ પરિણામે આજે આખા ગુજરાતનું ડેવલપમેન્ટ ખૂબ સારી રીતે થઈ શક્યું છે.મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, દરેક ગુજરાતી ગૌરવ લઈ શકે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ ગુજરાતની ધરતીના એવા પુત્ર છે કે વડાપ્રધાન તરીકે જે જે દેશમાં ગયા ત્યાં તેમને સર્વોચ્ચ સન્માનથી સન્માનવામાં આવ્યા છે. ભારતના પાસપોર્ટની વેલ્યુ વધી છે અને ભારતીયો-ગુજરાતીઓ પ્રત્યે જોવાની સ્થિતિમાં પણ મોટો બદલાવ આવ્યો છે.તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસની ભૂમિકા ફેડરેશન ઓફ ગુજરાત-કેનેડાના પરિવારો સમક્ષ આપતા કહ્યું કે, ગુજરાત એટલે વિકાસ આ બેય શબ્દો પર્યાય બની ગયા છે. ગુજરાતમાં ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થયા છે. એટલું જ નહીં, વાયબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી વધુને વધુ ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં આવતું થયું છે.

મુખ્યમંત્રીએ કેનેડાના અર્થતંત્રમાં મળી રહેલા ગુજરાતીઓના મજબૂત સહયોગ અને સહકારની પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે

(અનુ. આઠમા પાને)

"પેઢીના નામ ભગવાનના કામ દાનવ જેવા"

# જલારામ અને જય સિયારામ ફરસાણમાંથી મકાઈના લોટમાંથી બનાવેલી ફરાળી પેટીસ પકડાઈ

**ઓમનગરમાં જય સિયારામ ફરસાણમાંથી મકાઈનો લોટ વાપરી બનાવેલી ૮૦ કિલો ફરાળી પેટીસ અને ખોડિયારપરામાં જલારામ ફરસાણમાં મકાઈના લોટથી નિર્મિત ૧૯ કિલો પેટીસનો નાશ કરાયો: રાજગરા, સાબુદાણા, સામો અને ફરાળી લોટના ૧૧ નમુના લેવાયા**

**અબતક, રાજકોટ**

પેઢીના નામ ભગવાનના નામ પરથી રાખવામાં આવે છે પરંતુ કામ દાનવને પણ શરમાવે તેવા કરાતા હોવાનો પર્દાફાશ થયો છે. ઓમનગર અને ખોડિયારપરામાં જય સીરાયામ ફરસામ અને જલારામ ફરસાણમાંથી મકાઈનો લોટ વાપરી બનાવવામાં આવેલી ૯૯ કિલો ફરાળી પેટીસનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરી દેવામાં આવ્યો હતો. ચેકિંગ દરમિયાન અલગ અલગ સ્થળેથી ફરાળી ચીજ વસ્તુઓના ૧૧ નમુના લેવામાં આવ્યા હતાં. જીજે-૩ ફેન્સી ઢોસા અને સબરસ રેસ્ટોરન્ટમાંથી ૨૭ કિલો અખાદ્ય જથ્થો પકડાયો હતો. જેનો નાશ કરી દેવામાં આવ્યો હતો.

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફુડ વિભાગની ટીમ દ્વારા શ્રાવણ માસ નિમિતે અલગ અલગ વિસ્તારોમાં ફરાળી ચીજવસ્તુઓ વહેંચતા વેપારીઓને ત્યાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત આજે ૪૫-૪૫ પેઢીઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ૪૦ ફૂટના રોડ સ્થિત ઓમનગર વિસ્તારમાં જય સીયારામ ફરસાણમાં ચેકિંગ દરમિયાન મકાઈના લોટનો ઉપયોગ કરી બનાવવામાં આવેલી ૮૦ કિલો ફરાળી પેટીસનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરવામાં આવ્યો હતો. ફરાળી તરીકે વપરાતા



૧૫ કિલો મકાઈના લોટનો પણ નાશ કરી રૂા. ૩૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જયારે આજી વસાહત પાસે ખોડિયારપરા શેરી નં. ૨૫ માં જલારામ ફરસાણમાં ચેકિંગ દરમિયાન મકાઈના લોટની ૧૯ કિલો પેટીસ મળી આવી હતી. જેનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે ૬૫ કિલો મકાઈના લોટનો પણ નાશ કરી ફરાળી ચેવડાનો નમુનો લેવાયો હતો. આ ઉપરાંત લક્ષ્મી ફરસાણ માર્ટમાંથી લુઝ ફરાળી પેટીસ, સિદ્ધિ વડાપાંઉ અને સમોસામાંથી ફરાળી પેટીસ, સહકાર નગર મેઈન રોડ સ્થિત જય સીયારામ ફરસાણમાંથી રાજગરો, સાબુદાણા, સામો, જલારામ ચોકમાં જય જલારામ ફરસાણમાંથી ફરાળી લોટ અને ફરાળી પેટીસ, જલીયાણ ફરસાણમાંથી ફરાળી પેટીસ, જય રામાપીર પેટીસમાંથી સિંગોળાનો ફરાળી લોટ અને ધારેશ્વર ફરસાણમાંથી લુઝ પેટીસનો નમુનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતાં.

વાવડી વિસ્તારમાં અલય ગાર્ડન સામે શિવપાર્કમાં જીજે-૩ ફેન્સી ઢોસા અને ચાઈનીઝમાંથી ૧૮ કિલો વાસી સબ્જી, નુડલ્સ, પનીરનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરી રૂા. ૫૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. માલધારી ફાટક પાસે સબરસ રેસ્ટોરન્ટમાં ૯ કિલો એક્સપાયર ડેટ વીતી ગયેલ ખાદ્ય સામગ્રીનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરી રૂા. ૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શ્રીજી રેસ્ટોરન્ટ, બજરંગ વડાપાઉ, જય બાલાજી નમકીન એન્ડ સ્વીટને

(અનુ. આઠમા પાને)

**જીજે-૩ ફેન્સી ઢોસા એન્ડ ચાઈનીઝમાં ૧૮ કિલો, સબરસ રેસ્ટોરન્ટમાં ૯ કિલો અખાદ્ય જથ્થાનો નાશ: ૪૫ પેઢીઓમાં ચેકિંગ, પાંચ પેઢીનો સ્ટોરેજ લાયસન્સ સંદર્ભે નોટિસ**

# કોમનવેલ્થ ગેમ્સ પહેલાં અમદાવાદને થ્રીડી ડિજિટલ મેપ સાથે ડેટાબેઝ તૈયાર કરાશે

## શહેરનો નકશો અને અંડરગ્રાઉન્ડ યુટિલિટીના સર્વેમાં ૨૫ લાખ મિલકતોને પણ સમાવી લેવાશે

**અબતક, રાજકોટ**

વિશ્વનાં નકશામાં અમદાવાદ શહેરનું નામ જાણીતું થશે તેવી કોમનવેલ્થ ગેમ્સના આયોજન પહેલાં સમગ્ર શહેરનો થ્રી ડી ડિજિટલ મેપ સાથે જીઆઈએસ ડેટાબેઝ તૈયાર કરવાના નિર્ણયના ભાગરૂપે ખાનગી કંપનીને ૨૪૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવનાર છે.

ઈ-ગવર્નન્સ અને મટિરિયલ પ્રોક્યોર કમિટીના ચેરમેન હિતેન્દ્રભાઈ પરમારે જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સના અનુસંધાને શહેરના વિકાસને સમતોલ બનાવવા માટે શહેરનો જીઆઈએસ ડેટાબેઝ તૈયાર કરવો આવશ્યક છે. જેમાં સમગ્ર શહેરનો થ્રીડી ડિજિટલ મેપ સાથે ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે જેમાં શહેરનો નકશો, જમીન, મિલકતો, પાણી ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઈનો વગેરે યુટિલિટી અંગેનો સર્વે કરવામાં આવશે અને ડેટા બનાવવામાં આવશે આ ઉપરાંત ૨૫ લાખ જેટલી મિલકતોનું જીઓ કોડિંગ કરવામાં આવશે.શહેરનો જીઆઈએસ સર્વે કરવા માટે જીનેસિસ ઈન્ટરનેશનલ કોર્પોરેશન

### મિલકતોના જીઓ કોડિંગની કામગીરી અઢી વર્ષમાં પૂરી થશે

ઈ-ગવર્નન્સ કમિટીના ચેરમેને વધુ માહિતી આપતાં કહ્યું કે, મ્યુનિ.ની હાલની કામગીરી જેમાં પ્રોપર્ટી ટેક્સ, ઓનલાઈન ફરિયાદો, વર્કશોપ, લીગલ, ઓડિટ, હોલ બુકિંગ, પાણી અને ડ્રેનેજની માહિતી વગેરે સાથે સંકલન થઈ શકશે. સમગ્ર અમદાવાદનું ડિજિટલ થ્રીડી મેપિંગથી સર્વે કરી અને ડેટાબેઝ બે તબક્કામાં તૈયાર કરવામાં આવશે જેમાં પ્રથમ તબક્કામાં નવ લાખ મિલકતો અને બીજા તબક્કામાં ૧૬ લાખ મિલકતોનું જીઓ કોડિંગ કરી અઢી વર્ષમાં સમગ્ર કામગીરી પૂર્ણ કરવામાં આવશે. પાંચ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ સાથેનો કોન્ટ્રાક્ટ કંપનીને આપવામાં આવ્યો છે.

લિમિટેડ નામની ખાનગી કંપનીને ૨૪૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય લેવાયો છે અને તેમાં આ કંપની સેટેલાઈટ તેમજ ડ્રોનની મદદથી રહેણાક અને કોમર્શિયલ તથા ઝુંપડપટ્ટી સહિતની મિલકતોથી માંડીને જમીનમાં રહેલી તમામ પ્રકારની યુટિલિટીનો સર્વે કરશે અને તેના આધારે બહુ ઉપયોગી થ્રી ડી ડિજિટલ મેપ અને ડેટાબેઝ તૈયાર કરાશે. આ ડેટાબેઝના આધારે શહેરીજનોને સંલગ્ન સેવાઓ પણ એક જ જગ્યાએ મળી રહેશે.શહેરના ૬૨૫ ચોરસ કિલોમીટરના એલિવેશન મોડેલ અને કન્ટેનર થ્રુ ઓર્થો ફોટો તૈયાર કરવામાં આવશે. શહેરમાં ૪૦ પ્રાથમિક અને ૨૦૦ ગૌણ સર્વે મોમેન્ટ ઊભા કરવામાં આવશે જેથી દરેક નકશો અને સર્વેની ચોકસાઈ વધશે વધુમાં અત્યાધુનિક વાન દ્વારા રોડ કોરિડોર સ્કેન તૈયાર કરવામાં આવશે અને પેનેરેમિક તસવીરો અને સ્ટ્રીટ વ્યૂ મળી રહેશે.

વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં વર્ષો જૂની પાણી અને ડ્રેનેજની લાઈન આવેલી છે. વર્ષો જૂનું ડ્રેનેજ અને પાણીનું નેટવર્ક હોવાના કારણે તેના કોઈ ચોક્કસ નકશા નથી ત્યારે ભૂગર્ભ યુટિલિટીનો પણ સર્વે કરવામાં આવશે, જેમાં પાણી, ગટર અને વરસાદી પાણી તેમજ કેબલના માહિતી આંગળીનાં ટેરવે ઉપલબ્ધ બનશે. આ સમગ્ર મેપ તૈયાર કરીને મ્યુનિ.નાં ડેટાબેઝમાં રાખવામાં આવશે અને દરેક વિભાગ તેને એક્સેસ કરી શકશે. દેશમાં માત્ર બે જ કંપની જીઆઈએસ આધારિત સર્વે કરે છે અને તે પૈકીની એક કંપનીને આ કોન્ટ્રાક્ટ અપાયો છે. કમિટી ચેરમેને જણાવ્યું હતું કે, શહેરની તમામ ૨૫ લાખ જેટલી મિલકતોનો પણ સર્વે કરવામાં આવશે જેમાં ખાસ તૈયાર કરાયેલી મોબાઈલ એપ દ્વારા દરેક મિલકતનું જીઓ કોડિંગ લગાવવામાં આવશે અને તેને ડિજિટલ આઈડી આપવામાં આવશે જેનાથી મ્યુનિ. ને ટેક્સ ગણતરી તેમજ વસૂલાતમાં ખૂબ જ રાહત મળશે આકારણીમાંથી બાકી રહી ગયેલી મિલકતો પણ મળી જશે અને તેના કારણે પ્રોપર્ટી ટેક્સમાં પણ વધારો થવાની સંભાવના છે.

"ઉડતા પંજાબ નહીં ગુજરાત"

# અબજોનું ડ્રગ્સ પકડવા છતાં ડ્રગ્સનો કાળો કારોબાર કેમ અટકતો નથી?

**જ્યારે કુરિયર પકડાય ત્યારે પોલીસને લીડ મળે છે, જ્યારે પોલીસે ચાલુ ટ્રાન્સપોર્ટેશન કે ડિલિવરી દરમિયાન ડ્રગ્સ પકડ્યું ત્યારે આરોપીઓની ધડપકડ પણ થઈ છે**

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં ડ્રગ્સ વિરુદ્ધ ચાલી રહેલી લડાઈમાં હવે અસલી ખતરો માલ પકડાવવાનો નથી, પણ 'માલ છે પણ માલિક નથી' તેવી રહસ્યમય સ્થિતિનો છે! કરોડોનું ડ્રગ્સ બિનવારસી મળી આવવાની આ નવી 'ડેડ ડ્રોપ' પદ્ધતિએ સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે.

જૂન મહિનામાં રાજ્યમાં જપ્ત

### કેમ ડ્રગ્સ માફીયાઓ પકડાતા નથી?

ડ્રગ્સ માફિયાઓ સોશિયલ મીડિયા અને કમ્યુનિકેશન એપનો ઉપયોગ કરીને એકબીજાને મળ્યા વગર ડીલ કરે છે.જેમાં સપ્લાયર ડ્રગ્સને કોઈ ચોક્કસ જગ્યાએ મૂકીને રહે અને બીજો વ્યક્તિ તેને ઉપાડી લે , જેનાથી સપ્લાયર, ટ્રાન્સપોર્ટર અને ખરીદનાર ક્યારેય સામે આવતા નથી. સહભાગીઓને એકબીજાથી સંપૂર્ણ અજાણ રાખીને નેટવર્ક ચલાવવામાં આવે છે જેથી પોલીસ પકડી ન શકે.

કરાયેલા કુલ ડ્રગ્સની કિંમતના અડધાથી વધુ હિસ્સો એવા કન્સાઈનમેન્ટ્સમાંથી મળ્યો છે જ્યાં ઘટનાસ્થળે કોઈ આરોપી હાજર નહોતો.જૂન મહિનામાં નારાયણ સરોવરમાંથી ૨૭.૩ કરોડનું , વાયર માંથી ૨૧.૪ લાખનું ,પોરબંદર હાર્બર મરીનમાંથી ૫.૬ લાખનું , વડોદરા રેલવેમાંથી ૫૭ લાખનું એવી રીતે કુલ ૨૮.૨ કરોડનું ડ્રગ્સ ઝડપાયું પરંતુ એમાં કોઈ પણ આરોપી પકડાયો નહોતો.મોટા પ્રમાણમાં ગાંજા અને પોસ ડોડાની હેરાફેરી હાઈવે અને ટ્રેનો દ્વારા થઈ રહી



છે. વડોદરા રેલવે, વલસાડ, આણંદ, સુરત અને ભચાઉમાં ૨.૪ કરોડ જપ્ત કરી ૧૨ લોકોની ધડપકડ કરાઈ હતી. બનાસકાંઠાના ધાનેરામાં ૫૯.૧ લાખ સાથે એક આરોપી ઝડપાયો હતો.

જ્યારે કુરિયર પકડાય છે, ત્યારે પોલીસને લીડ મળે છે. જૂનમાં જ્યારે પોલીસે ચાલુ ટ્રાન્સપોર્ટેશન કે ડિલિવરી દરમિયાન ડ્રગ્સ પકડ્યું ત્યારે આરોપીઓની ધડપકડ પણ થઈ છે. અમદાવાદ પોલીસે ૮૦૩.૮ ગ્રામ મેફેડ્રોન જપ્ત કરી ૫ લોકોની ધડપકડ કરી હતી.સુરતના સચિન અને ગુજરાત એટીએસ દ્વારા પણ મેફેડ્રોન સાથે આરોપીઓ ઝડપાયા હતા. નરોડા પોલીસ દ્વારા ૧૪.૨ કરોડ સાથે એક શખ્સની ધડપકડ કરવામાં આવી હતી.જો આરોપી, ફોન અથવા વાહન મળી આવે, તો પોલીસ સપ્લાય ચેઈન સુધી પહોંચી શકે છે.

જ્યારે ડ્રગ્સ સાથે કોઈ આરોપી પકડાય ત્યારે તેનો ફોન, કોલ ડેટા, વાહન કે રૂબરૂ પૂછપરછથી મોટા નેટવર્ક સુધી પહોંચવાના રસ્તા ખુલે છે. પરંતુ બિનવારસી માલ મળવાના કેસમાં પોલીસ પાસે માત્ર 'જથ્થો' હોય છે, કોઈ જીવતો પુરાવો કે આરોપી હોતો નથી. કાયદાકીય પ્રક્રિયામાં ગુનો સાબિત કરવા માટે આરોપી અને માલ વચ્ચેનો સીધો સંબંધ સ્થાપિત કરવો પડે છે. જો માલ રસ્તા પરથી બિનવારસી મળે, તો કાયદાકીય રીતે અસલી માલિકને સજા અપાવવી વકીલો અને તપાસકર્તાઓ માટે ખૂબ જ મુશ્કેલ બની જાય છે.

# સ્વાઈન ફ્લુ સામે સરકાર સજ્જ: દવા, ઓકિસજન અને વેન્ટિલેટરની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ રાખવા આદેશ

## ગાઈડલાઈન મુજબ દર્દીઓનાં સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારનું ચોકકસ પાલન કરવા આરોગ્ય મંત્રીની સુચા

**અબતક, રાજકોટ**

રાજયમાં સ્વાઈન ફ્લુની સંભવિત આક્રમણને ખાળવા સરકાર સજજ બની છે. દવાનો પુરતો જથ્થો ઓકિસજન અને વેન્ટીલેટરની પુરતી વ્યવસ્થા ઉપલબ્ધ રાખવા સુચના આપવામાં આવી છે. રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળા પર મેળવેલા સફળ નિયંત્રણ તેમજ સીઝનલ ફ્લૂ સામેની આગોતરી સજ્જતાની સમીક્ષા કરવા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજિત આ બેઠકમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડિન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય મંત્રીએ ચોમાસા દરમિયાન આરોગ્ય વિભાગના તમામ જિલ્લા આરોગ્ય તંત્રો દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ઝાડા-ઉલટી, ટાઈફોઈડ, કોલેરા, મલેરિયા, ચિકનગુનિયા, કમળો કે સામાન્ય



સીઝનલ ફ્લૂ જેવા રોગોમાં દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં ઝડપી અને શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી છે, તબીબો અને આરોગ્ય સ્ટાફ દ્વારા હોસ્પિટલોમાં આપવામાં આવતી નિષ્ઠાપૂર્વકની સેવાઓના પરિણામે જ ગુજરાતનું હેલ્થ મોડલ આજે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ અને નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

વધુમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાંથી એચવનએચવન (સીઝનલ ફ્લૂ)ના કેસો સામે આવી રહ્યા છે અને આ બંને શહેરોમાંથી ફ્લાઈટ્સ, ટ્રેન તથા બસ માર્ગે નાગરિકોનું ગુજરાતમાં સતત આવાગમન રહે છે. મંત્રીએ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં સ્વાઈનનો કોઈ ગંભીર ઉપદ્રવ નથી. દર્દીઓની હાલત સામાન્ય હોવાથી રાજ્યના નાગરિકોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી.

આરોગ્ય મંત્રીએ

(અનુ. આઠમા પાને)

